સ્થાનકવાસી :–

# જૈન ઇતિહાસ

સ્થાનકવાસી જૈન કાર્યાલય.

અમદાવાદ.

શ્રી

# સ્થાનકવાસી
# જૈન ઇતિહાસ.

લેખક :

શ્રી. કેસરીચંદજી ભંડારી (ઈંદોર).

પ્રકાશક :

શ્રી સ્થાનકવાસી જૈન કાર્યાલય

પંચભાઈની પોળ-અમદાવાદ.

કિંમત છ આના.

અનુવાદક અને પ્રકાશક :
જીવનલાલ છગનલાલ સંઘવી
સ્થા. જૈન કાર્યાલય-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૨૦૦
વિ. સં. ૧૯૯૪ વીર સં. ૨૪૬૪ ઈ. સ. ૧૯૩૮
કિમ્મત ૦-૬-૦.

મુદ્રકઃ રમણિકલાલ પિતામ્બરદાસ કોઠારી
ધી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ :
રતન પોળ : સાગરની ખડકી-અમદાવાદ.

# હિંદી આવૃત્તિની પ્રસ્તાવના.

સાધારણ રીતે જૈનધર્મ અને ખાસ કરીને શ્વેતાંબર (સાધુ માર્ગી) સ્થાનકવાસી જૈનોના સંબંધમાં આમ જનતામાં ઘણીજ ગેર સમજુતી ફેલાએલ માલુમ પડે છે. આ પુસ્તકમાં મેં જૈનધર્મની ત્રણ મુખ્ય શાખાઓના ઇતિહાસ પર દરેક પ્રકારનો પ્રકાશ નાખવાનો પ્રયત્ન કરેલ છે. પૂરેપૂરી ખાત્રીવાળી દલીલોથી મેં અહિં સાબિત કર્યું છે કે–સ્થાનકવાસી જૈનોજ શુદ્ધ અને અસલ જૈનધર્મના સાચા અને મૌલિક અનુયાયી ( followers છે. અને દિગંબર તથા શ્વે. મૂર્તિપૂજક જૈનો તો અસલ જૈનધર્મની વિકૃત થએલી શાખાઓજ છે.

આ પુસ્તકમાં મેં તદ્દન નિષ્પક્ષ ભાવથી આ વિષયની ચર્ચા કરી છે, તો પણ સંભવ છે કે–તેમ કરતાં અજાણપણે કોઈ એવી વાતો કહેવાઇ ગઈ હોય, જે બીજા સંપ્રદાયોની ભાવના દુઃખવવાવાળી હોય; કદાચ એમ થઇ ગયું હોય તો તે એક અનિવાર્યતા માત્ર છે–કારણ કે વિષયનું પ્રતિપાદન કરવામાં તેનો ખુલાસો કરવાની ખાસ જરૂર હતી. તેથી જે જે વાતો જે જે ભાવોમાં લખાએલ છે, તેજ ભાવમાં વાચક વર્ગ ગ્રહણ કરે.

આ પુસ્તકમાં સંતોષકારક પ્રમાણોથી મેં એ પણ સિદ્ધ કરી આપેલ છે કે–જૈન ધર્મ એ ઘણોજ પ્રાચીન (જુનો–અસલી) ધર્મ છે, એટલુંજ નહિ પણ જુના કહેવાતા એવા પ્રાચીન વેદ ધર્મથી પણ પ્રાચીન છે. મારા આ

આશ્ચર્યકારક ખુલાસાને ઘણા ભાઈઓ આનાકાની સાથે સ્વીકારશે, કારણ કે આટલો વખત તેઓ આ સંબંધમાં બીજુંજ કાંઇ માનતા આવ્યા છે; તો પણ મારા આ ખુલાસાની મજબુતાઇમાં મેં જે જે પ્રમાણો આપેલ છે તે એટલાં તો જોરદાર અને સત્ય છે કે, પાઠકો પોતેજ મારાં આ પ્રમાણોને બુદ્ધિપૂર્વક વિચાર કરી સત્ય માની લેશેજ.

આ પુસ્તકને નિષ્પક્ષપાતપણે વાંચ્યા પછી જો પાઠકોના દિલમાંથી જૈનધર્મ અને ખાસ કરીને સ્થાનકવાસી જૈનધર્મ સંબંધી જે મિથ્યા વિચારો હતા, તે દૂર થઈ જાય તો હું મારી જાતને એટલે દરજજે કૃતકૃત્ય માનીશ.

મારા વિદ્વાન્ અને માનનીય મિત્ર શ્રી K. B. Bidwai B.A. એ આ પુસ્તકમાં જે રસ લીધો છે અને મને જે પ્રકારે ઉત્સાહિત કરેલ છે, તે માટે હું તેઓશ્રીનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે. આ પુસ્તકની હસ્તલિખિત પ્રત વાંચીને તેઓશ્રીએ અનેક ઉપયોગી સૂચનાઓ કરેલ છે, હસ્તલિખિત પ્રતમાં જરૂરી સુધારાઓ કર્યા છે, અને પ્રુફ જોવામાં પણ બહુજ મહેનત લીધી છે. તેઓશ્રીની આ અપૂર્વ સહાયતાને માટે હું ખરા હૃદયથી તેમનો આભારી છું.

આ પુસ્તક લખવામાં અને છપાવવામાં મારે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. આશા છે કે, મારા સુજ્ઞ પાઠકો આ પુસ્તકની ભૂલચૂક માટે મને ક્ષમા કરશે.

—અન્વેશક.

# ગુજરાતી આવૃત્તિની પ્રસ્તાવના.

લગભગ ત્રણેક વર્ષ પહેલાં આ હિંદી પુસ્તકને ગુજરાતીમાં છપાવી મારા 'સ્થાનકવાસી જૈન' પેપરના ગ્રાહકોને ભેટ તરીકે આપવાનો વિચાર થયો હતો, પણ અમુક સંયોગોને લઈને તે વખતે તે કામ થઈ ન શક્યું. આજે આ "સ્થાનકવાસી જૈન ધર્મનો ઇતિહાસ" ગુજરાતીમાં છપાવી મારા ગ્રાહકોને ભેટ આપતાં અત્યંત આનંદ થાય છે.

આ પુસ્તક સને ૧૯૧૧ માં દેવાસવાળા શ્રીયુત કેસરીચંદજી ભંડારીએ અંગ્રેજીમાં "Notes on The Sthanakvasi Janis" ના નામથી છપાવી બહાર પાડ્યું હતું. ત્યારબાદ તેમના સુપુત્રોએ આ પુસ્તક હિંદીમાં બહાર પાડ્યું હતું. આ હિંદી પુસ્તક આજથી ત્રણ વર્ષ પહેલાં મારા વાંચવામાં આવ્યું, ત્યારથીજ તે પુસ્તકને ગુજરાતીમાં છપાવવાની મારી ઇચ્છા હતી.

મારી આ ઇચ્છા ભંડારીજીના સુપુત્રોએ પાર પાડી. ઈંદોરમાં તેઓનું 'સરદાર પ્રિન્ટીંગ પ્રેસ' છે. તેઓશ્રીની પાસે હિંદીમાંથી ગુજરાતી કરી આ પુસ્તક છાપવાની માગણી કરતાં, તેઓએ તરતજ તે મુજબ કરવાની મને રજા આપી. એટલુંજ નહિ, પણ ગુજરાતી ભાષાંતર તેમને મોકલતાં, તેઓએ પોતાના કિમતી વખતનો ભોગ આપી, તે ભાષાંતર જોઈ ગયા, અને સાથેજ પોતાનો અભિપ્રાય પણ મોકલ્યો કે–"ભાષાંતર બહુજ સારૂં થયું છે." આ પુસ્તક

ગુજરાતીમાં બહાર પડયું તેનો બધો યશ ભંડારીજીના સુપુત્રોનેજ ઘટે છે.

પુસ્તક પ્રકાશન સંબંધી આટલું વિવેચન કર્યા પછી, વાચક બંધુને બે શબ્દ કહેવા માગું છું. હિંદીની પ્રસ્તાવનામાં જે કાંઈ કહેવાનું હતું, તે ભંડારીજીએ કહી દીધું છે, તેમજ આવા નાના પુસ્તકને લાંબી પ્રસ્તાવનાની જરૂર પણ ન હોય. તેથી વધારે ન કહેતાં મારા સુજ્ઞ વાચકોને અહિં એટલુંજ કહું છું કે, આ પુસ્તકને પહેલેથી છેલ્લે સુધી બરાબર ધ્યાનપૂર્વક વાંચી જશો. કદાચ એક વખત વાંચવાથી તે બરાબર ન સમજાય, તો બીજી વખત, ત્રીજી વખત, એમ બે ચાર વખત વાંચી જવાથી ભંડારીજીએ આ પુસ્તકમાં શું કહ્યું છે, તે બરાબર સચોટ રીતે આપના મગજમાં બેસી જશે. અને ત્યારેજ આ પુસ્તકની ઉપયોગિતાની આપને વધારે ખાત્રી થશે.

આ પુસ્તક રતલામની ધાર્મિક પરીક્ષા બોર્ડમાં પાઠ્ય પુસ્તક તરીકે ચાલે છે. અત્યારે કાઠિયાવાડ-ગુજરાતની જૈન-શાળાઓ પણ આ બોર્ડમાં જોડાએલ છે. તે પરીક્ષામાં બેસનાર દરેક ગુજરાતી બાળ-બાળાને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઈ પડશે. રતલામની પરીક્ષામાં નહિ બેસનાર બાળ-બાળાઓને પણ આ પુસ્તક તેટલુંજ ઉપયોગી છે. તેમજ જૈનશાળાના દરેક વર્ગમાં આ પુસ્તક ચલાવવા જેવું છે, અને તે મુજબ ચલાવવાના વચનો પણ કાઠીયાવાડ-ગુજરાતની જૈન શાળાના સંચાલકો પાસેથી મળી ગયાં છે.

જૈન શાળામાં અભ્યાસ તરીકે ચલાવવા ઉપરાંત, આ પુસ્તક દરેક જૈન શાળામાં તેમજ ધાર્મિક ઉત્સવો પ્રસંગે ઇનામ તરીકે પણ ખાસ વહેંચી શકાય તેવું છે. કારણ કે એક તો તે સ્વધર્મના મક્કમ સિદ્ધાંત રજુ કરતું હોવાથી અતિ ઉપયોગી પુસ્તક છે, કિમ્મતમાં પણ સસ્તું છે, તેમજ તેની ભાષા સાદી અને સરળ હોવાથી સામાન્ય જન સમુહ સ્હેલાઈથી તે વાંચી સમજી શકે તેમ છે.

પુસ્તકને અંતે 'જૈન વિદ્યાર્થીઓની ફરજો' નામનો વિષય ઉમેરવામાં આવ્યો છે તેમજ કેટલીક વધારાની જરૂરી નોટ્સ મૂકવામાં આવી છે.

આખાયે પુસ્તકના વાંચન પછી, જો સ્થા. સમાજની ધર્મશ્રદ્ધા દૃઢ થશે, ઉગતી જૈન પ્રજા સંસ્કારની પ્રેરણા પામશે, અને ઉદાર સખી ગૃહસ્થો આવાં પુસ્તકોનો બહોળો પ્રચાર કરી જનહિત–સાધનાના કાર્યમાં નિમિત્તભૂત બનશે, તો લેખક, પ્રકાશક, પ્રચારક અને વાચકનો શ્રમ સફળ થશે. કિં બહૂના !

—પ્રકાશક.

ધૂળેટી : ૧૯૯૪.

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ ૧ લું | જૈનધર્મની પ્રાચીનતા | પૃષ્ઠ | ૧ |
| પ્રકરણ ૨ જું | દિગંબર | પૃષ્ઠ | ૨૭ |
| પ્રકરણ ૩ જું | શ્વેતાંબર મૂર્તિપૂજક | પૃષ્ઠ | ૫૭ |
| પ્રકરણ ૪ થું | શ્વેતાંબર સ્થાનકવાસી | પૃષ્ઠ | ૭૬ |

# સ્થાનકવાસી
# જૈન ઇતિહાસ

## પ્રકરણ ૧ લું.

## જૈન ધર્મની પ્રાચીનતા.

જૈનધર્મના મૂળ પ્રચારકો ક્ષત્રિય હતા.

ક્ષત્રિઓએ પોતાની શૂરવીરતાને લીધે જગતના ઈતિહાસોમાં મોટું નામ કાઢયું છે, પણ એટલેથીજ બસ નહિ થતાં, જે ધર્મ આપણને ( કષાય ) આત્મા પર વિજય મેળવતાં શિખવે છે, તે ધર્મના પ્રચારક બનીને તેથી પણ વધારે નામ કાઢયું છે-યશ મેળવ્યો છે. કેમકે પ્રબળ શત્રુઓની સેનાને જીતવા કરતાં ( કષાય ) આત્મા પર વિજય મેળવવો વધારે મુશ્કેલ છે.

આ પ્રસિદ્ધ, શ્રેષ્ઠ અને યશસ્વી ક્ષત્રિય જાતિએ શ્રી ઋષભદેવથી લઈને શ્રી મહાવીર પ્રભુ સુધીના ચોવીશે જૈન તીર્થંકરોને જન્મ આપ્યો છે. આ મહાત્માઓએ આ અસાર સંસારના ક્ષણિક સુખ અને સંપત્તિને લાત મારીને સાધુઓનું અત્યંત સરળ અને સંયમવાળું જીવન પસંદ કર્યું, અને સંસાર ભરમાં " અહિંસા પરમો ધર્મ: " નામના સર્વ શ્રેષ્ઠ સિદ્ધાંતનો પ્રચાર કર્યો.

આ શૂરવીરોએ શિકાર, બલિદાન કે બીજા કોઈપણ કામ માટે કોઈ પણ જીવનો જાન લેવાનો નિષેધ બહુજ

જોર પૂર્વક કરીને, બિચારા મુંગા પશુઓનું રક્ષણ કર્યું, અને સર્વ સ્થળે સુખ–શાંતિ સ્થાપી.

મનુષ્યને જે સદ્‌ગુણો ખરેખરી રીતે શ્રેષ્ઠ બનાવે છે તે સદ્‌ગુણો–આત્મ ત્યાગ, ઉદારતા, સત્ય–પ્રેમ અને એવાજ બીજા અનેક સદ્‌ગુણોને માટે ક્ષત્રિય લોકો ઘણા જુના વખતથી પ્રસિદ્ધજ હતા. યુદ્ધના મુશ્કેલીવાળા વખતમાં પણ તેઓએ સચ્ચરિત્રતા, ધીરતા, આત્મ–નિરોધ અને કર્તવ્ય પરાયણતાનાં એવાં એવાં કામો કરેલ છે કે, જેને લઈને તેમનાં સંતાનો આજે પણ તેમનાં શુભ નામોનું સ્મરણ બહુજ આદર અને સન્માનથી કરે છે.

આ નર–રત્નો કે જેમનામાં અસલી શ્રેષ્ઠતા અને મહા-નતા ભરી પડી હતી, તેઓએજ જૈન તીર્થંકરો જેવા પવિત્ર આત્માઓને જન્મ દીધો. આ તીર્થંકરોએ અસંખ્ય જીવોના જાન બચાવ્યા, અને એક એવા મહાન્ ધર્મનો પ્રચાર કર્યો કે જે ધર્મના ગુણગાન મુંગા જાનવરો પણ પોતાની મૌન ભાષામાં નિરંતર કર્યા કરે છે.

## જૈન ધર્મના વિષયમાં ભ્રમ.

જે ધર્મનો પ્રચાર આવા શૂરવીર ક્ષત્રિઓએ કર્યો, જે ધર્મમાં ઉત્તમોત્તમ સિદ્ધાન્તો ભર્યા પડયા છે, જે ધર્મે મનુષ્ય જાતિ માત્રનું અનહદ કલ્યાણ કર્યું છે; જે ધર્મમાં એવી એવી ખૂબીઓ મોજુદ પડેલી છે કે, જે ખૂબીઓની સામે આજકાલની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધખોળો તોતડી

બોલી જેવી લાગે છે.* અને જે ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે, તે ધર્મના સંબંધમાં યુરોપીઅન અને બીજા વિદ્વાનોએ જે જે મોટી મોટી ભૂલો કરેલી છે, તે જોઈને ખરેખર ખેદ થાય છે. આનું કારણ એટલુંજ છે કે, જૈનોએ–આપણે આ બાબતમાં બહુજ ઉપેક્ષાવૃત્તિ–ઉદાસીન ભાવ રાખ્યો.

કોઈ વિદ્વાનોએ જૈન ધર્મને નાસ્તિક મત હોવાનો દોષ લગાડ્યો, કોઈએ જૈનધર્મને બૌદ્ધ ધર્મની શાખા માની, કોઇ લોકોએ જૈન ધર્મ ઉપર દર્શન–શાસ્ત્ર રહિત હોવાનું કલંક મૂક્યું, કોઈ લોકોએ એમ પણ કહી નાખ્યું કે–જૈન ધર્મની ઉત્પત્તિ શંકરાચાર્ય પછી થઈ છે, વળી કોઇ કોઈ લોકોએ તો ત્યાં સુધી કહેવાનું સાહસ કર્યું કે–શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર તો કલ્પિત પુરુષો છે અને જૈન ધર્મના અસલી સ્થાપનાર તો ગૌતમબુદ્ધ છે.

યુરોપીઅન વિદ્વાનોની સાથે પૂર્વના વિદ્વાનોને પણ આપણી પ્રાચીનતા, આપણાં સિદ્ધાન્ત અને આપણાં દર્શન–શાસ્ત્ર ( Philosophy ) ની બાબતમાં બહુજ મોટો ભ્રમ ફેલાઈ ગયો છે. આપણી સમાજના આભૂષણ જેવા આપણા જૈન વિદ્વાનોએ આ અપમાન બહુજ લાંબો વખત સહન કર્યું, અને આ વિદ્વાનોની ભૂલો સુધારવાનો પ્રયત્નજ ન કર્યો, તે એક બહુ ખેદની વાત છે.

---

* વનસ્પતિમાં જીવ હોવાની જે વાત આજથી ૨૫ વર્ષ પહેલાં વિજ્ઞાનથી સર જગદીશચંદ્ર બોઝે શોધી કાઢી, તે વાત આજથી હજારો વર્ષ પહેલાં જૈનના તીર્થંકરો કહી ગયા છે. એટલે વિજ્ઞાનની આ નવી શોધ જૈન મતથી તો મામુલીજ છે.

લેથબ્રિજ, એલફિસ્ટન, વેબર, બાર્થ આદિ વિદ્વાનોએ જૈન ધર્મની ઉત્પત્તિ બૌદ્ધધર્મથી માની છે. આ ઉપરથી એમ કહી શકાય કે–આ પ્રોફેસરોને જૈન, હિંદુ, કે બૌદ્ધ શાસ્ત્રનું જ્ઞાનજ ન હતું. આવીજ રીતે જે વિદ્વાનો, જૈનધર્મને વિશેષ પ્રાચીન હિંદુ ધર્મની શાખા માને છે, તે વિદ્વાનો પણ હિંદુ અને જૈનશાસ્ત્રો સંબંધીની તેમની અજ્ઞાનતાજ જાહેર કરે છે.

## આ ભ્રમના કારણ:—

આર્ય ભાષાઓનું જ્ઞાન રાખવાવાળા કેટલાક વિદ્વાનોએ જૈનધર્મને બૌદ્ધધર્મની શાખા ફક્ત એટલા ઉપરથી જ માની લીધી કે–આ બન્ને ધર્મોના કેટલાક સિદ્ધાન્તો અરસપરસ મળતાં છે, પરંતુ હવે બૌદ્ધશાસ્ત્રોમાં જ એવાં પ્રમાણો મળે છે કે–જે પ્રમાણોથી ઉપરના વિદ્વાનોનો ઉપરનો મત જુઠો–કલ્પિત ઠરે છે. આજ કારણથી કોઈ વિદ્વાનોએ જૈન ધર્મને હિંદુ ધર્મની શાખા માની છે.

ખરેખર, આ બધા વિદ્વાનોએ આ વિષયમાં બહુજ ભારે ભૂલો કરી છે. પોતાના ખોટા વિચારોના ટેકામાં, નથી તો તેઓએ કોઈ સંતોષકારક પ્રમાણો આપ્યાં, કે નથી તો તેઓએ બતાવ્યું કે–હિન્દુ કે બૌદ્ધ ધર્મમાંથી જૈનધર્મની ઉત્પત્તિ કેમ, ક્યારે અને કેવી રીતે થઈ? મને તો એમ લાગે છે કે–આ વિદ્વાનોએ જૈન, હિન્દુ, કે બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તોનું વાંચન જેવું જોઈએ તેવી રીતે કર્યું જ ન હોતું. તેઓએ આ ધર્મના વિષયમાં ફક્ત ઉપરચોટીયું જ્ઞાન પ્રાપ્ત

કરીને પોત-પોતાનો અભિપ્રાય આપી દીધો. તેઓએ પોતાના અભિપ્રાયનો પાયો ખોટા વિચારો પર નાખ્યો, અને તેથી જે પરિણામ આવ્યું તે જુઠું જ હતું.

જર્મનીના હરમન જેકૉબી નામના પ્રસિદ્ધ વિદ્વાને જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તોની બહુજ બારીકાઈથી તપાસ કરી, અને તેના પરિણામે આ પ્રોફેસરે અકાટ્ય પ્રમાણોથી એ સિદ્ધ કરી બતાવ્યું કે-જૈન ધર્મની ઉત્પત્તિ, નથી તો મહાવીરના વખતમાં (ઈ. સ. પૂર્વે ૫૨૭-૪૫૫) થઇ, કે નથી તો પાર્શ્વનાથના વખતમાં (ઈ. સ. પૂર્વે ૮૭૭-૭૭૭) થઈ; પરન્તુ તેનાથી પણ ઘણા જુના વખત પહેલાં હિંદમાં જૈનધર્મ પોતાનું અસ્તિત્વ હોવાનો દાવો ધરાવે છે.

## જૈન ધર્મની પ્રાચીનતા.

જૈનધર્મની પ્રાચીનતા સંબંધમાં હવે હું ટુંકમાં વિચાર કરીશ.

## જૈન ધર્મની ઉત્પત્તિ શંકરાચાર્ય પછી નથી થઈ.

હું અહિં નીચે આ બાબતના પ્રમાણો આપી સિદ્ધ કરીશ કે જૈનધર્મની ઉત્પત્તિ શંકરાચાર્ય પછી નથી થઈ.

(૧) માધવ અને આનંદગિરીએ પોતાના બનાવેલ "શંકર દિગ્વિજય" નામે ગ્રંથમાં અને સદાનંદે પોતાના "શંકર વિજય સાર" નામે ગ્રંથમાં લખ્યું છે કે-શંકરાચાર્યે અનેક સ્થાનો પર જૈન પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો.

જો જૈનધર્મની ઉત્પત્તિ શંકરાચાર્ય પછી થઈ હોત તો આ શાસ્ત્રાર્થ કરવાની વાત કદી બની શકત નહિ.

(૨) શંકરાચાર્યે પોતે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે–જૈનધર્મ બહુજ જુનો ધર્મ છે, કેમકે શંકરાચાર્યે વેદવ્યાસના વેદાન્ત સૂત્રો પર જે ભાષ્ય બનાવ્યું છે, તે ભાષ્યના ૨ જા અધ્યાયના ૨ જા પદના ૩૩ થી ૩૬ સુધીના શ્લોકો જૈન-ધર્મના વિષયમાં છે.

આવાં અકાટય અને સરસ પ્રમાણોની હાજરીમાં કોઇ-પણ સમજદાર માણસ એમ કહેવાની હિમ્મત ન જ કરી શકે કે–જૈનધર્મની ઉત્પત્તિ શંકરાચાર્યના વખતમાં અથવા તેમની પછી થઇ છે.

## જૈનધર્મ બૌદ્ધધર્મની શાખા નથી.

આવીજ રીતે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા નથી, પરંતુ તે બૌદ્ધધર્મથી બહુજ પ્રાચીન ધર્મ છે. બૌદ્ધોના ધર્મશાસ્ત્રોમાં જૈનોનાં અને જૈન સિદ્ધાંતોના જે ઉલ્લેખો ( હકીકતો ) મળે છે, તે પરથી પ્રોફેસર જેકૉબીએ તે હવાલા જૈન સૂત્રોની ભૂમિકામાં અનેક સ્થાનો પર આપી, હોશિયારી-પૂર્વક સિદ્ધ કરી બતાવ્યું છે કે–જૈનધર્મ એ બૌદ્ધધર્મ કરતાં પ્રાચીન છે. પ્રોફેસર જેકૉબીની દલીલોનો સાર નીચે મુજબ છે:—

(૧) "અનુગુત્તર નિકાય" નામના બૌદ્ધ સૂત્રના ૩ જા અધ્યાયમાં ૭૪ મા શ્લોકમાં વૈશાલીના એક વિદ્વાન્ રાજકુમાર અભયે, નિર્ગ્રંથો અથવા જૈનોનાં કર્મ સિદ્ધાંતનુ વર્ણન કયુ છે.

(૨) "મહાવગ્ગ" ના છઠ્ઠા અધ્યાયમાં લખ્યું છે કે–મહાવીરના સિંહ નામના શ્રાવકે બુદ્ધદેવની મુલાકાત કરી હતી.

(૩) "મજ્ઝિમ નિકાય" માં લખ્યું છે કે–મહાવીરના ઉપાલી નામના શ્રાવકે બુદ્ધદેવની સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો.

(૪) "અનુંગુત્તર નિકાય" માં જૈન શ્રાવકોની હકીકત મળે છે, અને જૈન શ્રાવકોના ધાર્મિક આચાર–વિચારનું વર્ણન વિસ્તાર પૂર્વક મળે છે.

(૫) "સમન્ન ફલ" નામે બૌદ્ધ સૂત્રમાં બૌદ્ધોએ એક ભૂલ કરી છે. તેઓએ લખ્યું છે કે–મહાવીરે જૈનધર્મમાં ચાર મહાવ્રતોનો ઉપદેશ કર્યો, પરંતુ આ ચાર મહાવ્રત * મહાવીરથી ૨૫૦ વર્ષ પહેલાં થઈ ગએલ પાર્શ્વનાથ પ્રભુના વખતમાં હતાં. આ ભૂલ બહુજ ઉપયોગી છે કેમકે તે ભૂલથી આપણા ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનની એ વાત સિદ્ધ થઈ જાય છે કે–૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના અનુયાયીઓ મહાવીર પ્રભુના વખતમાં મોજુદ હતા.

(૬) બૌદ્ધોનાં કેટલાંએ સૂત્રોમાં અનેક જગાએ, બૌદ્ધોએ જૈનોને પોતાના હરીફ માન્યા છે; પરંતુ કોઈપણ જગાએ જૈનધર્મને બૌદ્ધધર્મની શાખા, કે જૈન એ નવો ધર્મ છે એમ લખ્યું નથી.

(૭) મંખલી પુત્ર ગોશાળો મહાવીરનો શિષ્ય હતો,

---

* આ વાત જૈન સાધુઓના મહાવ્રત સંબંધી છે. પાર્શ્વનાથ ભગવાનના વખતમાં સાધુઓને ચાર મહાવ્રત હતાં–(૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) અપરિગ્રહ. પાર્શ્વનાથ ભગવાનના ચાર મહાવ્રતોમાં બ્રહ્મચર્ય નામે એક મહાવ્રત વધારીને મહાવીર પ્રભુના વખતથી પાંચ મહાવ્રત થયાં. મહાવીર પ્રભુ પહેલાં બ્રહ્મચર્ય વ્રત, ચોથા અપરિગ્રહ વ્રતમાં આવી જતું હતું.

પરંતુ પાછળથી તે પાખંડી-ધર્મદ્રોહી થઈ ગયો હતો. આ ગોશાળા અને તેના સિદ્ધાંતો વિષે બૌદ્ધધર્મના સૂત્રોમાં અનેક જગાએ ઉલ્લેખ મળે છે.

(૮) બૌદ્ધોએ મહાવીરના શિષ્ય સુધર્મા સ્વામીના ગોત્ર અને મહાવીરના નિર્વાણુ સ્થાનનો પણુ ઉલ્લેખ કર્યો છે.

પ્રોફેસર જેકૅાબીએ જૈનધર્મની પ્રાચીનતા બાબત જે જે પ્રમાણો આપ્યાં છે તેમાંથી ફક્ત થોડાંજ પ્રમાણોનો ઉલ્લેખ ઉપર કરેલ છે. આ પ્રમાણોથી ચોક્કસ સાબિત થાય છે કે-જૈનધર્મ એ બૌદ્ધધર્મની શાખા નથી, પણુ બૌદ્ધધર્મથી બહુજ પ્રાચીન ધર્મ છે.

હવે હું એ બતાવીશ કે-હિન્દુઓના શાસ્ત્રો ઉપરની વાત બાબતમાં શું કહે છે. હિન્દુ શાસ્ત્રોમાં જૈનધર્મને બૌદ્ધ-ધર્મની શાખા હોવાનું કયાંય પણુ બતાવ્યું નથી. હિન્દુ શાસ્ત્રોમાં દરેક જગાએ આ બન્ને ધર્મોને અલગ અલગ અને એક બીજાથી સ્વતંત્ર બતાવેલ છે. આ બાબતના અનેક પ્રમાણુ હિંદુ શાસ્ત્રમાંથી દઇ શકાય તેમ છે, પરંતુ એ નક્કી છે કે ઉપર આપેલાં બૌદ્ધ શાસ્ત્રોનાં પ્રમાણો જેટલાં અગત્યનાં છે, તેટલાં હિન્દુ શાસ્ત્રોનાં નથી. એટલા માટે હું અહિં હિન્દુ શાસ્ત્રોનાં પ્રમાણો દેતો નથી.

અહિં પ્રસંગવશાત્ જૈન ગ્રંથોમાં બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ બાબત શું લખ્યું છે, તે આપણે જરા જોઇએ, તો ખોટું નથી.

બૌદ્ધ ધર્મના સ્થાપનાર એક જૈન સાધુ હતા. શ્વેતાં-બર મૂર્તિપૂજક દેવનંદ આચાર્યે વિ. સં. ૯૯૦ માં "દર્શન સાર" નામે એક ગ્રંથ ઉજ્જૈન (માળવા) માં લખ્યો છે; તે

ગ્રંથમાં લખ્યું છે કે–પિહિતાશ્રવ નામે જૈન સાધુને બુદ્ધ-કીર્તિ નામે એક વિદ્વાન શિષ્ય હતો. આ બુદ્ધ કીર્તિએ બૌદ્ધ ધર્મની સ્થાપના કરી હતી. જે વખતે બુદ્ધકીર્તિ પલાશ નગ-રમાં સર્યુ નદીને કિનારે તપસ્યા કરી રહ્યા હતા, તે વખતે તેણે એક મરેલી માછલીને પાણી ઉપર તરતી જોઈ. તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે–આ મરેલી માછલીને ખાવામાં હિંસા ન લાગી શકે, કેમકે તે તો જીવ રહિત છે. તેણે તર-તજ તપસ્યા છોડી દીધી અને પોતાનામાં અને જૈન સાધુ-ઓમાં ભિન્નતા બતાવવા માટે ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં, અને એક નવા ધર્મનો પ્રચાર કર્યો, કે જે ધર્મ તેના નામ ઉપ-રથી બૌદ્ધ ધર્મ કહેવાયો. એક જૈન "પટ્ટાવલી" ના કહેવા મુજબ પિહિતાશ્રવ પાર્શ્વનાથ પ્રભુના અનુયાયી હતા, અને મહાવીરના વખતમાં વિદ્યમાન હતા. બુદ્ધ કીર્તિ પિહિતાશ્રવના શિષ્ય હતા, જેથી મહાવીરના વખતમાં વિદ્યમાન હોય તે બનવા જોગ છે. આ ઉપરથી એમ કહેવા માગીએ તો કહી શકાય કે–બૌદ્ધધર્મના મૂળ સ્થાપનાર એક જૈન સાધુ હતા. આ વાતની મજબુતી કરનાર બીજા વધારે પ્રમાણો મળતાં નહિ હોવાથી સંભવ છે કે–કોઇ વિદ્વાનો આ કથાની સત્યતા બાબત શંકા કરે. પરંતુ તેથી પણ બૌદ્ધધર્મ કરતાં જૈન ધર્મ વધારે જુનો છે, તે વાતને કોઇ અડચણ આવતી નથી.*

* જૈન ધર્મના સાધુ બુદ્ધકીર્તિએજ બૌદ્ધધર્મ સ્થાપ્યો છે, એમ અમારૂં કહેવું નથી. અમે તો અહિં જૈન ગ્રંથોમાં આ બાબત શું લખ્યું છે, તેજ ફક્ત અહિં બતાવ્યું છે. આ કથા કદાચ ખોટી હોય તો પણ ઉપર આપેલ અનેક પ્રમાણોથી અમે સાબિત કર્યું છે કે–બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મ પ્રાચીન છે.

## જૈનધર્મ હિન્દુ ધર્મથી પ્રાચીન છે.

કોઇ વિદ્વાનોનો એવો મત છે કે–જૈન એ હિન્દુ ધર્મની શાખા છે, અને જૈનના મૂળ સ્થાપનાર પાર્શ્વનાથ ( ઇ. સ. પૂર્વે ૮૭૭–૭૭૭ ) છે. આ કલ્પના પણ આધાર વગરની જ છે. અમુક સિદ્ધાન્તો સરખા છે તેથી જેમ લૈસેન, બાર્થ, વેબર વગેરે વિદ્વાનોએ જૈનધર્મને બૌદ્ધધર્મની શાખા માની લીધી હતી તેવીજ રીતે બુહલર અને જેકૉબીની માન્યતા હતી કે જૈનધર્મ એ હિન્દુ ધર્મની શાખા છે, પરન્તુ ફક્ત સિદ્ધાંતોનું સરખાપણું એ કાંઇ તેઓની માન્યતાને સિદ્ધ કરી શકે નહિ. તેમજ વળી કેટલીએ જરૂરી બાબતોમાં જૈન અને હિન્દુ ધર્મના તત્ત્વોમાં ઘણો ફેર છે–આ પ્રોફેસરોએ જૈન અને હિન્દુ સિદ્ધાન્તોને સરખા માની લીધાં, આ ઉપરથી ખાત્રી થાય છે કે–તેઓને આ બન્ને ધર્મનું ફક્ત ઉપર ચોટીયું જ્ઞાનજ હતું. સાચી વાત તો એ છે કે, જૈનધર્મ એ હિન્દુ ધર્મ કરતાં ઘણોજ પ્રાચીન ધર્મ છે, અને આ વાતના અનેક પ્રમાણો હું નીચે આપું છું:—

## જૈનધર્મ રામચંદ્રજીના વખતમાં હતો.

(૧) હિન્દુ પુરાણોમાં "યોગ વાસિષ્ઠ" અને બીજા અનેક ગ્રંથોમાં જૈન ધર્મ સંબંધી હકીકત અનેક જગ્યાએ આવે છે.

મહાભારતના આદિ પર્વના ૩ જા અધ્યાયમાં શ્લોક ૨૩ થી ૨૬ માં એક જૈન મુનિની હકીકત આપી છે. શાંતિ-પર્વ ( મોક્ષધર્મ અધ્યાય ૨૩૯ શ્લોક ૬ ) માં જૈનોની પ્રસિદ્ધ 'સપ્તભંગીનય'નું વર્ણન કરેલ છે.

રામાયણુમાં પણ જૈન સાધુઓના ઉલ્લેખ મળે છે. એમ કહેવાય છે કે, મહાભારત ઇ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાં બનેલ છે, અને શ્રી રામચંદ્રજી, મહાભારત પહેલાં ૧૦૦૦ વર્ષે વિદ્યમાન હતા. આ ઉપરથી ખાત્રી પૂર્વક એમ કહી શકાય કે, જૈનધર્મ રામચંદ્રજી જેટલો પ્રાચીન તો છેજ.

## જનધર્મ પાણિનીથી પણ ઘણા વખત પહેલાંનો છે.

(૨) પ્રસિદ્ધ વ્યાકરણુશાસ્ત્રી પાણિનીએ પોતાના બનાવેલ "અષ્ટાધ્યાયી" નામે ગ્રંથમાં, શાકટાયનનો હવાલો અનેક જગાએ દીધો છે. આ શાકટાયન એક જૈન વ્યાકરણ-શાસ્ત્રી હતા, કે જે પાણિની પહેલાં ઘણે વખતે થએલ છે. શાકટાયનનું નામ "ઋગ્વેદની પ્રતિ–શાખ્યોમાં." "યજુર્વેદ" માં અને યાસ્કના "નિરૂકત"માં આવેલ છે. કોઈ વિદ્વાનોનો મત છે કે, પાણિની ઈ. સ. પૂર્વે ૮૦૦ વર્ષે વિદ્યમાન હતા, અને કોઈ વિદ્વાન, પાણિનીનો સમય ઈ. સ. પૂર્વે ૨૦૦૦ નો કહે છે. પાણિની પહેલાં કેટલીએ સદી ઉપર યાસ્ક થઈ ગએલ છે. રામચંદ્ર ઘોષે પોતાના બનાવેલ "Peep into the Vedic Age નામના પુસ્તકમાં લખ્યું છે કે, યાસ્કે બનાવેલ "નિરુક્ત" ગ્રંથને હું બહુજ જુનો સમજું છું. આ ગ્રંથ વેદોને છોડીને સંસ્કૃતનાં જુનાં સાહિત્યની સાથે સંબંધ રાખે છે.

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે–યાસ્કથી પણ ઘણા વખત પહેલાં જૈન ધર્મ હતો જ.

(૩) કેટલાએ "બ્રહ્મસૂત્રો"માં પણ જૈનધર્મનો ઉલ્લેખ મળે છે. દાખલા તરીકે–"એતરેય બ્રહ્મ" નામે ગ્રંથમાં

લખ્યું છે કે, કેટલાક યતિઓને ગીધડાં પાસે ફેંકી દેવામાં આવ્યા હતા અને આવી રીતે તેમના પ્રત્યે ખરાબ વર્તણુક ચલાવવામાં આવી હતી.

(૪) ડૉકટર રાજેન્દ્રલાલ મિત્રે "યોગ સૂત્રની ભૂમિકા" નામે ગ્રંથમાં લખ્યું છે કે, "સામવેદ"માં એક એવા યતિનું વર્ણન આવે છે કે જે યતિ બલિદાન દેવાના કાર્યને ખરાબ સમજતો હતો.

(૫) " **ॐ पवित्रं नग्नमुपवि ( ई ) प्रसामहे येषां नग्न ( नग्नये ) जातिर्येषां वीरा ॥**"

(૬) આ સિવાય આ વેદોમાંજ જૈનોના પહેલા અને બાવીશમા તીર્થંકર ઋષભદેવ અને અરિષ્ટનેમિના નામો આવેલ છે:—

( क ) "**ॐ नमोऽर्हन्तो ऋषभो ॐ ऋषभं पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतं वारं शत्रुंजयं तं पशुरिंद्रमाहुरिति स्वाहा**" અધ્યાય ૨૫ મો, મંત્ર ૧૯ મો.

( **ख** ) **ॐ रक्ष रक्ष अरिष्टनेमि स्वाहा । वामदेव शान्त्यर्थमुपविधीयते सोऽस्माकं अरिष्टनेमि स्वाहाः ॥**

(૭) "**ऋग्वेद**" બધા વેદોથી પ્રાચીન છે. તેના ૧ લા અષ્ટક, ૬ ઠા અધ્યાયના ૧૬મા વર્ગમાં ૨૨ મા તીર્થંકર અરિષ્ટનેમિનું નામ આવ્યું છે.

"**ॐ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्तिनः पूषा विश्ववेदाः स्वस्तिनस्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्ति नो ब्रहस्पतिर्दधातु ।**"

(૮) વેદવ્યાસના "બ્રહ્મસૂત્ર" ના ૨ જા અધ્યાયના

૨ જા પદના સૂત્ર ૩૩ થી ૩૬ માં જૈનોના સ્યાદ્‌વાદ ન્યાયનો ઉલ્લેખ આવે છે.

( સૂત્ર ૩૩ ) **नैकस्मिन्नसंभवात्**—" એકજ વસ્તુમાં એકજ સમયે પરસ્પર વિરૂદ્ધ ગુણ હોવો, અસંભવિત છે, એટલા માટે આ સિદ્ધાંત માની શકાય નહિ. " અહિં ' સ્યાત્ અસ્તિ અને સ્યાત્ નાસ્તિ'ના જૈન સિદ્ધાન્ત ઉપર આક્ષેપ કરેલો છે.

( સૂત્ર ૩૪ ) **एवं चाऽऽत्माकार्त्स्न्यम्**— " અને આવીજ રીતે (જૈન તત્ત્વની સમજણ પ્રમાણે એ સિદ્ધાન્ત નિકળશે કે ) આત્મા ( જે શરીરોમાં ) રહે છે ( તેને માટે ) તે તેના પ્રમાણમાં નાનો અગર તો મોટો હોય છે. "

( સૂત્ર ૩૫ ) **न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः**— " હવે જો એમ માની લઈએ કે, આકાર વારંવાર બદલતો રહે છે, તો પણ પરસ્પર વિરોધ ( થવાની મુશ્કેલી) દૂર થઈ શકતો નથી. એટલા માટે એ માનવું પડશે કે, આત્મામાં જરૂર મુજબ ફેરફાર થતા રહે છે. "

( સૂત્ર ૩૬ ) **अन्त्यावस्थितेश्चोभय नित्यत्वाद विशेषः**– માની લઇએ કે છેલ્લો આકાર એક સરખોજ રહે છે તોપણ આ સિદ્ધાંત કબુલ થઇ શકે તેમ નથી, કેમકે ફરી તેજ તર્કને અનુસારે આત્મા અને શરીર બન્નેને સ્થાયી માનવા પડશે. "

અહિં એ યાદ રાખવાની જરૂર છે કે, ઉપરનાં સૂત્રોમાં જૈનોના સ્યાદ્‌વાદ સિદ્ધાંતને વિકૃત રૂપ આપ્યું છે. "બ્રહ્મસૂત્રો"ના ટીકાકાર શંકરાચાર્ય વગેરેએ ઉપરના જૈન સિદ્ધાંતોની આલો-

ચના અને મશ્કરી કરવામાં ભારે અન્યાય કર્યો છે. કેમકે તેઓએ સ્યાદ્વાદ સિદ્ધાંતોના આશયને તોડી મરડીને બદલી નાખ્યો છે. અમે ઉપર જે દલીલો આપી છે તેથી આ વાત બરોબર સિદ્ધ થાય છે કે, જો વૈદિક કાળમાં જૈનધર્મનો પ્રચાર ન હોત તો આપણને ઉપરનાં પ્રમાણો ન મળત.

જૈનોનો સ્યાદ્વાદ ન્યાય કે જે એક બહુજ કઠણ સિદ્ધાંત છે, તે તરફ વેદવ્યાસજી જેવા એક પ્રખ્યાત વિદ્વાનનું પણ ધ્યાન ખેંચાયું, અને આ સ્યાદ્વાદ સિદ્ધાન્તને એટલી પ્રખ્યાતિ પામતાં તો જરૂર અનેક સદીઓ વીતી ગઈ હશે.

એટલા ઉપરથી એ નક્કી છે કે, સ્યાદ્વાદ સિદ્ધાંત કે જે જૈનધર્મનું એક મૂખ્ય અંગ છે, તે સિદ્ધાંત "બ્રહ્મસૂત્રો" બન્યાં તે સમય પહેલાં પણ મોજુદ હતો. આ ઉપરથી તેમજ વેદોમાં જૈનધર્મ સંબંધી મળતા ઉલ્લેખોથી, આ વાત નિશ્ચયપૂર્વક સિદ્ધ થઇ જાય છે કે, વેદ કે જે જુનામાં જુના કહેવાય છે, તેનાથી પણ બહુ વખત પહેલાં જૈનધર્મ ચડતી સ્થિતિમાં હતો. આ ઉપરથી એમ કહી શકાય કે વેદોએજ જૈન ધર્મની કોઈ કોઇ વાતો પોતામાં લીધી હોય!

## જૈનધર્મ સંસારના દરેક ધર્મથી પ્રાચીન છે.

જૈનધર્મ એ જગતભરના દરેક ધર્મથી પ્રાચીન છે, એ વાતની ખાત્રી કેટલાએ વિદ્વાનોને હવે દ્રઢ થતી જાય છે. કાશીવાળા સ્વર્ગસ્થ સ્વામી રામમિશ્ર શાસ્ત્રીએ પોતાના એક વ્યાખ્યાનમાં કહ્યું હતું કે, જૈન ધર્મ આ દુનિયા જેટલોજ પ્રાચીન ધર્મ છે. હું આગળ ઉપર શાસ્ત્રીજીએ કહેલ વાતને જૈન અને હિન્દુઓના શાસ્ત્રોથી ટેકો આપી પુરવાર કરીશ.

## ભગવાન્ ઋષભદેવ મનુષ્ય જાતિના પહેલા ગુરૂ હતા.

જૈન શાસ્ત્રો મુજબ ભગવાન્ ઋષભદેવ સ્વામી મનુષ્ય જાતિના પહેલા જૈનધર્મ ગુરૂ હતા. અને આ વાતની સાક્ષી ખુદ બ્રાહ્મણોનાજ ગ્રંથો આપે છે. "ભાગવત પુરાણુ" ના ૫ મા સ્કંધના ૩–૬ અધ્યાયમાં લખ્યું છે કે, દુનિયાની શરૂઆતમાં બ્રહ્માએ સ્વયંભૂ, મનુ અને સત્યરૂપાને ઉત્પન્ન કર્યા. ઋષભદેવ તેમનાથી પાંચમી પેઢીએ થયા, જે ઋષભદેવે જૈનધર્મનો પ્રચાર કર્યો. "વાચસ્પત્ય" ગ્રંથમાં ઋષભદેવને જિનદેવ કહ્યા છે, અને "શબ્દાર્થ ચિન્તામણી" ગ્રંથમાં ઋષભદેવને આદિ જિનદેવ કહ્યા છે.

હવે આ ઉપરથી આપણે એ અનુમાન કાઢીએ કે, પહેલા જૈન તીર્થંકર અને જૈનધર્મના સ્થાપનાર ઋષભદેવ કે જેને "ભાગવત પુરાણુ"માં સ્વયંભૂ તથા મનુની પાંચમી પેઢીએ બતાવ્યા છે, તે માનવ જાતિ માત્રના પહેલા ગુરુ હતા; તો મારો વિશ્વાસ છે કે, આમ કહેવામાં કોઈ જાતની અત્યુક્તિ થતી નથી.

## જૈનધર્મ અનાદિનો છે.

પરંતુ આ ઉપરથી એમ ન સમજવું કે, જૈનધર્મનો પ્રચાર ઋષભદેવના વખતથી જ થયો અને તે પહેલાં જૈનધર્મ હતો જ નહિ. કારણ કે જૈનોનું માનવું એમ છે કે, યુગોનો ક્રમ (જેને જૈનો ઉત્સર્પિણી અને અવસર્પિણી કહે છે) અનાદિ કાળથી ચાલ્યો આવે છે અને અનંત કાળ સુધી રહેશે. આ પ્રત્યેક યુગમાં ૨૪ તીર્થંકરો જન્મ લેતા રહે છે અને જૈન ધર્મનો પ્રચાર પણ કરતા રહે છે.

હવે જે કેટલાકોની એ માન્યતા છે કે, 'પ્રાચીન હિંદનો સહુથી પહેલો વેદ ધર્મ છે' તે બાબત અહિં વિચાર કરીએ. ઘણાઓની એવી માન્યતા છે કે, વેદ ધર્મ સહુથી પહેલાં હતો, પણ તે તેઓનો ભ્રમ છે. ખુદ વેદોમાંજ આ બાબતના સંતોષકારક પ્રમાણો મળે છે. જેમાં લખ્યું છે કે, વેદ ધર્મની પહેલાં અને વેદ ધર્મની સાથોસાથ બીજા ધર્મો પણ હયાતિમાં હતા. જો તે મુજબ ન હોત તો આપણુને વેદ ધર્મના વખતમાં એવા મનુષ્યોની હકીકત ન મળત કે જે મનુષ્યોના સિદ્ધાંતો વેદધર્મથી વિરૂદ્ધ હતા. તેના થોડા દાખલા નીચે મુજબ છે:—

(૧) "**अग्नि षोमियं पशुर्हिंस्यात्**" એટલે કે—એવા પશુઓની હિંસા ન કરવી જોઇએ, કે જે પશુના દેવ અગ્નિ અને સોમ છે.

(૨) "**मा हन्यादु सर्वभूतानि**" એટલે કે—કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ.

(૩) ઋગ્વેદનું ૧ લું મંડળ, ૨ જો અષ્ટક, ૧૦ મો વર્ગ, ૫ મો અધ્યાય સૂત્ર **૨૩,** ઋચા ૮ મીમાં એવા મનુષ્યોનું વર્ણન આવે છે કે જે સોમ રસ પીવાનો નિષેધ કરે છે.

(૪) ઋગ્વેદનું ૮ મું મંડળ, ૧૦ મો અધ્યાય, સૂત્ર ૮૯, ઋચા ૩ જીમાં ભાર્ગવ ઋષિએ કહ્યું છે કે, ઈન્દ્ર એવી કોઈ વસ્તુજ નથી. ચોથી ઋચામાં ઈન્દ્રે પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવાની ચેષ્ટા કરી છે અને કહ્યું છે કે, હું મારા શત્રુઓનો નાશ કરી શકું છું.

(૫) ઋગ્વેદનું ૩ જું અષ્ટક, ૩ જો અધ્યાય, ૨૧ મો વર્ગ, ઋચા ૧૪માં એવા મનુષ્યોનો ઉલ્લેખ છે કે જેઓ કિક્ત અથવા મગધ દેશમાં રહેતા હતા અને યજ્ઞ, દાનાદિની નિંદા કરતા હતા.

અમે અમારા મતના ટેકામાં વેદોમાંથી બીજા પણ અનેક દાખલાઓ આપી શકીએ છીએ. આ બધાથી શું સિદ્ધ થાય છે? આથી નિ:શંક એજ સિદ્ધ થાય છે કે, પ્રાચીન હિંદમાં, વેદધર્મ સઘળા ધર્મથી પ્રાચીન હોવાની વાત ખોટી છે.

ઉપર આપણે વેદોમાંથીજ દીધેલાં પ્રમાણો આ વાતને સાબિત કરે છે કે, જૈનધર્મ ઘણાજ જુના કાળથી ચાલ્યો આવતો ધર્મ છે. અને જે વેદ ધર્મને પ્રાચીન કહેવામાં આવે છે, તે વેદ ધર્મના પહેલાં પણ જૈન ધર્મ હતોજ.

## જૈનધર્મનો અન્યધર્મની સાથે મુકાબલો.

જૈનધર્મના પૂર્વના ઇતિહાસ તરફ આપણે જોઇએ તો ખબર પડશે કે, અન્યધર્મીઓના દ્વેષને લઇને જૈનધર્મને તેમની સામે ટક્કર ઝીલવી પડી હતી. કારણકે આખી દુનિયામાં જૈન એ એકજ એવો ધર્મ છે કે જે બહુ જોર પૂર્વક કોઇપણ જીવની હિંસા કરવાની મના કરે છે. બાકીના બીજા બધા ધર્મો કોઇને કોઇ રૂપમાં હિંસા કરવાનું કહે છે. આ ઉપરાંત જૈન ધર્મ, અહિંસાનો સર્વ શ્રેષ્ઠ અને કલ્યાણકારી સિદ્ધાંતનો ઉપદેશ કરીનેજ અટકી નહિ રહેતાં, તેનાથી પણ આગળ વધીને આ અહિંસાના સિદ્ધાંતને ખૂબ સાવધાનીથી વ્યવહારમાં મૂકી, તે સિદ્ધાંતને ખૂબ પ્રખ્યાતી આપી.

વેદધર્મે ( કે જે ઈશ્વરીજ્ઞાન હોવાનો દાવો કરે છે ) મુંગા જીવોની સાથે અનેક જગાએ બહુજ નિર્દયતાનું આચરણ કર્યું છે. એટલુંજ નહિ પણ, સર્વશ્રેષ્ઠ એવા મનુષ્યને પણ બલિદાન દેવાની વાતો કરી છે. એક વખતે જે ગાયને બ્રાહ્મણો પવિત્ર સમજતા હતા, તે ગાયને પ્રાચીન ઋષિઓ બહુજ નિર્દયતા પૂર્વક બલિદાન માટે મારી નાખતા હતા, અને આ બલિદાનના માંસને 'પુરો ડાશ' કહેનાર આ ઋષિઓ તે માંસને ખાઈ પણ લેતા. અને તેમાં તેઓનો વાંક ન હતો, કારણકે વેદમાં એવી અમાનુષિક ક્રિયાઓનો ઉપદેશ હતો. આજ કારણે જૈનો આવા વેદોને 'હિંસક શ્રુતિઓ' ના નામથી ઓળખાવતા.

હિંદુ ધર્મ શાસ્ત્રો એવા એવા સિદ્ધાંતોથી ભર્યા પડ્યા છે કે જે સિદ્ધાંતો પોતાના અનુયાયીઓને, કલ્પિત દેવ–દેવીઓને પ્રસન્ન કરવા માટે બિચારા નિરપરાધી પશુઓનાં લોહી વહેવડાવવાની આજ્ઞા કરે છે.

આવા નિર્દય સિદ્ધાન્તોને લઈ ને જ અસંખ્ય પશુઓનાં બલિદાન દેવાયાં છે. જો તે જીવોને મારવામાં ન આવ્યા હોત તો, તે જીવો મનુષ્યોને માટે અનેક બાબતોનું ઉપયોગી કામ દઈ, મનુષ્યોની સુખ અને સમૃદ્ધિમાં વધારો કરત. આજ આપણે જોઈએ છીએ કે, અમુક બકરી, અમુક ઘેટું કે અમુક ભેંસ આજે આનંદપૂર્વક જીવન ગુજારી રહેલ છે પરંતુ બીજે જ દિવસે દેખાય છે કે સંસારમાં તે બકરી કે ભેંસ હતી જ નહિ. પરંતુ શાબાશી ઘટે છે જૈન ધર્મને, કે જેણે આવા ભયંકર બલિદાનોની પ્રથાનો બહુ જ જોરથી

નિષેધ કર્યો, વેદોના કઠોર રિવાજોના મૂળ પર એક જબરજસ્ત ઘા કરી તે મૂળને ડોલંડોલ કરી નાખ્યું, આવા નિર્દય ધર્મ પ્રચારકોનો તે રિવાજોમાં રહેલો સ્વાર્થ દુનિયાને પ્રત્યક્ષ દેખાડી આપ્યો, જાતિભેદને ઠોકરે મારી જૈનધર્મના દરવાજા સર્વ જીવોને માટે ખુલ્લા કરી નાખ્યા, અને સાર્વજનિક દયાભાવ અને ભ્રાતૃભાવ ( કે જે જૈનધર્મની ખાસ ખૂબીઓ છે, તે )નો દૂરદૂર સુધી ફેલાવો કર્યો. સાર એ છે કે જૈનધર્મે દરેક પ્રાણી માત્રને પોતાની પવિત્ર અને શીતળ છાયા નીચે આશ્રય આપ્યો.

## જૈનધર્મ સંબંધી જુઠી વાતો ફેલાવવાનું કાર્ય.

આવી રીતના હિન્દુધર્મ ઉપરના જૈનધર્મના આક્રમણથી જૈનધર્મના અનેક શત્રુઓ ઉત્પન્ન થયા, અને તેને લઈને જૈનધર્મને બહુજ નુકશાની સહન કરવી પડી. આ શત્રુઓએ, જૈનધર્મની નિંદા કરવાનો તેમજ જૈનધર્મ વિષે ખોટા અને ભયંકર ભ્રામક વિચારો ફેલાવવાનો કોઈ પણ પ્રસંગ જવા દીધો નહિ. તેઓએ જૈન સિદ્ધાંતોની બહુજ બદનામી કરી અને જૈનધર્મના વિષયમાં દરેક પ્રકારનો વિરોધી ભાવ પેદા કરવામાં કોઇ વાતની કસર રાખી નહિ.

ઈર્ષા અને દ્વેષને લઈને કોઈ કોઈ લોકોએ તો ત્યાં સુધી લખી માર્યું કે "હસ્તિના તાડયમાનોડપિ ન ગચ્છેજ્જૈન મંદિરમ્" એટલે કે, સામેથી માર માર કરતો હાથી ચાલ્યો આવતો હોય તોપણ પોતાની રક્ષાને માટે જૈન મંદિરમાં ન જવું.

સંસ્કૃત નાટકો વાંચવાથી ખબર પડે છે કે, તે નાટકોમાં

કેટલીએ જગાએ જૈન યતિઓને હલકા દરજ્જાના નોકરોનો તેમજ ચોરોનો પાઠ દેવામાં આવ્યો છે, અને આ રીતે આખા હિન્દુ સાહિત્યમાં જૈન યતિઓને હલકા દરજ્જામાં રાખ્યા છે અને તિરસ્કારની દૃષ્ટિએ તેમના તરફ જોવામાં આવ્યું છે. આ વાતોથી નક્કી થાય છે કે, જે જૈનોએ દર્શનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યા, વિશ્વવિવરણ વિદ્યા, ગણિત અને ફલિત, જ્યોતિષ, વ્યાકરણ, કોષ, અલંકાર, અને બીજા અનેક અનેક વિષયો પર મોટા મોટા વિદ્વતાપૂર્ણ ગ્રંથો સંસ્કૃતમાં લખી સાહિત્યની વૃદ્ધિ કરી છે, તે જૈનોની સાથે આ બ્રાહ્મણ વિદ્વાનોએ કેવો ખરાબ વ્યવહાર ચલાવ્યો છે.

મહાવીરના નિર્વાણ પછી અમુક સદીઓ સુધી જંબુસ્વામી, પ્રભવસ્વામી, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર વગેરે પ્રખર પ્રતિભાશાળી મહાન્ ધર્માત્મા વિદ્વાનો તે વખતમાં સૂર્ય સમાન ચમકતા હતા, અને પોતાના વિરોધીઓના હૃદયમાં પણ આશ્ચર્ય ઉત્પન્ન કરતા હતા. તેઓની પાસે રાજા મહારાજાઓ મસ્તક નમાવતા હતા. તેમના શાંતિમય પ્રભાવથી વિરોધીઓના અભિમાનના ચૂરે ચૂરા થઈ જતા હતા, અને તેઓનું એવું તેજ (પ્રભાવ) પડતું હતું કે, તેમની સામે અન્ય ધર્મીઓનાં માથા પણ ઝુકી પડતાં હતાં. આ મહાન્ વિદ્વાનો પછી માનતુંગાચાર્ય, હરિભદ્રસૂરિ, શાંતિસૂરિ, હેમચંદ્રાચાર્ય, અને મેરૂતુંગાચાર્ય, વગેરે અનેક વિદ્વાનો થયા, કે જેમણે મૂર્તિપૂજાનું વિધાન કરીને તેમજ કલ્પિત ધાર્મિક સિદ્ધાંતોનો પ્રચાર કરીને જૈન ધર્મને જો કે એક નવિન અને વિચિત્ર રૂપ આપ્યું, તોપણ

તેઓએ કેટલીએ સદીઓ સુધી પોતાના અગાધ પાંડિત્ય અને ખૂબ પરિશ્રમથી બીકણુ અને હલકી મનોવૃત્તિવાળા વિરોધીઓ તરફથી થતા હુમલાઓની સામે પણ પોતાની મર્યાદાને જાળવી રાખી, જેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

## હિંદુ અને અન્યધર્મી રાજાઓ પર જૈન ધર્મનો પ્રભાવ.

આ મહાન્ વિદ્વાનોનો એવો પ્રભાવ હતો કે, જેને લઈને કુમારપાળ આદિ અનેક શક્તિશાળી રાજાઓ જૈન-ધર્મી થઈ ગયા. અને તેઓના હ્રદયમાં દયાભાવ એટલો જોરથી વહેવા લાગ્યો કે, તેઓએ જૈનોના નિવાસ સ્થાનો આગળ પશુ હિંસા ન કરવાના પરવાનાઓ (આજ્ઞા–પત્રો) કરી આપ્યા. કેટલાએ મુસલમાન બાદશાહોએ આવાં આજ્ઞા–પત્રોદ્વારા આખા હિંદમાં જ્યાં જ્યાં જૈનો રહેતા હોય ત્યાં ત્યાં પર્યુષણુપર્વના દિવસોમાં પશુહિંસા ન કરવાના આજ્ઞા–પત્રો પ્રગટ કર્યાં હતાં. સમ્રાટ અકબરનું એક એવું ફરમાન આજે પણ મોજુદ છે. કેટલાંક દેશી રાજ્યોમાં આજે પણ જૈનોનો આ હક્ક ચાલ્યો આવે છે.

ટૉડ સાહેબે બનાવેલ "રાજપુતાનાનો ઈતિહાસ" નામે પ્રસિદ્ધ ગ્રંથ વાંચવાથી ખબર પડે છે કે, તે વખતના રજપુત રાણાઓ અને મહારાણાઓ ઉપર જૈનોનો આથી પણ વિશેષ પ્રભાવ પડતો હતો.

મોટા મોટા રજપુત રાજાઓએ જૈન સાધુઓને ઘણાએ અગત્યના ધાર્મિક હક દીધા હતા. જૈનોના ઉપાશ્રયની પાસેથી કોઈપણ મનુષ્ય વધ કરવા માટે કોઈ પણ જાતનું

પશુ લઈ જઈ શકતો ન હતો. ઘણા ફરમાનોમાંથી હું અહિં ફક્ત એક જ ફરમાનનો ઉલ્લેખ કરૂં છું કે જે ફરમાન મહારાણાશ્રી રાજસિંહજીએ કરી આપ્યું હતું. તે ફરમાનની મતલબ એ છે કે જૈનોના ઉપાશ્રયો પાસેથી કોઇ પણ નર કે માદા પશુવધ કરવા માટે લઈ જવામાં આવશે, તે પશુને 'અમર' કરી દેવામાં આવશે. (અર્થાત્ તેને કોઈ જાનથી મારી શકશે નહિ.) અત્યારે પણ કેટલાએ દેશી રાજ્યોમાં આવા હકો ચાલુ છે કે, જે શેરીઓ અગર બજારોમાં જૈનો રહેતા હોય તે મહોલ્લામાં થઈને, મારવા માટે જાનવર લઈ જઇ શકાય નહિ. એટલે કે સાહિત્યની વૃદ્ધિ કરીને, ઘણાએ શક્તિશાલી રાજાઓને જૈનધર્મી બનાવીને, તેમજ નિરપરાધી મુંગા જાનવરોની રક્ષા કરીને, અને હિંદના ખુણા–ખુણામાં જૈન-ધર્મનો પ્રચાર કરીને જૈનોએ મનુષ્ય માત્રનું ઘણુંજ કલ્યાણ કર્યું છે.

## જૈનોનો ઉપહાસ અને તેમના પર અત્યાચાર.

પરંતુ કાળની ગતિ બહુ વિચિત્ર છે. ધીમે ધીમે જૈન ધર્મને રાજાઓનો આશ્રય (મદદ) મળતો બંધ થઈ ગયો, અને ત્યારથી નાના એવા વેપારી વર્ગમાંજ જૈનધર્મ સમાઈ ગયો. આ પાછલા વરસોમાં બહુજ ઓછા વિદ્વાનો જૈનોમાં થયા, તેથી તેમના હરીફોનો સામનો નહિં જેવોજ થઈ શકયો. જ્યારે જૈનોમાં આ પ્રકારની નિર્બળતા આવી ત્યારે તેમના હરિફો જોર પર આવી ગયા. આ હરીફોએ જૈનોના ધર્મશાસ્ત્રો સળગાવી દીધાં, મંદિરોને અપવિત્ર કર્યાં, તેમના સિદ્ધાંતોની મશ્કરી કરી અને સંસારની દૃષ્ટિએ જૈન ધર્મને

ઉતારી પાડવાની દરેક કોશીશ કરી. તે વખતની સ્થિતિનું આતો નામ માત્રજ દિગ્દર્શન છે, તોપણ જૈનોના હરિફોએ જૈનો ઉપર જે જે અત્યાચારો કર્યા છે, તેનું અનુમાન આ ઉપરથી સ્હેજે થઇ શકે છે.

## જૈનધર્મનું સાહિત્ય મળતું નથી.

રખેને બચી રહેલું સાહિત્ય નાશ પામે, તે બીકથી જૈનોએ પોતાનું સાહિત્ય ભંડારો ( ભોંયરા )માં છુપાવી દીધું. કેટલાએ અમૂલ્ય હસ્ત લિખિત ગ્રંથો કીડાના ખોરાક બની ગયા. આજે પણ જે બહુ મૂલ્ય જૈન સાહિત્ય બચી રહેલું છે, તે વિદ્વાનોને મળી શકતું નથી. કેમકે આ સાહિત્ય-ભંડારોના માલિકો બીજાઓને પોતાના ગ્રંથો બતાવવામાં પક્ષપાત અને વિરોધ કરે છે. તે અત્યાચારવાળા જમાનામાં આવી રીતે કરવાની જરૂર હતી, પરંતુ ( આજના શાંતિમય વાતાવરણમાં ) આગળની પદ્ધતિ કાયમ રાખવાથી જૈનધર્મને નુકશાન જ થશે.

## યુરોપીઅન વિદ્વાનોને જૈનધર્મ સંબંધી ભ્રમ કેમ થયો ?

આ ઉપરથી આ વાત તો સ્વાભાવિક જ હતી કે, પુરાતત્ત્વની શોધખોળ કરતી વખતે હિન્દની ભાષાઓનું જ્ઞાન રાખવાવાળા યુરોપીઅન વિદ્વાનોના હાથમાં સહુથી પહેલું બ્રાહ્મણોનું સાહિત્ય આવ્યું, કે જે સાહિત્યમાં ડગલે ને પગલે પક્ષપાત અને ઉપહાસ ભર્યો પડયો હતો.

આ વિદ્વાનોને જૈન સાહિત્ય ન મળવાથી, જૈનધર્મના વિષયનું જ્ઞાન મેળવવામાં બ્રાહ્મણોના ગ્રંથોની મદદ લેવી

પડી. હું પહેલેજ કહી ગયો છું કે, બ્રાહ્મણો પાસેથી એવી આશા તો ન જ રાખી શકાય કે તેઓ પોતાના જૈન હરિફોના સિદ્ધાંતોની નિષ્પક્ષપાતપણે આલોચના કરે.

યુરોપીઅન વિદ્વાનોએ બ્રાહ્મણોના ગ્રંથોમાં જે રીતનો વિકૃત થએલ જૈન ધર્મ જોયો, તેજ રીતના કુત્સિત અને ઘૃણાસ્પદ વિચારો તેઓના દિલમાં જૈનધર્મ વિષે થયા. તેઓએ અશુદ્ધ સામગ્રી ઉપર જ તર્ક કરવા શરૂ કર્યા અને તેથી તેઓ સત્ય મેળવી ન શકયા.

હજુ હમણાજ કેટલાક વર્ષોથી કેટલાક વિદ્વાનોએ પ્રોફેસર જેકૅાબીની સરદારી નીચે રહી આપણા થોડાક ગ્રંથો જોવાનું શરૂ કર્યું છે, અને આપણા સારે નશીબે, તેઓની મહેનતથી જૈનધર્મ વિષે જે ભ્રમણા બીજાઓમાં ફેલાયેલ હતી, તે થોડે અંશે પણ તેઓએ દૂર કરી છે. પરંતુ હજુ ઘણું બાકી છે. જૈન સાહિત્યનું ક્ષેત્ર બહુજ વિશાળ છે, જ્યારે તે ક્ષેત્રમાં કામ કરવાવાળા બહુ જ થોડા છે. એટલા માટે જૈનધર્મના વિષયમાં ફેલાયેલી ખોટી ભ્રમણાઓને દૂર કરવામાં અને જૈનધર્મને તેની અસલની જાહોજલાલી પર પહોંચાડવામાં અત્યારે પણ ઘણા જ સમયની અને પરિશ્રમના જરૂર છે.

આ એક બહુજ ખેદની વાત છે કે, જૈનોનો સમાગમ યુરોપીઅન વિદ્વાનોને ન થવાથી, જૈનધર્મ સંબંધી તેઓનું જ્ઞાન અશુદ્ધ અને પક્ષપાતથી ભર્યું પડયું છે. આ જ કારણ છે કે તેઓ, જૈન ગ્રંથોનો અનુવાદ કરતી વખતે, તે ગ્રંથોનો અસલી અભિપ્રાય કે અર્થ ન સમજી શકયા

અને તેથી જનધર્મ સંબંધમાં તેઓએ પોતાનો અશુદ્ધ મત કાયમ કરી રાખ્યો.

## જૈનધર્મની પ્રાચીનતા પર આખરી વક્તવ્ય.

પાછળના પાનામાં મેં જૈનધર્મ એ ઘણોજ જુનો ધર્મ છે, એમ સિદ્ધ કરી બતાવ્યું છે. કોઈ કોઈ ભાઇ આ વાતને આશ્ચર્યની નજરથી જોશે, અને કદાચ આ વાતનો સ્વીકાર નહિ કરે. આ પ્રકારનો સંદેહ કરવો તેમને માટે સ્વાભાવિક છે, કેમકે જુદા જુદા ધર્મોવાળાના હૃદયમાં ઘણા લાંબા વખતથી જૈનધર્મ બાબત જુદોજ મત બંધાઈ ગએલ છે. (પણ હું માનું છું કે મેં ઉપર આપેલાં અનેક પ્રમાણોથી હવે તેમને જરૂર ખાત્રી થઈ ગઈ હશે કે, જૈનધર્મ એ આજકાલનો નહિ, પણ અનાદિ કાળથી ચાલ્યો આવતો જુનામાં જુનો ધર્મ છે.)

હિન્દુઓ તથા મુસલમાન ભાઇઓએ જૈન મંદિરોનો નાશ કર્યો અને જૈનોના ધાર્મિક સાહિત્યનો ઘણો ભાગ સળગાવી દીધો. આ સાહિત્ય જો અત્યારે હોતતો, તે સાહિત્યમાંજ એવાં પ્રત્યક્ષ પ્રમાણો આપણને મળી જાત કે જે પ્રમાણોથી આપણે ખુલ્લે ખુલ્લાં સાબિત કરી દેત કે, જૈનધર્મ એ દુનિઆના કોઈ પણ ધર્મ કરતાં પ્રાચીન અને સર્વ શ્રેષ્ઠ છે.

હું ઉપર કહી ચૂકયો છું કે, એક સમય એવો હતો કે જ્યારે જૈનધર્મને બૌદ્ધધર્મની શાખા માનવામાં આવતી હતી. પરંતુ હવે એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે, તે માન્યતા

ખોટી હતી. આવીજ રીતે હવે તરતજ એવો વખત પણ આવશે કે, જ્યારે આ બહુજ જરૂરી બાબત પર વધારે પ્રકાશ પડશે. તે વખતે મોટા મોટા વિદ્વાનોને પણ આ વાત માનવી પડશે કે, જૈનધર્મ દુનિયાના બધા ધર્મોમાં પ્રાચીન છે, અને બાકીના બધા ધર્મો જૈન ધર્મ પછીજ નિકળ્યા છે, અને આ ધર્મોએ પોતાના શાસ્ત્રો અને ધાર્મિક વ્યવસ્થા બરાબર કરવામાં જૈનધર્મની ઘણીજ સહાયતા લીધી છે.

અહિં એટલું વધારે સ્થળ નથી કે, હું આ વિષયમાં હજુ વધારે લખું, તોપણ ઉપર મેં જે જે પ્રમાણો આપ્યાં છે, તે ટુંકમાં આપેલ હોવા છતાં પણ એટલાં બધાં મુદ્દાસરનાં અને અકાટય છે કે, તે પ્રમાણોથી નિઃશંસય સિદ્ધ થઈ જાય છે કે, જૈનધર્મના સ્થાપનાર પાર્શ્વનાથ કે મહાવીર ન હોતા, પણ જૈનધર્મના મૂળ સ્થાપનાર ભગવાન્ ઋષભદેવ હતા, કે જેમનું અસ્તિત્વ સૃષ્ટિની શરૂઆતમાં હોવાનું હિન્દુઓએ સ્વીકાર્યું છે.

## પ્રકરણ ૨ જું

## દિગંબર.

### જૈનોના ૩ મુખ્ય સંપ્રદાય.

જૈન ધર્મની પ્રાચીનતા સિદ્ધ કર્યા પછી હવે આપણે જૈનોના જ શ્વેતાંબર અને દિગંબર ફીરકાનું વર્ણન કરશું. સાથે સાથે એ પણ બતાવીશું કે આ બન્ને સંપ્રદાયો એક બીજાથી કેવી રીતે જુદા થયા, તેમજ શ્વેતાંબરોમાં પણ સ્થાનકવાસી અને મૂર્તિપૂજક વિભાગો કેવી રીતે થયા. આખરમાં હું એ પણ બતાવીશ કે, આ ત્રણે સંપ્રદાયોમાંથી કયો સંપ્રદાય મહાવીરના અસલી ઉપદેશો પ્રમાણે ચાલે છે.

જૈનોના મુખ્ય* ત્રણ સંપ્રદાય છે:–(૧) દિગંબર, (૨) શ્વેતાંબર મૂર્તિપૂજક અને (૩) શ્વેતાંબર સ્થાનકવાસી કે

---

* મુખ્ય તો ત્રણ સંપ્રદાય છે, પણ ગૌણતાએ સાત સંપ્રદાયો છે, તેમાં મુખ્ય ત્રણની હકીકત ઉપર આવશે, અને બાકીના ચારની હકીકત નીચે મુજબ છે:—

સાધુમાર્ગી. આ ત્રણે સંપ્રદાયોમાંથી કયો સંપ્રદાય સૌથી પ્રાચીન છે તથા જૈન ધર્મના અસલી સિદ્ધાંતો પ્રમાણે કોણ

---

(૪) તેરાપંથી–આ સંપ્રદાય વિ. સં. ૧૮૧૫ માં મારવાડમાં ભીખમલજીએ શરૂ કર્યો. આ સંપ્રદાય મુખ્યત્વે બીકાનેર, સરદાર શહેર, થલીપ્રાંત, મારવાડ અને કચ્છના કોઈ કોઇ ભાગમાં ચાલે છે. તેર સાધુઓએ મળીને આ સંપ્રદાય કાઢયો હોવાથી 'તેરાપંથ' કહેવાય છે. તેમના સાધુઓનો વેશ વગેરે બધું આપણા (સ્થાનકવાસી) સાધુઓને જ મળતું છે. ફક્ત મુહપત્તિની લંબાઇમાં ફેર છે. આ સંપ્રદાયમાં અત્યારે લગભગ ૧૩૧ સાધુ અને ૨૯૪ સાધ્વીઓ છે. તેમના આચાર્ય તરીકે હાલ પૂજ્ય તુલસીરામજી મહારાજ છે. તેઓ આપણી માફક ૩૨ સૂત્રોને માને છે. તેઓ દયા, દાનનો નિષેધ કરે છે. તેઓ મૂર્તિને માનતા નથી. તેમના અનુયાયીઓની સંખ્યા આશરે પચાસ હજારની કહેવાય છે.

(૫) કવિપંથ–આ પંથના મૂળ સ્થાપક રાયચંદભાઈ. તેઓ સં. ૧૯૨૪ ના કારતક સુદ ૧૫ ના રોજ વવાણીયા (કાઠીયાવાડ) માં રવજીભાઇ પિતા અને દેવબાઇ માતાને ત્યાં જન્મ્યા. આ રાયચંદભાઇ કવિ હતા, તેથી તે પંથને 'કવિપંથ' તરીકે ઓળખાવાય છે. તેઓ ૩૩ વર્ષની ઉંમરે વિ. સં. ૧૯૫૭ માં રાજકોટમાં સ્વર્ગવાસ પામ્યા. શ્રીમદ્ રાજચંદ્ર (કવિ રાયચંદભાઈ) જીવ્યા ત્યાં સુધી તેમના પંથનું ખાસ જોર નહોતું, પરંતુ તેઓ મૃત્યુ પામ્યા બાદ તેમના ભક્તોએ આ પંથ આગળ ચલાવ્યો. આ કવિપંથીઓ મુખ્યત્વે શ્રીમદ્‌ની મૂર્તિને પૂજે છે. જો કે સાથે સાથે શ્વેતાંબર તેમજ દિગંબરની મૂર્તિઓ પણ પૂજે છે. તેઓના શાસ્ત્રમાં "શ્રીમદ્ રાજચંદ્ર" નામનું એકજ પુસ્તક છે. આ પુસ્તકમાં શ્રીમદે જે જે વ્યકિતઓ ઉપર કાગળ લખેલા, તે કાગળનો સંગ્રહ માત્ર છે. જો કે આ કાગળો પણ પૂરેપૂરા તો નથી જ. તેમાં પણ જ્યાં યોગ્ય ન

ચાલે છે, તે બાબત છેલ્લાં અનેક વર્ષોથી વાદવિવાદ ચાલ્યા કરે છે; પરંતુ તે બાબતનું આજ સુધી સંતોષકારક અને

---

લાગ્યું ત્યાં તે ભાગ કાઢી નાખ્યો છે. આ પંથમાં કોઇ સાધુ કે સાધ્વી નથી. તેઓના અગાસ, ખંભાત (વડવાવ) અને સિદ્ધપુર એમ ત્રણ જગાએ આશ્રમો ચાલે છે. (સિદ્ધપુરનો આશ્રમ રત્નરાજજીના કાળ કરી ગયા પછી બંધ થઇ ગયો હોય તો કહી શકાય નહિ) અગાસનો આશ્રમ મોટો છે. ત્યાં સો એક સ્ત્રી પુરૂષો રહે છે. અગાસ અને વડવાના આશ્રમને ખાસ બનતું નથી. આ લોકો ખાસ કરીને ક્રિયામાં માનતા નથી, પણ આખો દિવસ ભજન, કીર્તન અને શ્રીમદ્‌ની મૂર્તિની પૂજા કરવામાં કાઢે છે. આ આશ્રમમાં પહેલાં લલ્લુજી (લઘુ+રાજ=લઘુરાજજી) અધિષ્ઠાતા તરીકે હતા. તેઓ બે વરસ થયાં કાળધર્મ પામ્યા છે. ખાસ કરીને ખંભાત, અમદાવાદ અને કલોલ તરફ આ લોકોનું જોર છે. ગુજરાત અને કાઠીયાવાડના શહેરોમાં રડયાખડયા ભાઇઓ આ પંથને માને છે. તેઓની વસતી આશરે દશ હજારની કહેવાય છે.

(૬) લોંકાગચ્છ—આ ગચ્છ પોતાના પૂજ્ય તરીકે લોંકાશાહને માને છે. આ ગચ્છના યતિઓની મુખ્ય ૩ ગાદીઓ છે—વડોદરા, જેતારણ અને બાલુપુર.

(૭) સત્યસમાજ—આ સમાજ દિગંબર પંડિત દરબારીલાલજી ન્યાયતીર્થે કાઢયો છે. તેની હેડ ઓફીસ હાલ વર્ધા(C.P.)માં છે. આ સમાજનું ધ્યેય ધાર્મિક કરતાં સામાજિક કે રાષ્ટ્રીય વધારે છે. આ સમાજ ખાસ કરીને જાતિ–પાંતિના ભેદ માનતો નથી. સં. ૧૯૯૩ ની દિવાળી સુધીમાં આ સમાજના લગભગ ૫૧૮ મેમ્બરો થયા છે. મુસ્લીમભાઇઓ પણ આ સમાજમાં મેમ્બર તરીકે છે.

પ્રમાણિક સમાધાન થઇ શક્યું નથી. ગયા થોડા વર્ષોમાં, કોઇ દિગંબર અને શ્વે. મૂર્તિપૂજક ભાઈઓએ જૈન ધર્મ પર થોડાં અંગ્રેજી પુસ્તકો લખ્યાં છે, પરંતુ ધાર્મિક પક્ષપાતને લઈને આ પુસ્તકોથી ત્રણે સંપ્રદાયના ઇતિહાસ ઉપર વિશેષ પ્રકાશ પડી શક્યો નથી.

શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયો કેવી રીતે થયા, તે બાબતની તપાસ પ્રોફેસર હરમન જેકોબીએ કરી ખરી, પરંતુ તેઓ સત્ય શોધી ન શક્યા. તેનાં બે કારણ છે. પહેલું તો તેઓએ જૈન સૂત્રોના અર્થો સમજ્યા વગર પોતાના તર્ક મુજબ અર્થ કર્યા અને બીજું, સત્યજ્ઞાન મેળવવા માટે તેઓએ પોતે જૈન સાધુને પુછપરછ કરી નહિ.

શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયોમાં એક બીજાની ઉત્પત્તિ સંબંધમાં પરસ્પર વિરોધી દંતકથાઓ ચાલે છે. અને દરેક સંપ્રદાય પોતાને બીજા કરતાં અસલી માને છે, પરંતુ આ તો પૂરેપૂરૂં સિદ્ધ થઇ શકે તેમ છે કે દિગંબરોની ઉત્પત્તિ શ્વેતાંબરો પછી જ થઈ છે, અને તે પણ મહાવીર નિર્વાણ પછી ઘણે વરસે અસલી સંઘ (શ્વેતાંબર)થી અલગ થઈને; પરંતુ આમ કહેતાં પહેલાં એ જરૂરી છે કે, આપણે બન્ને સંપ્રદાયોના ધાર્મિક ગ્રંથો તરફ દૃષ્ટિ ફેરવીએ.

શ્વે મૂર્તિપૂજકો ૪૫ સૂત્રોને માને છે, ત્યારે શ્વે. સ્થાનકવાસીઓ તેમાંથી ફક્ત ૩૨ સૂત્રને જ માને છે. આથી ઉલટું દિગંબરભાઈઓ આ એક પણ સૂત્રને માનતા નથી, અને કહે છે કે, મહાવીરે કહેલાં સૂત્રો તો નાશ પામી ગયાં. જો કે શ્વે. મૂર્તિપૂજકોના સૂત્રોનાં નામ અસલી સૂત્રોનાં

નામથી મળે છે ખરાં, તોપણ કહેવું પડશે કે, તેઓએ પોતાના (અમુક) સૂત્રો પાછળથી બનાવ્યાં છે.* તે હિસાબે દિગંબરોએ પોતાના શાસ્ત્રો પોતેજ બનાવ્યાં. આ શાસ્ત્રો શ્વેતાંબરોના શાસ્ત્રો સાથે કેટલીએ બાબતમાં મળતાં થતાં નથી.

મહાવીરના સાચા અનુયાયી શ્વેતાંબર છે કે દિગંબર? તે પ્રશ્નનો ઠીક ઉત્તર તો ત્યારે જ દઈ શકાય કે જ્યારે બન્ને સંપ્રદાયોના શાસ્ત્રો કઈ સાલમાં બન્યાં, તે બાબત બરાબર નક્કી હોય. જે સંપ્રદાયની પાસે મહાવીરે કહેલાં અસલી સૂત્રો હોય, અને જે તે સૂત્રોના કહેવા પ્રમાણે જ ચાલતો હોય, તેજ સંપ્રદાય જૈન ધર્મનો સાચો અનુયાયી કહી શકાય. એટલા માટે આ વાત જાણવી જરૂરની છે કે, બન્ને સંપ્રદાયોમાંથી કયા સંપ્રદાયની પાસે અસલી અને જુના શાસ્ત્રો છે.

પ્રોફેસર હર્મન જેકૉબીએ જૈનસૂત્રોના અનુવાદની ભૂમિકામાં બહુ હોશિયારીથી એ વાત સિદ્ધ કરી બતાવી છે કે, શ્વેતાંબરોના વર્તમાન શાસ્ત્રો મહાવીરના કહ્યા મુજબના જ છે, અને પરંપરાથી તે જેમના તેમ ચાલ્યાં આવે છે.

તેઓએ પોતાના મતના સમર્થનમાં જે મુખ્ય પ્રમાણો આપ્યાં છે, તે હું અહિં ટુંકમાં બતાવું છું:—

(૧) જુનાં જૈનસાહિત્યનો ઘણો ભાગ હવે મળી શકે છે. તેથી હવે જે લોકો જૈનસંપ્રદાયના પ્રાચીન ઇતિહાસ

---

× ઓઘ નિર્યુક્તિ, પિંડ નિર્યુક્તિ તેમજ દશ પયન્નામાંના અમુક સૂત્રોનાં નામ નંદિ સૂત્રમાં નથી. આ બધાં તેમજ મહાનિશીથ વગેરે સૂત્રો તેઓએ પાછળથી બનાવ્યાં છે.

માટે સાધન—સામગ્રી એકઠી કરવા માગતા હોય, તેમને આ સાહિત્યથી ઘણી મદદ મલી શકે તેમ છે. આ સામગ્રી એવી નથી કે જેની સત્યતા વિષે કોઈને શંકા હોય. આપણે જાણીએ છીએ કે, જૈનોના ધર્મશાસ્ત્રો પ્રાચીન છે; જે સંસ્કૃત સાહિત્યને આપણે પ્રાચીન કહીએ છીએ, તે સાહિત્યથી પણ જૈનશાસ્ત્રો નિઃસંદેહ વધારે પ્રાચીન છે.

તેમાં પુરાતત્ત્વની સામગ્રી કેટલી છે, તે વિષયમાં હું કહી શકું છું કે, તેમાંથી ઘણાએ શાસ્ત્રો, ઉત્તરી બૌદ્ધોના જુનામાં જુના ગ્રંથોની સાથે મુકાબલો કરી શકે છે. આ બૌદ્ધશાસ્ત્રોથી બુદ્ધ અને બૌદ્ધ ધર્મના ઇતિહાસની સામગ્રી મેળવવામાં બહુ જ સફળતા મળી છે, તો પછી એવું કોઈ કારણ નથી કે જેથી આપણે જૈનશાસ્ત્રોને જૈનઇતિહાસનું પ્રમાણિક સાધન ન માનીએ. (એટલે કે, જૈન શાસ્ત્રોમાંથી જૈન ઇતિહાસ બરાબર પ્રમાણિક મળી શકે છે.)

(૨) આ બધી વાતો સિદ્ધ કરે છે કે, જૈનશાસ્ત્રો લખાયાં તે પહેલાં પણ જૈનધર્મ મર્યાદા સહિત અને નિશ્ચિત રૂપે ચાલ્યો આવતો હતો. બીજા ધર્મોની હેરફેરથી જૈનધર્મને બગડવાનો ડર નહોતો, એટલુંજ નહિ પણ તે જુના વખતની નાનામાં નાની વાતો પણ નિશ્ચિત રૂપે શાસ્ત્રોમાં વર્ણન કરાએલ છે. જૈનોના ધાર્મિક સિદ્ધાંતોના વિષયમાં જે કાંઈ સિદ્ધ કરાઇ ગયું છે, તેવીજ રીતે જૈનોની ઐતિહાસિક જૈન શ્રુતિઓના વિષયમાં પણ સિદ્ધ થઈ શકે તેમ છે.

(૩) જૈન શ્રુતિઓ એકજ મતથી જાહેર કરે છે કે, દેવર્દ્ધિગણીના પ્રમુખપણા નીચેની વલ્લભીપુરની સભામાં

જૈન સિદ્ધાંતની રચના થઈ છે, અને "કલ્પસૂત્ર"માં આ ઘટનાનો સમય ઈ. સ. ૪૫૪ નો આપેલ છે. જૈન શ્રુતિઓ વાંચવાથી માલુમ પડે છે કે, દેવર્દ્ધિગણીને એ બીક હતી કે, રખેને સિદ્ધાંતો નાશ પામે, એટલા માટે તેઓશ્રીએ સૂત્રોને લિપિબદ્ધ કર્યા—લખ્યા.

જૈન ધાર્મિક સાહિત્યની સાથે દેવર્દ્ધિગણીનો જે સંબંધ ઉપર બતાવ્યો તેનાથી મારો મત કાંઈક જુદો જ છે. એ વાત જો કે ઠીક લાગે છે કે, દેવર્દ્ધિગણીએ તે વખતે મળતાં હસ્ત-લિખિત સૂત્રોને સિદ્ધાંતના રૂપમાં વ્યવસ્થિત રીતે ગોઠવી દીધાં, અને જે ગ્રંથો તે વખતે લખાયા નહોતા તે ગ્રંથોને વિદ્વાન્ ધર્માચાર્યોને મોઢેથી સાંભળીને લખી લીધા. એટલા માટે દેવર્દ્ધિગણીએ, પોતાની પહેલાં થઇ ગએલ આચાર્યોએ જે રીતે સૂત્રો લખેલ હતા, તે સૂત્રોને વ્યવસ્થિત રૂપે ગોઠવી દીધા, એમ કહીએ તો કહી શકાય.

(૪) પરંતુ એક બહુજ અગત્યની દલીલ એ છે કે, આ સિદ્ધાંતોમાં ગ્રીસની જ્યોતિષ વિદ્યાની ગંધ પણ આવતી નથી + + + ગ્રીસની જ્યોતિષ વિદ્યા ભારતમાં ઈસ્વીસનની ત્રીજી કે ચોથી સદીમાં આવી મનાય છે, એટલા ઉપરથી એમ જરૂર કહી શકાય કે, જૈનોનાં શાસ્ત્રો તે વખતની પણ પહેલાં લખાઈ ચુકેલ હતાં.

(૫) હું સિદ્ધ કરી ગયો છું કે, જૈન સિદ્ધાંતનો સહુથી જુનો ગ્રંથ, 'લલિત વિસ્તાર'ની ગાથાઓથી પણ પુરાણો છે. એમ કહેવાય છે કે, લલિત વિસ્તારનો ચીની ભાષામાં

ઇ. સ. ૬૫ ની લગભગમાં અનુવાદ થયો હતો, એટલા માટે વર્તમાન જૈન સાહિત્યની ઉત્પત્તિ ઇસ્વીસનથી પણ પહેલાંની હું માનું છું.

(૬) મારી ઉપરની શોધનું પરિણામ જો માનવા યોગ્ય હોય ( અને માનવા યોગ્ય જ છે, કારણ કે તેથી વિરૂદ્ધની કોઈ દલીલ દેખાતી નથી ) તો વર્તમાન જૈન સાહિત્યની ઉત્પત્તિ ઈ. સ. પૂર્વે ૩૦૦ વર્ષની માની શકાય.

(૭) મારી ચર્ચા અહિં પૂરી થાય છે. હું આશા કરૂં છું કે, આથી એ સિદ્ધ થયું કે, જૈનધર્મના વિકાસમાં કોઇ વખતની કોઈ અસાધારણ ઘટનાએ પણ રૂકાવટ કરી નથી. હું આ વિકાસને શરૂથી આજ સુધી ક્રમશઃ જોઈ શકું છું અને ( તેથી કહું છું કે ) બાદ્ધ ધર્મથી જેમ બીજા ધર્મો સ્વતંત્ર છે તેમ જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મથી સ્વતંત્ર છે. આ વિષયનું વિસ્તારથી વિવેચન ભવિષ્યની શોધખોળો પરથી થઈ શકશે, પરંતુ હું આશા કરૂં છું કે, જૈનધર્મની સ્વતંત્રતાના વિષયમાં કે જૈનધર્મના પ્રાચીન ઇતિહાસની બાબતમાં, જૈનશાસ્ત્રો વિશ્વસનીય છે કે કેમ, તે બાબતમાં કોઈ વિદ્વાનોને જે શંકા છે, તે શંકાને મેં દૂર કરી દીધી છે.

ઉપરની દલીલોથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે, પ્રોફેસર હરમન જેકૉબીએ જૈન સિદ્ધાંતની પ્રાચીનતા ઈ. સ. પૂર્વે ૩૦૦ વર્ષ ( વીર નિર્વાણ બાદ ૨૦૦ વર્ષ )ની ક્રમાનુસાર સાબિત કરી આપી છે. હવે આપણે ફક્ત તે વચલાં બસો વર્ષના કાળનો વિચાર કરવાનો રહે છે કે જે બસો વર્ષ

મહાવીરનો નિર્વાણકાળ અને પ્રોફેસર હરમન જેકૉબીએ નક્કી કરેલ જૈન સિદ્ધાંતોના રચના કાળની વચ્ચે આવે છે.

આ માટે આપણે એ જાણવું જરૂરી છે કે, જૈનસાહિત્ય આ વિષયમાં શું કહે છે. જૈન ગ્રંથોમાં સાફ લખ્યું છે કે, મહાવીરે પોતે પોતાના શિષ્યોને જૈનધર્મનો ઉપદેશ દીધો, અને પછી આ શિષ્યોએ 'અંગો'ની રચના કરી. આ "અંગો" જૈન સિદ્ધાંતના મુખ્ય અંશ છે, પરંતુ આ વિષયમાં પ્રોફેસર હરમન જેકૉબીનો મત જુદો છે. તેઓ કહે છે કે, જૈનો જે સાહિત્યને 'પૂર્વ' કહે છે, તે 'પૂર્વ' અંગોની પણ પહેલાં વિદ્યમાન હતાં, અને તે 'પૂર્વો'માં મહાવીર અને તેમના ધાર્મિક હરીફો વચ્ચે જે વાદવિવાદ થયા હતા, તેની હકીકત લખી હતી. પોતાના આ મતના સમર્થનમાં પ્રોફેસર કહે છે કે, દરેક પૂર્વનું નામ 'પ્રવાદ' એટલે કે વાદવિવાદ છે, અને તેટલા માટે તેના નામ ઉપરથી જ સિદ્ધ થાય છે કે, તે પૂર્વોમાં ધાર્મિક વાદવિવાદોજ હશે.

આ સિવાય પ્રોફેસર હરમન જેકૉબી એમ પણ કહે છે કે, આ ૧૪ પૂર્વોમાં વાદવિવાદ વાળી જ હકીકત હતી, એટલે જ્યારે મહાવીરના હરીફો મરી ગયા ત્યારે પૂર્વોની પણ ઉપયોગિતા જતી રહી, જેથી ઇ. સ. પૂર્વે ૩૦૦ વર્ષે પાટલીપુત્ર શહેરની સભામાં એક નવા સિદ્ધાંતની રચના થઈ.

જેકૉબી સાહેબનો ઉપરનો વિચાર તદ્દન ખોટો છે, અને તે વિચારનું સમર્થન કોઈ રીતે નથી થઈ શકતું. તેઓ પોતાના વિચારના ટેકામાં જૈનોની એક દંતકથાનો હવાલો આપે છે,

પરંતુ અભયદેવસૂરિએ સમવાયાંગ સૂત્રની ટીકામાં આ દંત-કથાને ખોટી ઠરાવી છે અને લખ્યું છે કે, મહાવીરે જૈન સિદ્ધાંતોનો ઉપદેશ ગણધરોને દીધો અને પછી તેઓએ 'આચારાંગ' આદિ બાર અંગોની રચના કરી. તેઓએ (અભય-દેવસૂરિએ) આગળ જતાં લખ્યું છે કે, બારમા (દૃષ્ટિવાદ) અંગમાં ચૌદે પૂર્વો આવી જતાં હતાં. દરેક અંગો અને તેની ટીકાઓમાં એકજ સરખી રીતે આ વાત લખી છે કે, ચૌદે પૂર્વો બારમા અંગમાં આવી જતાં હતાં, અને એટલા માટે બારે અંગોની સાથે ચૌદે પૂર્વો મોજુદ હતાં.

## પૂર્વોમાં શું લખ્યું છે?

જેકૉબી સાહેબની માન્યતા પ્રમાણે બધા પૂર્વોમાં વાદ-વિવાદ વાળી હકીકત નહોતી. પૂર્વોની સંખ્યા ચૌદની હતી. આ પૂર્વોનાં નામ અને તેની અંદર આવેલ વિષયનું ટુંકું વર્ણન જૈન સૂત્રોમાં દીધેલ છે. આ વર્ણનથી આપણે જાણી શકીએ છીએ કે ફક્ત થોડા જ પૂર્વોમાં વાદવિવાદની હકીકત હતી, ત્યારે બાકીના પૂર્વોમાં તો જૈનદર્શનનું વર્ણન કરેલ હતું.

## પૂર્વોના સંબંધમાં પ્રોફેસર જેકૉબીએ કરેલ અનુમાનનું ખંડન.

પ્રોફેસર જેકૉબીનો મત છે કે—"પૂર્વોનું અસ્તિત્વ કેવળ ભદ્રબાહુના સમય સુધી અર્થાત્ મહાવીર નિર્વાણ પછી લગભગ બસો વર્ષ સુધીજ રહ્યું અને તે સમય પછી પૂર્વો તદ્દન નાશ પામી ગયા." આ મત સ્વીકારી શકાય તેવો નથી, કારણ કે પૂર્વોનું અસ્તિત્વ ઈ. સ. ૪૫૪ની વલ્લભીપુરની સભા થઈ ત્યાં સુધી

હતું. જૈન પટ્ટાવલી અને બીજા જુના ગ્રંથોમાં લખ્યું છે કે, વલ્લભીપુરની સભાના સભાપતિ દેવર્દ્ધિગણી, કે જે પટ્ટાવલી અનુસાર મહાવીરની ૨૭ મી પાટ પર હતા, તેમને લગભગ એક પૂર્વનું જ્ઞાન હતું. દેવર્દ્ધિગણી પહેલાં જે ૨૬ આચાર્યો થઇ ગયા, તેમાંથી કેટલાક આચાર્યો તો ચૌદે પૂર્વનું જ્ઞાન ધરાવનારા હતા, અને કેટલાક આચાર્યો ચૌદ પૂર્વથી ઓછા જ્ઞાનવાળા હતા. વલ્લભીપુરની આ સભાના આચાર્યો સિવાય, બીજા પણ એવા અનેક વિદ્વાન્ સાધુઓ હતા કે જેમને ઓછા વત્તા પૂર્વોનું જ્ઞાન હતું. દેવર્દ્ધિગણી છેલ્લા પૂર્વધારી હતા, તેમના પછી પૂર્વોનું જ્ઞાન નાશ પામી ગયું. આ ઉપરથી માલુમ થાય છે કે, મહાવીર નિર્વાણથી ૧૦૦૦ વર્ષો બાદ પણ પૂર્વોના થોડા અંશનું જ્ઞાન મોજુદ હતું.

જ્યારે દુનિયામાં આવાં વિશ્વાસ લાયક પ્રમાણો મોજુદ છે, ત્યારે એમ માનવું કે પૂર્વોનું અસ્તિત્વ અંગ સૂત્રોની પહેલાં હતું, પૂર્વો વાદવિવાદની હકીકતવાળાં હતાં, આ પૂર્વો ધીમે ધીમે નાશ પામ્યાં અને એક નવો સિદ્ધાંત, કે જે અત્યારે કાયમ છે તે ઈ. સ. પૂર્વે ૩૦૦ ની પાટલીપુત્રની સભામાં બનાવ્યો! તે વાત બિલકુલ ન્યાય સંગત નથી.

પરંતુ કેટલાક વિદ્વાનો, પૂર્વો અંગોમાં સમાઈ ગયેલ હતાં તે વાતનો સ્વીકાર કરતા હોવા છતાં પણ, તેઓ કહે છે કે અંગસૂત્રોની રચના મહાવીરના વખતમાં થઈ હતી, અને તેના ટેકામાં કહે છે કે, પાટલીપુત્રની સભા થઈ તે પહેલાં અંગસૂત્રોની પ્રાચીનતા સિદ્ધ કરવાનું કોઈ પણ પ્રમાણ મળતું નથી. પરંતુ તેઓની આ વાત બહુ જ ઓછા સાર-

વાળી છે; કેમકે તેથી તો એમજ નક્કી થશે કે, મહાવીર અને પાટલીપુત્રની સભાના વચલા બસોથી વધારે વર્ષો સુધી જૈનો પાસે કોઈ સાહિત્ય જ નહોતું.

આવી જ રીતે એમ માનવું પણ અસંગત છે કે, પાટલી પુત્રની સભા પહેલાં અને મહાવીર નિર્વાણ બાદ કોઈ બીજા જ સિદ્ધાંતનો પ્રચાર હતો અને પછી ઉપરની સભાએ એક નવો જ સિદ્ધાંત ઘડી કાઢયો. જો તે સમય પહેલાંના સિદ્ધાંત ગ્રંથો મોજુદ હોત તો તે બાબતનો ઉલ્લેખ આ સિદ્ધાંતમાં જરૂર કર્યો હોત, (કે જે સિદ્ધાંત પાટલીપુત્રની સભામાં રચાયાનું કહેવામાં આવે છે.) અને સાથે સાથે તે હેતુ પણ લખત કે જે હેતુથી જુના સિદ્ધાંત-ગ્રંથોની બદલીમાં નવીન ગ્રંથો રચવા પડયા. પરંતુ જૈન સાહિત્યના સમસ્ત સંગ્રહમાં આ બાબતનો ઉલ્લેખ કયાંય પણ મળતો નથી. એટલા માટે પ્રોફેસર જેકૉબીની કલ્પનાનો હું સ્વીકાર કરી શકતો નથી.

આની સાથે એ પણ યાદ રાખવું જરૂરનું છે કે જૈન ગ્રંથોમાં સ્પષ્ટ લખ્યું છે કે, પાટલીપુત્રની સભામાં જૈન સિદ્ધાં-તનો ફક્ત સંગ્રહ જ કરવામાં આવ્યો હતો, તેની રચના કરવામાં આવી નહોતી. તે સિવાય પ્રોફેસર જેકૉબીની દલીલો એટલી મજબુત નથી કે, જૈન ગ્રંથોના સ્પષ્ટ લેખોનો અસ્વીકાર કરી શકીએ.

મહાવીર અને પાટલીપુત્રની સભાના વચલા કાળની આ રીતે પૂર્તિ કરતાં કેવળ એક જ પરિણામ નિકળે છે કે, જૈન સિદ્ધાંત-ગ્રંથોનો સંગ્રહ પાટલીપુત્રમાં થયો હતો, તે

સભાની પહેલાં પણ સિધ્ધાંતો મોજુદ હતા, અને તેની રચના પહેલવહેલી મહાવીરના ગણધરોએ કરી હતી, તે વાતનો પાકો વિશ્વાસ–નિશ્ચય થાય. સિદ્ધાંત–ગ્રંથો અને તેની ટીકાઓમાંથી પણ આ જ વાત મળે છે.

સિદ્ધાંત–ગ્રંથોની રચનાશૈલી, પ્રશ્નો અને ઉત્તરો લખવાની રીતિ, આખાએ સાહિત્યનો ક્રમ, અને બીજી અનેક બાબતો કે જે વિસ્તારના ભયથી અહિં મૂકી દઉં છું, તે બધી વાતો ઉપરના કથનની મજબુત રીતે પુષ્ટિ કરે છે.

## ઉપરનાં પ્રમાણોનાં સમર્થનમાં બૌધ્ધ સૂત્રોનાં પ્રમાણઃ—

બૌદ્ધોના "મજ્ઝિમનિકાય" નામના ગ્રંથમાં મહાવીરના શિષ્ય ઉપાલી અને ગૌતમ બુદ્ધ વચ્ચે જે ચર્ચા થઈ હતી, તેનું વર્ણન છે. જેકોબીએ આ ચર્ચાને આ પ્રમાણે લખી છેઃ– નિગ્ગંથ ઉપાલી કહે છે કે દંડ ત્રણ પ્રકારનો હોય છે. (૧) કાયાનો દંડ, (૨) વચનનો દંડ, (૩) અને ત્રીજો મનનો દંડ. સ્થાનાંગ સૂત્રના ૩ જા ઉદ્દેશામાં જે જૈન સિદ્ધાંત આપેલો છે, તે બરાબર આ મુજબ જ છે.

આ અને બીજા જૈન સિદ્ધાંતો, બૌદ્ધ સૂત્રોમાં પ્રાયઃ તે જ શબ્દોમાં લખેલા મળે છે કે જે શબ્દોમાં તે અત્યારના જૈન સૂત્રોમાં આપેલાં છે. આ વાત બહુ જ અગત્યની છે, અને તે ઉપરથી અંગસૂત્રોની પ્રાચીનતા સંબંધીની દરેક શંકા દૂર થઈ જાય છે. આ એકજ વાતથી વિરોધીઓની બધી દલીલો રદ થઈ જાય છે.

ઉપરની દલીલો આ વાત સિદ્ધ કરવાને માટે પૂરતી છે કે દેવર્દ્ધિગણીના વખતમાં શ્વેતામ્બરોના સિદ્ધાંત–ગ્રંથો લિપિબદ્ધ થયા હતા. તે સમયની પહેલાં આ સિદ્ધાંતો પ્રાયઃ કંઠસ્થ રહેતા, અને ગણધરોએ જે રૂપમાં તેની રચના કરી હતી, તે રૂપે જ તે વખતે કંઠસ્થ ચાલ્યા આવતા હતા.

## જૈન સિદ્ધાંતોનું ઐતિહાસિક મહત્વ.

ઈતિહાસના જરૂરી પ્રશ્નોની ચર્ચા કરવામાં હવે આપણે નિર્ભય થઈને આ પ્રાચીન સાહિત્યની મદદ લઈ શકીએ છીએ. આ વાતના આધાર પર હું એ સિદ્ધ કરીશ કે દિગંબર અર્વાચીન ( પાછળથી થએલા ) છે, એટલું જ નહિ પણ મહાવીર પછી કેટલીએ સદીઓ બાદ આપણી સંપ્રદાયથી અલગ પડેલા છે.

## પોતાની પ્રાચીનતા વિષે દિગંબરોનો દાવો.

દિગંબરો એમ કહે છે કે, બધા તીર્થંકરો નગ્ન રહેતા હતા, મહાવીરે સાધુઓને નગ્ન રહેવાનો ઉપદેશ કર્યો હતો, અને અમારા સાધુઓ નગ્ન (નાગા) રહે છે, તેથી અમે ઘણા જુના કાળથી 'દિગંબર'* કહેવાઈએ છીએ, અને

× દિક્=દિશા, અંબર=વસ્ત્ર. એટલે દિશા એજ જેના વસ્ત્ર છે, એટલે દિશાઓને જેમ વસ્ત્ર હોતાં નથી, તેમ આ દિગંબર સાધુઓને વસ્ત્ર હોતાં નથી–તદ્દન નગ્ન જ રહે છે. દિગંબર સાધુઓ ૨૦ થી ૨૫ અત્યારે છે. તેમાં આચાર્ય શાંતિસાગરજી મુખ્ય છે. બે એક આર્યિકાઓ (સાધ્વીજીઓ) છે. આ સાધ્વીજીઓ એક સાડી જ ઓઢે–પહેરે છે સાધુથી ઉતરતા દરજ્જાના એલક, ક્ષુલ્લક અને બ્રહ્મચારીના વર્ગો છે.

એટલા માટે અમે જૈન ધર્મના સહુથી પ્રાચીન અને અસલી અનુયાયી છીએ. આ દિગંબરો એમ પણ કહે છે કે, શ્વેતાંબર સાધુઓ તીર્થંકરની આજ્ઞા વિરૂદ્ધ વસ્ત્રો પહેરે છે, તેમના ધર્મશાસ્ત્રો પ્રમાણિક નથી. તેમની ઉત્પત્તિ દિગંબરોથી થઇ છે, એટલે શ્વેતાંબરો દિગંબરોથી અર્વાચીન (હમણાના) છે."

## દિગંબરોનું કહેવું જુઠું છે.

દિગંબરોની ઉપર કહેલી દલીલોમાં કાંઈ સાર નથી, તે નીચેના પ્રમાણોથી સિદ્ધ થઈ જશેઃ—

---

એલક લંગોટી રાખે છે, ક્ષુલ્લક લંગોટી અને એક ચાદર રાખે છે. બ્રહ્મચારી બધાં લુગડાં પહેરે છે.

આ દિગંબર સંપ્રદાયમાં ઘણા જુદા જુદા મતવાળા સંપ્રદાયો છે. જેવા કેઃ-તેરાપંથ, વીસપંથ, ગુમાનપંથ, અને તરણતારણ.

તેરાપંથવાળા મૂર્તિને માને છે, પૂજામાં ફક્ત રંગેલા ચાવલ ચડાવે છે. બાકી બીજો આરંભ સમારંભ કરતા નથી.

વીસ પંથવાળા મૂર્તિને માને છે અને પૂજામાં દરેક જાતનો આરંભ સમારંભ કરે છે.

તરણતારણ પંથવાળા મૂર્તિને બિલકુલ માનતા જ નથી.

તે ઉપરાંત વળી મૂલસંઘ, કાષ્ઠાસંઘ, માથુરસંઘ અને ગોપ્ય-સંઘ નામના જુદા જુદા સંઘો છે. તેઓમાંથી કોઇ સ્ત્રીને મોક્ષ માને છે, તો કોઈ નથી માનતા. એક મૂલસંઘની જ જુદી જુદી ચાર શાખાઓ છે—નંદિ, સિંહસેન અને દેવ. વળી તેમાં પંડિત પાર્ટી અને બાબુપાર્ટી નામની પાર્ટીઓ (પક્ષો) છે. આમ દિગંબર સંપ્રદાય અનેક ભેદ-પેટાભેદોમાં વહેંચાઈ ગયેલો છે.

(૧) આગળ હું કહી ચૂકયો છું કે, શ્વેતાંબરના શાસ્ત્રો સહુથી જુનાં છે. આ શાસ્ત્રોને મહાવીરના શિષ્યોએ રચ્યાં હતાં. તે શાસ્ત્રો લગભગ તેજ રૂપમાં આજ સુધી ચાલ્યાં આવે છે, અને જૈન ઈતિહાસ લખવા માટે બીજા કોઈ સાધનો કરતાં આ ધર્મશાસ્ત્રો ઉપર સહુથી વધારે વિશ્વાસ મૂકી શકાય તેમ છે. આ દલીલોના આધારે કહી શકાય કે, દિગંબરનું ઉપર મુજબ કહેવું ખોટું છે. હવે હું દિગંબરોના બીજા સવાલોના જવાબ આપું છું.

(૨) દિગંબરો કહે છે કે, મહાવીરે સાધુઓને નગ્ન રહેવાનો ઉપદેશ કર્યો હતો, અને તે વખતે બધા મુનિઓ નગ્ન રહેતા હતા. અહિં આપણે એ જોવું જોઈએ કે, તીર્થંકરે બધા સાધુઓને નગ્ન રહેવાનો ઉપદેશ કર્યો હતો કે નહિ. આ બાબત માટે આપણે ધર્મશાસ્ત્રો જોઈશું તો ખબર પડશે કે, મહાવીરે બધા સાધુઓને નગ્ન રહેવાનો ઉપદેશ કોઈ દિવસ દીધોજ નથી.

જૈન શાસ્ત્રોમાં લખ્યું છે કે, જો કોઇ સાધુ નગ્ન રહેવા માગે તો તે રહી શકે છે. જ્યારે તે સાધુ આત્મ-જ્ઞાનની સીડીઓ પર ઉંચા ચડતા જાય ત્યારે તે સાધુ પોતાની ઇચ્છા હોય તો વસ્ત્રો છોડીને નગ્ન રહી શકે છે. પરન્તુ વસ્ત્ર રાખવાથી આત્માની ઉન્નતિમાં કોઈ પણ બાબતની અડચણ આવતી ન હોવાથી નગ્ન રહેવું તે ફરજીયાત નથી, પરંતુ કોઇ ખાસ પ્રસંગો (જિન-કલ્પ વગેરે) એ જ નગ્નતાનું વિધાન રાખવામાં આવ્યું હતું. પરંતુ મહાવીર નિર્વાણ બાદ થોડે વખતે જ આ નગ્નતાનો રિવાજ તદ્દન

બંધ કરી દેવામાં આવ્યો હતો. આ ઉપરથી જોઈ શકાશે કે, સાધુ પોતાની ઈચ્છા મુજબ નગ્ન રહી શકતા હતા. નગ્નતા જરૂરી (ફરજીયાત) ન હતી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, શાસ્ત્રોમાં (ફરજિયાત) નગ્ન રહેવાનો ઉપદેશ છે જ નહિ.

## જૈન સાધુ વસ્ત્ર પહેરતા, તે બાબતના બૌદ્ધ સૂત્રોનાં પ્રમાણ.

(૩) બૌદ્ધ સૂત્રો વાંચવાથી માલુમ પડે છે કે, જૈન સાધુઓ વસ્ત્ર પહેરતા હતા. હરમન જેકોબીએ 'જૈન સૂત્રોની ભૂમિકા' માં લખ્યું છે કે–" બૌદ્ધો અચેલકો અને નિગ્રંથોને જુદા માને છે. દાખલા તરીકે–બુદ્ધઘોષે 'ધમ્મપદમ્' પર જે ટીકા લખી છે, તે ટીકામાં ભિકખુઓના વિષયમાં લખ્યું છે કે તેઓ નિગ્રંથોમાં અચેલકોને સારા સમજે છે, કેમકે અચેલકો સર્વથા નગ્ન રહે છે, અને નિગ્રંથો કોઈને કોઈ પ્રકારનાં વસ્ત્ર લજ્જાને માટે પહેરે છે. તેમની આ ભિકખુની કલ્પના તદ્દન જુઠી હતી, કારણ કે મંખલીપુત્ર ગોશાળાના અનુયાયીઓને બૌદ્ધલોકો અચેલક કહેતા હતા.

બૌદ્ધસૂત્રોમાં આ નિગ્રંથ અથવા જૈન સાધુઓના દીધેલા આ હવાલાથી નક્કી થાય છે કે, મહાવીરના વખતમાં થએલ બુદ્ધદેવના વખતમાં જૈન સાધુઓ વસ્ત્ર પહેરતા હતા. જો મહાવીર અથવા બીજા તીર્થંકરોએ વસ્ત્ર પહેરવાની સખ્ત મનાઈ કરી હોત તો, વીરભગવાનના ખરા સાધુઓ શાસ્ત્ર વિરૂદ્ધ જઈને કદી પણ વસ્ત્રો પહેરત નહિ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, દિગંબરોના કહેવા મુજબ મહાવીરના વખતમાં બધા સાધુઓ નગ્ન રહેતા નહોતા. આ રીતે,

ફક્ત નગ્નતાના આધાર પર મહાવીરના અસલી અનુયાયી હોવાનો દિગંબરનો દાવો જુઠો ઠરે છે.

(૪) આ ઉપરાંત મારી પાસે બીજી એવી એક અકાટય દલીલ છે કે, જે ઉપરથી માલુમ થાય છે કે, જૈનસૂત્રોમાં સર્વથા નગ્ન રહેવાનો ઉપદેશ છે જ નહિ. આ વાત સિદ્ધ કરવા માટે શ્રી 'ઉત્તરાધ્યયન' સૂત્રના ૨૩મા અધ્યયનના એક અંશનો હું અહિં ઉલ્લેખ કરૂં છું, કે જે ઉલ્લેખ ઈતિહાસને માટે બહુજ અગત્યનો છે. પરંતુ આ ઉલ્લેખ કર્યા પહેલાં જેકૉબીએ બનાવેલ 'જૈન સૂત્રોની ભૂમિકા' માંથી એક લેખ હું અહિં દઉં છું, જેથી ખબર પડે કે આ અધ્યયન વિશ્વાસપાત્ર છે. જેકૉબીએ લખ્યું છે કે, જૈનોના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ (કે જે મહાવીર પહેલાં ૨૫૦ વર્ષે થઈ ગયા) એક ઐતિહાસિક મહા પુરૂષ હતા, એમ હવે બધા લોક માને છે. મહાવીરના વખતમાં પાર્શ્વનાથ પ્રભુની સંપ્રદાયના આચાર્ય કેસી નામના મુનિ હતા. આ કેસી આચાર્યનું નામ જૈનસૂત્રોમાં અનેક વાર એવી ગંભીરતા પૂર્વક આવ્યું છે કે આ લેખો પ્રમાણિકજ છે, એમ આપણે માનવુંજ પડે છે.

૨૩મા અધ્યયનનો સારાંશ નીચે મુજબ છે:—

પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય કેસી અને મહાવીરના શિષ્ય ગૌતમ સ્વામી: આ બન્ને નેતાઓ પોતપોતાના શિષ્યો સાથે શ્રાવસ્તી નગરીના એક ઉદ્યાન (બગીચા) માં ભેગા થાય છે. આ બન્ને સંપ્રદાયોમાં જૈનસાધુઓના મહાવ્રતો સંબંધી તેમજ વસ્ત્રોના રંગરૂપ અને સંખ્યા બાબતમાં થોડો

મતભેદ હતો. વાદવિવાદ કર્યા વિનાજ આ બન્નેએ મળીને આ મતભેદના કારણો સમજીને આ વિષયોમાં એકતા કરી લીધી.

આ અધ્યયનની ૨૯, ૩૦ અને ૩૧મી ગાથાઓ ખાસ અગત્યની છે. આ ગાથાઓથી વસ્ત્ર સંબંધીના પ્રશ્નમાં બહુજ પ્રકાશ પડે છે. ટીકામાં આ ગાથાઓ બહુજ સ્પષ્ટ રીતે સમજાવી છે, તેનો ટુંક સાર અહિં નીચે દઉં છું:—

કેસી ગૌતમને પૂછે છે કે–૨૪મા તીર્થંકર મહાવીર પ્રભુએ સાધુઓને સફેદ અને સાધારણ અમુક સંખ્યામાં કપડાં પહેરવાની પોતાના સાધુઓને આજ્ઞા દીધી છે, ત્યારે ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથે વસ્ત્રધારણ કરવામાં રંગ રૂપ કે સંખ્યાની કોઇ મર્યાદા કરી નથી.

હે ગોતમ! જ્યારે બન્ને તીર્થંકરોએ મોક્ષ જવાના એક જ આશયથી નિયમો બનાવ્યા છે, તો પછી આ મતભેદનું કારણ શું? હે ગૌતમ! વસ્ત્ર સંબંધીના આવા જુદા જુદા કાયદાથી તમને કાંઈ શંકા નથી થતી?

ગૌતમ કહે છે કે, હે કેસી! તીર્થંકરોએ પોતાના કેવળજ્ઞાનથી નિર્ણય કરીને સાધુઓની યોગ્યતા અનુસાર (ધાર્મિક જીવનને માટે) આ વસ્ત્રો અને બહારના ચિન્હોની આજ્ઞા કરી છે. એક તરફથી તો તેઓએ બાહ્ય ચિન્હ એવાં બતાવ્યાં છે કે જે, સરળ સ્વભાવ અને તેવાજ વિચારના સાધુઓ માટે અનુકુળ છે, અને બીજી તરફ તેઓએ જે સાધુઓને માટે બાહ્ય ચિન્હ બતાવ્યાં છે તે તેમની વૃત્તિ માટે પ્રતિકુળ છે.

મહાવીરના શિષ્યોનો સ્વભાવ વાંકો અને જડ હતો,

તેથી એ વાત બનવા જોગ હતી કે રંગીન વસ્ત્રો પહેરવાની આજ્ઞા દેતાં તેમાં જ તેઓનું ચિત્ત રહે. આ કારણથી જ તેઓને ફક્ત શ્વેત વસ્ત્ર પહેરવાની આજ્ઞા દેવામાં આવી હતી. ત્યારે પાર્શ્વનાથના શિષ્યો સરલતા અને સદાચારવાળા હતા. તેથી વસ્ત્રોને ફક્ત પોતાની લજ્જા ઢાંકવા પુરતા જ તેઓ સમજતા હતા અને વસ્ત્રો પ્રત્યે જરા પણ મોહ કે પક્ષપાત રાખતા નહોતા. આ જુદા જુદા કારણોને લઈને આવો જુદો જુદો આદેશ (આજ્ઞા) આપવામાં આવ્યો હતો.

જૈનધર્મના આ બે પ્રસિદ્ધ આચાર્યો–કેસી અને ગૌતમની ઉપર મુજબની વાતચિતથી તદ્દન સ્પષ્ટ થઇ જાય છે કે, પાર્શ્વનાથના શિષ્યો જે રંગીન વસ્ત્રો ધારણ કરતા હતા, તે રંગીન વસ્ત્રોની મહાવીરે મનાઈ કરી હતી, અને બદલાતા વખત અને સંજોગ મુજબ રંગીન વસ્ત્રોને બદલે સફેદ વસ્ત્રો ધારણ કરવાની આજ્ઞા કરી હતી.

## આ ઉપરથી નિકળતું પરિણામ.

જ્યારે આવાં મજબુત પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે, પાર્શ્વનાથ અને મહાવીર એ બન્ને તીર્થંકરોએ વસ્ત્ર પહેરવાની ખાસ આજ્ઞા આપી છે, ત્યારે દિગંબરો જે એમ કહે છે કે–અમેજ મહાવીરના સહુથી જુના અને અસલી અનુયાયી છીએ અને તીર્થંકરોએ સર્વથા નગ્ન રહેવાનોજ ઉપદેશ આપ્યો છે, તે વાત તદ્દન ખોટી ઠરે છે. એટલુંજ નહિ પણ અનેક હેતુઓ (દલીલો) દ્વારા આપણે એ પરિણામ ઉપર પહોંચીએ છીએ કે, પાર્શ્વનાથ કે મહાવીર સ્વામીના વખતમાં દિગંબરો હતા જ નહિ.

## પ્રાચીનતાના વિષયમાં દિગંબરોના દાવાની સત્યાસત્યતા.

હવે આપણે જૈન અને બૌદ્ધસૂત્રો જોઈ નકકી કરીએ કે, આ સૂત્રોમાં કોઇ એવી હકીકત મળે છે કે જે હકીકત દિગંબરો પ્રાચીન હોવાની વાતને ટેકો આપતી હોય.

(૧) બૌદ્ધ સૂત્રોમાં જૈનો બાબતની હકીકત અનેક જગાએ આવે છે પણ તે બધા સૂત્રોમાં જૈનોને ‘ શ્રમણ ’ અથવા તો ‘ નિગ્રંથ ’ તરીકે ઓળખવામાં આવ્યા છે; પરન્તુ કોઈ જગ્યાએ પણ જૈનોને ‘ દિગંબર ’ નામથી ઓળખવામાં આવ્યા નથી.

(૨) જે જે ધર્મોનો પ્રચાર મહાવીર કે બુદ્ધદેવના વખતમાં હતો, તેવા અનેક ધર્મોની હકીકત જૈન અને બૌદ્ધ સૂત્રોમાં મળે છે. દાખલા તરીકે જૈનોના ભગવતી સૂત્રમાં અને બૌદ્ધોના ’ મજ્ઝિમ નિકાય ’ સૂત્રમાં મંખલીપુત્ર ગોશાળો અને તેના ધાર્મિક સિદ્ધાંતોની સંપૂર્ણ હકીકત મળે છે. જો તે વખતે દિગંબર જેવા કોઈ સંપ્રદાયનું અસ્તિત્વ હોત, તો મહાવીર અને બુદ્ધદેવ બન્ને તે સંપ્રદાયનો ઉલ્લેખ જરૂર કરત. કેમકે મહાવીર અને બુદ્ધ બન્નેને દિગંબરોના નગ્નતાના વિષયમાં મતભેદ હતો. આ પ્રકારની કોઈ પણ હકીકત જૈન કે બૌદ્ધના કોઈ પણ શાસ્ત્રમાં મળતી નથી, તે વાતજ સાબિત કરે છે કે, તે વખતે દિગંબર જેવા કોઇ સંપ્રદાયનો જન્મ જ નહોતો.

(૩) દિગંબરોનું એમ માનવું છે કે, સ્ત્રી મોક્ષ મેળવી શકતી નથી. જૈન અને બૌદ્ધ સૂત્રોમાં આવા કોઇ પણ સિદ્ધાંતની હકીકત મળતી નથી. સ્ત્રીને મોક્ષ ન હોવાનો

સિદ્ધાંત ફક્ત દિગંબરોનો જ છે. આ સિદ્ધાંત દુનિયાના બધા ધર્મોથી વિરૂદ્ધ છે. પ્રાચીન ભારતમાં આવા સિદ્ધાંતને માનવાવાળો કોઇ પણ ધર્મ હોત તો, જૈન અને બૌદ્ધ સૂત્રોમાં તે વાત ખાસ વિગતવાર આવત, અને તે સિદ્ધાંત ઉપર ટીકા પણ જરૂર હોત.

(૪) ખુદ દિગંબર શાસ્ત્રોમાં એવાં અનેક મજબુત પ્રમાણો મળે છે કે જેનાથી સાબિત થઈ શકે કે, દિગંબર અને તેના સિદ્ધાંતો નવાં છે. હું પહેલાં બતાવી ગયો છું કે (શ્વેતાંબર શાસ્ત્રોથી અલગ એવા ) દિગંબર શાસ્ત્રો સંબંધોની હકીકત, નથી તો જૈનશાસ્ત્રોમાં મળતી કે નથી બૌદ્ધ શાસ્ત્રોમાં મળતી. દિગંબર શાસ્ત્રોમાં શ્વેતાંબર અને તેના શાસ્ત્રોની હકીકત અનેક સ્થળે મળે છે અનેક જગ્યાએ શ્વેતાંબરો ઉપર ટીકા કરી છે અને બતાવ્યું છે કે શ્વેતાંબરોના સિદ્ધાંતો દિગંબર સિદ્ધાંતોથી અલગ છે. દિગંબરોના શાસ્ત્રોમાં શ્વેતાંબરોની હકીકત અનેક વાર આવે છે, પરંતુ શ્વેતાંબરના શાસ્ત્રોમાં દિગંબરોની હકીકત એક વાર પણ ક્યાંય નથી આવતી, તે વાતથી પણ સિદ્ધ થાય છે કે, દિગંબર તથા તેનાં શાસ્ત્રો શ્વેતાંબરોની પછીના છે.

(૫) દિગંબર ગ્રંથ-કર્તાઓએ પોતાના ગ્રંથોમાં ગ્રંથો બન્યાનો જે સમય આપેલ છે, તે જોવાથી પણ માલુમ પડે છે કે, દિગંબરના ગ્રંથો હમણાના છે. આ ઉપરથી નિઃસંદેહ સિદ્ધ થાય છે કે, દિગંબરોની ઉત્પત્તિ મહાવીર પછી ઘણે વરસે થઈ છે.

(૬) દિગંબરો મૂર્તિપૂજક છે, પરંતુ મહાવીરે મૂર્તિપૂજાની આજ્ઞા કોઇ પણ જગાએ કરી જ નથી, એટલા માટે

દિગંબરોને જૈનધર્મના સાચા અનુયાયી માની ન શકાય. (મૂર્તિપૂજાનું વિગતવાર વર્ણન શ્વેતાંબરોનું વર્ણન કરતી વખતે આપણે કરશું.)

હવે જૈન મૂર્તિઓના લેખો ઉપરથી સિદ્ધ કરીશ કે, દિગંબરો અર્વાચીન છે.

અત્યારે મળતી જૈન મૂર્તિઓમાં સહુથી જુનામાં જુની મૂર્તિઓ ફક્ત ૧૮૦૦ વર્ષની જુની છે. પરંતુ તે મૂર્તિઓ પણ દિગંબરોની નથી. આ વાત શ્વેતાંબરોના ૭ મા અંગસૂત્ર 'ઉપાસકદશાંગ' સૂત્રની પ્રસ્તાવનામાં રૂડોલ્ફ હૉર્નલ સાહેબે નીચે લખ્યા મુજબ સ્પષ્ટ કરી છે:—

"મથુરાથી થોડા એવા લેખો મળ્યા છે કે જે લેખથી આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ મળે છે કે, ઈસ્વીસનની પહેલી સદીમાં શ્વેતાંબર સંપ્રદાયનું અસ્તિત્વ હતું. આ લેખ જૈન તીર્થંકરોની મૂર્તિઓના પગલાં (પદો=pedestals) પર મળે છે અને તેમાં કનિષ્ક, હુવિષ્ક અને વાસુદેવ નામના પ્રખ્યાત રાજાઓના સંવત દીધા છે. આ રાજાઓ સિથિયા દેશના હોવા છતાં હિન્દ ઉપર પણ રાજ્ય કરતા હતા. તેમના સંવત હવે 'શક' સંવતના નામથી પ્રસિદ્ધ છે, કે જે ઈસ્વીસન ૭૮–૭૯ થી શરૂ થાય છે. આ લેખોમાં લખ્યું છે કે, આ મૂર્તિઓ શ્વેતાંબર સંપ્રદાયના અનુયાયીઓની ભક્તિના સ્મારક (યાદગીરી) રૂપે છે. આ મૂર્તિઓની સ્થાપના કરવાવાળા દિગંબરો નહોતા; પરંતુ શ્વેતાંબરો હતા, તે વાતની ખાત્રી એ ઉપરથી થાય છે કે, મૂર્તિઓ પર જે લેખ છે તેમાં જૈન સાધુઓના કેટલાક ગણ (ગચ્છ, સંપ્રદાય)ના નામ

લખ્યાં છે, અને તે ગણોના નામ શ્વેતાંબરોના કલ્પસૂત્રની સ્થવિરાવલી (પટ્ટાવલી) માં પણ મળે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, આ મૂર્તિઓના લેખોમાંનો એક લેખ કનિષ્કના રાજ્યકાળના નવમા વર્ષનો ( ઇ. સ. ૮૭–૮૮ નો ) છે. તેમાં લખ્યું છે કે, આ મૂર્તિની સ્થાપના કોટિયા (અથવા કોટિક ગણ)ના નાગનંદિન નામના ધર્મગુરૂના ઉપદેશથી વિકટા નામની એક જૈન શ્રાવિકાએ કરી હતી. સ્થવિરાવલી મુજબ આ ગણની સ્થાપના સ્થવિર (સાધુ) સુસ્થિતે કરી હતી, કે જે સુસ્થિત ઈ. સ. પૂ. ૧૫૪ ( વીર સંવત ૩૧૩ )માં સ્વર્ગે ગયા હતા. આવી રીતે પરોક્ષરૂપે મથુરાના લેખ આ વાતની સાક્ષી આપે છે, કે ઈ. સ. પૂર્વેની બીજી સદીના મધ્યકાળમાં શ્વેતાંબર સંપ્રદાય હતો. ”

ઉપરની વાતથી આ સ્પષ્ટ થઈ જાય છે કે, મથુરામાં જે જૈન મૂર્તિઓ જમીનમાંથી કાઢવામાં આવી છે, તે દિગંબર સંપ્રદાયની નહિ, પણ શ્વેતાંબર સંપ્રદાયની છે. હવે તો એ વાતનો પણ પત્તો લાગી ગયો છે કે, આ મૂર્તિઓ સિવાયની બીજી જે જે મૂર્તિઓ પુરાતત્ત્વજ્ઞોએ શોધી કાઢી છે, તે અનેક જૈન મંદિરોની મૂર્તિઓમાં દિગંબર સંપ્રદાયની એવી એક પણ મૂર્તિ નથી કે જે મથુરાની મૂર્તિઓ જેટલી પ્રાચીન હોય. આ ઉપરથી જરૂર માની શકાય કે, ઇસ્વીસનની પહેલી સદીમાં દિગંબરો હતા જ નહિ અને તેથી નક્કી થાય છે કે, દિગંબરો અર્વાચીન (નવા) જ છે.

(૮) મહાવીરનો પ્રસિદ્ધ હરીફ ( પ્રતિસ્પર્ધી ) મંખલી પુત્ર ગોશાળાની હકીકત દિગંબર શાસ્ત્રોમાં ક્યાંય પણ આવતી નથી; પરંતુ જૈન અને બૌદ્ધશાસ્ત્રોમાં ગોશાળાનું

જીવનચરિત્ર અને તેના સિદ્ધાંતોનું સંપૂર્ણ વર્ણન આપવામાં આવ્યું છે. આ વાત બહુજ અગત્યની છે અને તે નિ:શંસય સિદ્ધ કરી આપે છે કે, દિગંબર તથા તેના સૂત્રો નવિન જ છે.

આ વાતના ટેકામાં વધારે દલીલો આપવી નકામી છે, કેમકે પૂરતા પ્રમાણમાં દલીલો ઉપર અપાઈ ગઇ છે. આ દલીલોથી નિષ્પક્ષપાતવાળો કોઈ પણ ભાઈ એ પરિણામ કાઢી શકશે કે, દિગંબર અને તેના શાસ્ત્રો ચોક્કસ રીતે નવિન છે. અને અસલી તથા મૂળ સંઘથી તેમની ઉત્પત્તિ પાછળથી થએલ છે.

## દિગંબરોની ઉત્પત્તિ.

હવે એ વિચારવું જોઇએ કે, દિગંબરો કયારે અને કેવી રીતે જુદા થયા. આ વિષયમાં શ્વે. ધર્મસાગરજીએ બનાવેલ ‘ પ્રવચન પરીક્ષા ’ નામના ગ્રંથમાં દિગંબરોની ઉત્પત્તિ નીચે મુજબ લખી છે:—

રથવીરપુર નામના શહેરમાં શિવભૂતિ અથવા સહસ્ત્રમલ્લ નામે એક મનુષ્ય રહેતો હતો. તે ગામના રાજાનો ખાસ સેવક હતો. એક દિવસ રાજાની માતા આ સહસ્રમલ ઉપર બહુ ગુસ્સે થઈ, તેથી તેણે તરતજ નોકરી છોડી દીધી અને જૈન સાધુ થઈ ગયો. એક વખત રાજાએ તેને એક બહુ કિમતી દુશાલો ( કપડું ) દીધો. આ દુશાલા ઉપર તેને ખૂબ મોહ થયો. તેથી તેના ગુરૂ આર્યકૃષ્ણ તેના ઉપર ગુસ્સે થયા; કેમકે સાંસારિક પદાર્થો ઉપર મોહ રાખવો તે સાધુઓના ધર્મથી વિરૂદ્ધ છે, અને તેથી તેઓએ આ દુશાલો છોડી દેવાની સહસ્રમલ્લને આજ્ઞા કરી, પરંતુ તેણે ગુરૂની આજ્ઞા

માની નહિ. એક દિવસ જ્યારે શિવભૂતિ બહાર ગયા હતા, ત્યારે ગુરૂએ તે દુશાલાના ફાડીને કટકે કટકા કરી નાખ્યા. દુશાલાના કટકા થઈ જવાથી શિવભૂતિને બહુ જ ગુસ્સો ચડયો અને તેઓ તર્ક કરવા લાગ્યા કે, જો વસ્ત્રોથી મોહ ઉત્પન્ન થાય છે તો વસ્ત્રોને તદ્દન કાઢી નાખવાં એજ યોગ્ય છે. આમ વિચારીને પોતે નગ્ન રહેવાનું વ્રત લઈને પોતાના ગુરૂથી અલગ પડી એક નવિન ધર્મનો પ્રચાર કરવા લાગ્યા, અને આ ધર્મમાં નગ્નતાને મુખ્ય સ્થાન દીધું. આ સહસ્રમલ્લ પોતે પોતાને દિગંબર કહેવા લાગ્યા, અને બસ, તે વખતથી દિગંબર સંપ્રદાયની શરૂઆત થઈ. તેમની બહેને તે ધર્મ અંગીકાર કર્યો અને નગ્ન રહેવાની આજ્ઞા માગી. શિવભૂતિએ પોતાની બેનને નગ્ન રહેતાં અટકાવી અને કહ્યું કે, સ્ત્રીઓ મોક્ષ મેળવી શકતી નથી. એમ કહેવાય છે કે, આ બનાવ ઈસ્વી સનની બીજી સદીની વચમાં બનેલો છે.

દિગંબરોની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે સંબંધમાં ઉપર મુજબની દંતકથા ચાલે છે. કદાચ આ દંતકથાને કોઈ સાચી ન માને, તો પણ દિગંબરો નવિન થયા હોવાની જે દલીલો ઉપર આપી છે, તે દલીલો એવાં ઐતિહાસિક પ્રમાણો પરથી આપેલ છે કે, દરેક વાચકને ખાત્રી થઈ જશે કે, દિગંબરો જરૂર પાછળથી જ થયેલા છે.

## જૈનોનું નામ શ્વેતાંબર કેવી રીતે પડયું ?

જ્યારે શિવભૂતિએ નગ્ન રહેવા માંડયું અને દિગંબર સંપ્રદાયની સ્થાપના કરી ત્યારે એ તો સ્વાભાવિક હતું કે, જે મૂળ સંઘમાં નગ્ન રહેવાનો સિદ્ધાંત નહોતો અને શ્વેત

(સફેદ) વસ્ત્રો ધારણ કરવાનો રિવાજ હતો, તે મૂળ સંઘને લોકો શ્વેતાંબર સંપ્રદાય કહેવા લાગ્યા, અને તે વ્યાજબી પણ હતું. કેમકે તેમ કરવાથીજ મૂળસંઘ અને નવિન દિગંબર સંપ્રદાય વચ્ચે ભેદ બતાવી શકાય તેમ હતું.

## શ્વેતાંબરો, દિગંબરોથી પ્રાચીન છે.

દિગંબરો અને તેના સિદ્ધાંતો નવાં છે, તે સિદ્ધ થઈ ગયા પછી હવે હું ટુંકમાં એ બતાવું છું કે શ્વેતાંબર, દિગંબરથી પ્રાચીન કેવી રીતે છે?

દિગંબરોની હકીકત લખતી વખતે હું એ બતાવી ચૂકયો છું કે, તમામ બૌદ્ધ સિદ્ધાંતો અને પ્રમાણિક જુનાં જૈનશાસ્ત્રોમાં 'દિગંબર સંપ્રદાય' એવા નામનો ઉલ્લેખ કયાંય પણ મળતો નથી. અસલ વાત એ છે કે, મૂળથી જ જૈનોનો ફકત એકજ સંપ્રદાય હતો; પરંતુ જ્યારથી શિવભૂતિએ તદ્દન નગ્ન રહેવાનો ઉપદેશ શરૂ કર્યો અને દિગંબર સંપ્રદાયની સ્થાપના કરી, ત્યારથી આ નવિન દિગંબર સંપ્રદાયથી જુદા ઓળખાવવા માટે અસલી જૈનો, શ્વેતાંબર નામથી પ્રસિદ્ધ થયા. આ કારણથી જ પ્રાચીન જૈન અને બૌદ્ધ શાસ્ત્રોમાં 'શ્વેતાંબર' નામનો ઉલ્લેખ મળતો નથી.

જૈન અને બૌદ્ધ શાસ્ત્રોમાં જૈન સાધુઓને દરેક ઠેકાણે 'નિગ્ગંથ,' 'શ્રમણ' કે 'મુનિ' કહેવામાં આવ્યા છે, અને તેમના ગૃહસ્થ શિષ્યોને 'શ્રાવક' કહેવામાં આવ્યા છે. દિગંબર અથવા શ્વેતાંબર જેવા સાંપ્રદાયિક નામોનો ઉલ્લેખ આ ગ્રંથોમાં કયાંય પણ મળતો નથી.

## શ્વેતાંબરોજ જૈનધર્મના અસલી અને બધાથી જુના અનુયાયી છે.

ઉપર હું પુષ્કળ દાખલા દલીલોથી સાબિત કરી ચૂકયો છું કે, આજકાલ આપણે જે ગ્રંથોને શ્વેતાંબર જૈન સિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ, તે બધાથી જુનાં અને પ્રમાણિક જૈન શાસ્ત્રો છે, અને મહાવીરના વખતથી તે આજ સુધી પરંપરાએ તેનો પ્રચાર શ્વેતાંબરોમાં ચાલ્યો આવે છે. તેમજ ઉપર હું એ પણ લખી ચૂકયો છું કે, 'શ્વેતાંબર' નામ તે વખતે પ્રસિદ્ધ થયું કે જે વખતે દિગંબરો જૈનધર્મના અસલી અનુયાયીઓથી જુદા પડયા, અને તેનો એક જુદો સંપ્રદાય થઈ ગયો. આવા સંજોગમાં એ તો સ્વાભાવિક છે કે, જે શ્વેતાંબરો મહાવીરના વખતમાં 'જૈન' નામથી જ ઓળખાતા હતા, તે શ્વેતાંબરો, દિગંબરોનો સંપ્રદાય અલગ થવાથી, શ્વેતાંબરોના નામથી ઓળખાવા લાગ્યા, અને તેથી શ્વેતાંબરો જ જૈનધર્મના પ્રાચીન અનુયાયી છે.*

---

* આ દિગંબર સંપ્રદાય વિષે વધારે જાણવાની ઇચ્છાવાળા ભાઇઓએ નીચેના હિંદી પુસ્તકો ખાસ વાંચવાં.

**દિગંબર મત સમીક્ષા**—લખનાર પંડિત મુનિશ્રી મિશ્રીમલ્લજી મહારાજ. મળવાનું ઠેકાણું-શ્રી સ્થા. જૈન સંઘ, મહોલ્લા મદારગેટ, અજમેર, કિં. ચાર આના.

**સત્યાસત્ય મિમાંસા**—લખનાર પંડિત મુનિશ્રી શ્રીચંદજી મહારાજ પંજાબી, મળવાનું ઠેકાણું-સરદારસિંહ દૌલતરામ સુરાના, વૈદવાડા, દિલ્હી, કિં. ચાર આના.

**વામમાર્ગ ઔર દિગંબર સમાજ**—લખનાર યતિ પ્યારે,

મળવાનું ઠેકાણું–લક્ષ્મીચંદજી યતિ, બડા ઉપાસરા, જેસલમીર (રાજપૂતાના) કિં. દોઢ આનો.

ઉપરના પુસ્તકોમાં દિગંબર ગ્રંથોમાં કેવી કેવી હકીકતો લખી છે, તે ખાસ વાંચવા જેવી છે. તે ઉપરાંત દિગંબર આચાર્યો કેવો ભ્રષ્ટ ઉપદેશ કરે છે, તે સર્વ વિગતવાર ઉપલા પુસ્તકોમાં બતાવી આપ્યું છે.

આ પુસ્તકો ઉપરાંત નીચેના પુસ્તકો પણ ખાસ વાંચવા જેવા છે—

આદિ પુરાણ સમીક્ષા ભાગ ૧–૨, હરિવંશ પુરાણ સમીક્ષા, પદ્મપુરાણ સમીક્ષા, અને શ્રીપાલ ચરિત્રની સમાલોચના. આ બધાં પુસ્તકો દિગંબર ભાઇઓએ જ લખેલાં છે, અને તે ઉપરથી આપણને ખાત્રી થાય છે કે દિગંબર ગ્રંથોમાં ખૂબ જ ગપાટા માર્યા છે.

મૂર્તિપૂજા સંબંધમાં પણ ખુદ દિગંબર ગ્રંથો જ મૂર્તિપૂજા કરવાની ના પાડે છે–જુઓ ૧૩ મી સદીમાં થએલ દિગંબર પંડિત આશાધરજી પોતાના બનાવેલ 'સાગારધર્મામૃત' ગ્રંથ પાનું ૪૩માં લખે છે કે–"આ પંચમકાળ ધિક્કારને પાત્ર છે. કારણ કે, આ કાળમાં શાસ્ત્રાભ્યાસિઓને પણ મંદિરો કે મૂર્તિઓ સિવાય ચાલતું નથી."

તેમજ 'પાત્રકેસરી સ્તોત્ર' પાનું ૩૯ શ્લોક ૩૭ માં દિગંબર આચાર્ય સ્પષ્ટ કહે છે કે–મૂર્તિપૂજા કરવાની આજ્ઞા તીર્થંકરોએ દીધી નથી

આ બન્ને દાખલાઓ દિગંબર ગ્રંથોના જ છે. તેથી સ્પષ્ટ થાય છે કે, મૂર્તિપૂજા કરવાની તીર્થંકરોએ આજ્ઞા આપી જ નથી.

## પ્રકરણ ૩ જું

# શ્વેતાંબર× મૂર્તિપૂજક

## ( દેરાવાસી )

## મૂર્તિપૂજા ન કરવાવાળા શ્વેતાંબરો જ જૈન ધર્મના સાચા અનુયાયીઓ છે.

શ્વેતાંબરોની પ્રાચીનતા સિદ્ધ કરીને હવે હું એ વાતનો નિર્ણય કરીશ કે, શ્વેતાંબરોના બે સંપ્રદાય ( દેરાવાસી અને

× શ્વેત=સફેદ,+અંબર=લુગડું. શ્વેતાંબર એટલે (જે સાધુઓ) સફેદ લુગડાં પહેરતા હોય તે શ્વેતાંબર કહેવાય, આ દેરાવાસીઓ પોતાને નકામા શ્વેતાંબર કહેવરાવે છે. ખરી રીતે તો તેઓ પીતાંબર મૂર્તિપૂજક' કહેવાવા જોઈએ, કારણ કે તેઓના સાધુઓનો મોટો ભાગ પીળાં લુગડાં જ પહેરે છે.

આ શ્વેતાંબર મૂર્તિપૂજકો અનેક નામે ઓળખાય છે:-શ્વેતાંબર મૂર્તિપૂજક, દેરાવાસી, તપા, સંવેગી, મંદિરમાર્ગી, પૂજેરા અને દંડી. તેઓ ૪૫ સૂત્રને માને છે, પણ તે ૪૫ ક્યાં? તેમાં મતભેદ છે.

સ્થાનકવાસી )માંથી કયો સંપ્રદાય મહાવીરના અસલી ઉપદેશો પ્રમાણે ચાલે છે. તેમજ સાથે સાથે એ પણ નક્કી કરીશ કે

---

કોઈ 'ઓઘનિર્યુક્તિ'ને માને છે તો કોઈ 'પિંડનિર્યુક્તિ'ને માને છે. કોઈ 'દેવેન્દ્રસ્તવ' અને 'વીરસ્તવ'ને ભેગાં કરી એક માને છે, તો કોઈ વળી જુદાં માને છે. કોઈ 'સંસ્તારક'ને ૪૫ માંનું એક સૂત્ર ગણે છે તો કોઇ નથી ગણતા. 'સંસ્તારક'ને બદલે કોઈ 'મરણ સમાધિ'ને માને છે તો કોઈ 'ગચ્છાચાર પયન્ના'ને માને છે. આવી રીતે આ ૪૫ સૂત્રોને માનવામાં પણ આ દેરાવાસીઓમાં મતભેદ છે.

આ લોકોમાં અત્યારે મુખ્ય કરીને પાંચ ગચ્છ છેઃ—તપગચ્છ, ખરતરગચ્છ, અંચળગચ્છ, સાગરગચ્છ અને પાયચંદગચ્છ. આ પાંચે ગચ્છો મૂર્તિને તો માને છે, છતાં પણ તે દરેકની માન્યતા જુદી. આ પાંચે ગચ્છો હમેશાં એક બીજાથી લડતા ઝગડતા જ હોય છે. આગળ પણ ઘણા જ કજીયા આ ગચ્છો વચ્ચે થએલા. ગુજરાત કાઠીઆવાડમાં તપાગચ્છનું જોર વધારે છે. આ તપાગચ્છ અનેક જાતના મતભેદોથી ભરપુર છે. તેના સાધુઓ ૩ પ્રકારના–યતિ, શ્રી પૂજ્યજી, અને સંવેગીઃ તેમાં વળી ૨ ભેદ–સફેદ લુગડાં પહેરવા વાળા અને પીળાં લુગડાં પહેરવાવાળા. પાછા વળી ૨ ભેદ–૩ થુઈ માનવાવાળા અને ૪ થુઈ માનવાવાળા. વળી પાછા ૨ ભેદ-મુહપત્તિ બાંધવાવાળા અને બીજા નહિ બાંધવાવાળા. તેના પણ પાછા ૨ ભેદ–મુહપત્તિ હાથમાં રાખવાવાળા અને બીજા મુહપત્તિ હાથમાં નહિ રાખવાવાળા. આટલા ભેદ તો દેખીતા જ છે. તે ઉપરાંત વળી સાધુઓના મતભેદોવાળી પાર્ટીઓ જુદી. આપણામાં અલગ અલગ સંઘાડાઓ હોવા છતાં જેમ દરેક સંઘાડાની માન્યતા એકજ છે, તેમ આ દેરાવાસી ભાઇઓમાં નથી. આ લોકોના જ કહેવા પ્રમાણે સંવત ૧૯૯૨ના અસાડ સુદ ૧૫ સુધી તેઓની સાધુ–સંખ્યા નીચે

મૂર્તિપૂજકો જે એમ કહે છે કે, સ્થાનકવાસીઓ જૈનધર્મના સાચા અનુયાયીઓ નથી, તેથી તેઓ અર્વાચીન છે! તો આ વાતમાં કાંઈ સાર છે કે નહિ?

જૈન ધર્મના સિદ્ધાંતો નિષ્પક્ષપાતપણે અને મનનપૂર્વક વાંચવાથી આ અત્યંત જરૂરી અને મુશ્કેલ વાતનો નિકાલ આવી શકે છે.

સહુથી મુખ્ય પ્રશ્ન મૂર્તિપૂજાનો છે. શ્વેતાંબર મૂર્તિપૂજકો કહે છે કે, મોક્ષ મેળવવા માટે તીર્થંકરોએ મૂર્તિપૂજા કરવાનું કહ્યું છે, ત્યારે સ્થાનકવાસી ભાઈઓ કહે છે કે, તે વાત ખોટી છે.

મૂર્તિપૂજાના પ્રશ્ન પર કેટલીએ સદીઓ થયાં વાદવિવાદ ચાલ્યા જ કર્યો છે, પરંતુ તેનો નિવેડો હજુ સુધી થયો નથી. નિષ્પક્ષપાતવાળા અને પરમેશ્વરથી ડરવાવાળા ભાઈઓને, આ પ્રશ્નનો સંતોષકારક ખુલાસો હું અહિં કરી આપીશ.

## જૈનધર્મમાં મૂર્તિપૂજાનું વિધાન છેજ નહિ.

કોઈ પણ જૈનશાસ્ત્રોમાં તીર્થંકરોએ મૂર્તિપૂજા કરવાનું

---

મુજબ છેઃ-તપાગચ્છ ૬૮૦, ખરતરગચ્છ ૫૩, અંચલગચ્છ ૧૧, પાયચંદગચ્છ ૧૪, ત્રણ થુઈવાળા ૧૫, સાધ્વીઓની સંખ્યા આમાં આપેલ નથી.

ત્યારે આપણા સ્થા. સાધુઓ લગભગ ૭૫૦ છે. (જુઓ 'તપગચ્છ શ્રમણ વંશ-વૃક્ષ')

શ્રાવક-શ્રાવિકાની સંખ્યા પણ આપણી જ વધારે છે.

કહ્યું જ નથી. મૂર્તિપૂજા કરવાનું કહેવું તો દૂર રહ્યું, પણ મૂર્તિપૂજાનો થોડો ઈસારો માત્ર પણ કર્યો નથી. મારી આ વાત વધારે મજબુત કરવા નીચે મુજબ પ્રમાણો આપું છું:–

(૧) 'ઉપાસકદશાંગ' અને 'આચારાંગ' નામના બે સૂત્રો આ બાબતમાં ઘણોજ પ્રકાશ પાડે છે, તેથી આ બે સૂત્રોની આપણે તપાસ કરીએ:—

ઉપાસકદશાંગ સૂત્રમાં મહાવીરના મુખ્ય દશ શ્રાવકોના જીવનચરિત્ર વિસ્તારથી આપ્યાં છે. તે ઉપરાંત તેમાં જૈન શ્રાવકોના આચાર વ્યવહારના નિયમ અને વ્રત બરાબર તે રીતે સમજાવ્યાં છે કે જે રીતે આચારાંગ સૂત્રમાં જૈન સાધુ-ઓના નિયમ અને વ્રત સમજાવ્યાં છે.

શ્રાવક અને સાધુઓના આચારના નિયમો ઠીક ઠીક સમજવા માટે ખાસ કરીને આ બે સૂત્રો જ વધારે ઉપયોગી છે. આ બે પ્રમાણિક અંગ સૂત્રોમાં તેમજ અન્ય શાસ્ત્રોમાં પણ મૂર્તિપૂજાનું કયાંય નામનિશાન પણ જોવામાં આવતું નથી. (કે જે મૂર્તિપૂજાને દેરાવાસી ભાઈઓ મોક્ષ પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન માને છે.) જો મહાવીર, મૂર્તિ-પૂજાને જૈન ધર્મનો જરૂરી ભાગ માનતા હોત તો સાધુઓ અને શ્રાવકોના વ્રતોમાં મૂર્તિપૂજાનો સમાવેશ સૂત્રોમાં જરૂર કરત.

(૨) 'ઉપાસક દશાંગ' સૂત્રમાં મહાવીરના દશ શ્રાવકોના ધન અને સંપત્તિનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ શ્રાવકોની સંપત્તિનું વર્ણન કરતી વખતે તીર્થંકરોની પૂજા

માટે કે મંદિરો માટે ક્યાંય પણ હકીકત આવતી નથી. (એટલે કે–તેઓએ કેટલાં મંદિરો બંધાવ્યાં તે હકીકત ક્યાંય છે જ નહિ.)

(૩) જૈનશાસ્ત્રોમાં આપણને એવા શ્રાવકોનાં વર્ણન મળે છે કે જેઓ ટોળેટોળાં મળીને મહાવીરને વંદના–નમસ્કાર કરવા ગયા છે, પરંતુ આ વાત તો ક્યાંય લખી નથી કે, કોઈ પણ શ્રાવક મંદિરે દર્શન કરવા ગયો હોય કે (શત્રુંજય, ગિરનાર આદિ) તીર્થે યાત્રા કરવા ગયો હોય!

(૪) જ્યારે મહાવીરના દશે શ્રાવકોએ ઘર તથા સંપત્તિનો ત્યાગ કરી ૧૧ પડિમાઓ ધારણ કરી ત્યારે તેઓ પોષધશાળામાં ગયા; પરન્તુ તીર્થંકરોની પ્રતિમાવાળા મંદિરોમાં તેઓ ગયા નથી. જો તે વખતે મંદિરો હોત અને મૂર્તિપૂજાનો પ્રચાર હોત તો, આ શ્રાવકો શાંત અને નિઃરસ એવી પોષધશાળાઓમાં જવાને બદલે ઠાઠમાઠ અને ધામધૂમવાળી તીર્થંકરોની મૂર્તિઓથી પવિત્ર કરવામાં આવેલાં મંદિરોમાં જ જાત.

(૫) મહાવીરે રાજા અને સાધારણ માણસોમાં પણ જૈનધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો, અને આ બધાઓને એકજ ઉપદેશ કર્યો કે, મુક્તિ પ્રાપ્ત કરવાના સાધનો ફક્ત નીચે મુજબ જ છે–આત્મનિરોધ, આત્મ–સંયમ અને બીજા સદ્ગુણો કે જેમાં પોતાના આલોકના સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે. મહાવીરે મોક્ષ પ્રાપ્ત કરવાનાં ઉપરનાં સાધનો બતાવ્યાં, પરંતુ તેમણે એ ઉપદેશ કોઈ પણ વખતે નથી કર્યો કે, ફક્ત મૂર્તિપૂજા કરવાથી તથા મંદિરો બંધાવવાથી મોક્ષ મળી જાય.

(૬) જૈન સૂત્રોમાં અનેક મોટાં શહેરોનાં વર્ણન લખ્યાં છે, તેમાં યક્ષોની મૂર્તિઓ અને યક્ષોના મંદિરોની હકીકત અનેક વાર આવે છે; પરંતુ જૈન મંદિરો કે તીર્થંકરની મૂર્તિઓની હકીકત ક્યાંય પણ આવતી નથી. આ વાત બહુજ અગત્યની છે, અને મૂર્તિપૂજા શાસ્ત્ર વિરૂદ્ધ છે તેનું એક મોટું પ્રમાણ છે. જો તે વખતે મૂર્તિપૂજાનો પ્રચાર હોત તો શાસ્ત્રોમાં જરૂર તે હકીકત આવત.

(૭) મહાવીરે દીક્ષા લીધા પછી અનેક નગરોમાં વિહાર કર્યો હતો. સૂત્રોમાં જે જે ઠેકાણે મહાવીરના વિહારનું વર્ણન આવે છે, તે તે ઠેકાણે યક્ષોના મંદિરોનું વર્ણન આવે છે, પરંતુ જૈન મંદિરો કે મૂર્તિઓનો ઉલ્લેખ ક્યાંય પણ આવતો નથી. સૂત્રોમાં એમ પણ લખ્યું છે કે, મહાવીર એવા ઉદ્યાનો (બગીચાઓ) માં ઉતર્યા કે જે ઉદ્યાનોનાં નામ તેમાં રાખેલી યક્ષોની મૂર્તિઓના નામો ઉપર રાખવામાં આવ્યાં હતાં. પરંતુ કોઈ પણ જૈન શાસ્ત્રમાં એવું ક્યાંય નથી લખ્યું કે, વિહાર કરતાં કરતાં મહાવીર એવાં મંદિરોમાં ઉતર્યા કે જે મંદિરોમાં તીર્થંકરની મૂર્તિઓ હતી, અથવા મહાવીરે એવા ઉદ્યાનમાં વિશ્રામ કર્યો કે જે ઉદ્યાનનું નામ તેમાં રાખેલી જૈન-મૂર્તિઓના નામ પર હોય.

આ વાત ખાસ યાદ રાખવા જેવી છે અને મહાવીરના વખતમાં મૂર્તિપૂજાનો અભાવ હતો, તેનું એક અકાટ્ય પ્રમાણ છે. જો તે વખતે જૈન મંદિર હોત, તો મહાવીર પોતાનાજ જૈન મંદિરમાં ઉતરવાનું યોગ્ય સમજત. મહાવીર યક્ષોના

મંદિરોમાં કે જે ઉદ્યાનોના નામ યક્ષોના નામ ઉપર રાખવામાં આવ્યા હતાં તેવાં ઉપવનોમાં કદી પણ ઉતરત નહિ.

(૮) જેવી રીતે 'ઉપાસકદશાંગ' સૂત્રમાં મહાવીરે શ્રાવકોના નિયમો બતાવ્યા છે, તેવીજ રીતે 'આચારાંગ' સૂત્રમાં સાધુઓના નિયમો બતાવ્યા છે. આ 'આચારાંગ' સૂત્રમાં મહાવીરે એ બતાવ્યું છે કે, સાધુ અથવા સાધ્વીઓએ કેટલાં વસ્ત્ર રાખવાં જોઈએ, તેની લંબાઈ પહોળાઈ કેટલી, તેનો રંગ કેવો તથા કઈ જાતના વસ્ત્રો રાખવાં. મહાવીરે એ પણ બતાવ્યું છે કે સાધુએ કેટલાં અને કઈ જાતના પાત્રો રાખવાં. આ ઉપરાંત સાધુએ કેવી રીતે ચાલવું, બેસવું, બોલવું, ખાવુંપીવું વગેરેના વિસ્તારપૂર્વક નિયમો મહાવીરે બતાવ્યા છે. સાધુએ ધર્મ સંબંધી જેટલાં કાર્યો કરવાં જોઇએ તે દરેક કાર્યને મહાવીરે બહુજ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. કહેવાની મતલબ એ છે કે, મહાવીરે આ વિષયોનું એટલું વિસ્તાર-પૂર્વક વિવેચન કર્યું છે કે, 'આચારાંગ' સૂત્ર એ સાધુઓને એક સરસ ટાઈમ-ટેબલની ગરજ પૂરી પાડે તેવું છે. આવી રીતે આ બધી વિગતવાર હકીકત લખી, પરંતુ તે હકીકતમાં મંદિર કે મૂર્તિનું કોઈ જગાએ જરા જેટલું પણ સ્થાન નથી.

તીર્થંકરોએ સાધુઓ અને શ્રાવકોને માટે આટલું વિસ્તાર-પૂર્વક વિવેચન કર્યું છે, પરંતુ તીર્થંકરોએ મંદિરો કે મૂર્તિ-પૂજાના વિષયમાં કાંઈ પણ કહ્યું નથી, એ વાત ખાસ ધ્યાન રાખવા જેવી તેમજ બહુજ અગત્યની છે.

(૯) આચારાંગ અને ઉપાસક દશાંગ સિવાયના બીજાં

પણ શાસ્ત્રોમાં સાધુઓ અને શ્રાવકો માટે આચાર સંબંધી નિયમો છે, પરંતુ તેમાં પણ મૂર્તિપૂજાનું વિધાન કયાંય પણ મળતું નથી. જો મૂર્તિપૂજક ભાઈઓના કહેવા પ્રમાણે મૂર્તિઓ અને મંદિરો બનાવવાથી મોક્ષ મળતો હોત, તો સર્વજ્ઞ મહાવીર આ જરૂરી બાબતનો સમાવેશ સૂત્રોમાં જરૂર કરત.

(૧૦) જો તીર્થંકરોએ મૂર્તિપૂજા કરવાની અને મંદિર બંધાવવાની આજ્ઞા કરી હોત, તો તેઓ એ પણ જરૂર બતાવત કે, મૂર્તિને કેવું આસન હોવું જોઈએ, કયા પત્થરમાંથી મૂર્તિ બનાવવી, તેની પ્રતિષ્ઠા અને પૂજા કરતી વખતે કયા મંત્રો બોલવા જોઈએ, ઘરેણાં કેવાં હોવાં જોઈએ, પૂજન કેવી રીતે અને કઈ ચીજોથી કરવું, તેમજ મૂર્તિપૂજા સંબંધી બીજાં કાર્યો કેવી રીતે કરવાં. પણ આ વાત કોઈ શાસ્ત્રમાં નામ માત્ર પણ નથી, તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે, મૂર્તિપૂજા શાસ્ત્ર વિરૂદ્ધ છે.

(૧૧) મહાવીર અને ગૌતમબુદ્ધ બન્ને એકજ વખતે હતા, તે વાત તો પ્રસિદ્ધ જ છે. અને તેથી જ મહાવીરે બતાવેલ જૈન સિદ્ધાંતોથી તેમજ સાધુ અને શ્રાવકોના આચારના નિયમોના હવાલાથી બૌદ્ધસૂત્રો ભર્યા પડયા છે. પરંતુ બૌદ્ધશાસ્ત્રોમાં કયાંય પણ એમ નથી લખ્યું કે, જૈનધર્મના સિદ્ધાંતોમાં મૂર્તિપૂજા કરવાની આજ્ઞા છે. જો મહાવીરે મૂર્તિપૂજા કરવાની આજ્ઞા દીધી હોત, તો બૌદ્ધ લોકો જૈનોની મશ્કરી કર્યા સિવાય કદાપિ ન રહેત. કારણ કે બૌદ્ધોના એક સંપ્રદાયમાં મૂર્તિપૂજા જે હમણાં ચાલે છે તે મૂર્તિપૂજા, ગૌતમબુદ્ધના નિર્વાણ થયા પછી ઘણે લાંબે વખતે શરૂ થએલી છે.

(૧૨) જે જૈન સિદ્ધાંતો બૌદ્ધ સિદ્ધાંતોથી જુદા પડે છે, તે સિદ્ધાંતો ઉપર બૌદ્ધ સૂત્રોમાં ખૂબજ ટીકાઓ કરવામાં આવી છે, તેમજ જૈન માન્યતાઓને ખોટી ઠરાવવામાં આવી છે. એટલા માટે જો જૈન ધર્મમાં મૂર્તિપૂજાનું વિધાન (આજ્ઞા) હોત, તો આ મૂર્તિપૂજાના વિષયમાં પણ બૌદ્ધસૂત્રોમાં જરૂર ટીકા કરવામાં આવી હોત.

બૌદ્ધ ગ્રંથોમાં જૈન મૂર્તિપૂજા બાબતમાં કોઈ પણ જાતની ટીકા કે કોઈ પણ જાતની હકીકત આપેલ નથી. તે ઉપરથી એકજ પરિણામ નિકળી શકે છે કે, મહાવીરના વખતમાં જૈનોમાં મૂર્તિપૂજા નહોતી, તેમજ મહાવીરે મૂર્તિ-પૂજાનો ઉપદેશ પણ દીધો નહોતો.

(૧૩) જુની વસ્તુઓની શોધ કરતી વખતે હિંદના જુદા જુદા પ્રદેશોમાંથી અનેક જૈનમૂર્તિઓ જમીનમાંથી નીકળી છે; પરંતુ અત્યાર સુધીમાં એવી એક પણ મૂર્તિ નથી નિકળી કે જેના લેખ પરથી એમ સાબિત થાય કે, તે મૂર્તિ મહા-વીર અથવા તેમના પહેલાંના તીર્થંકરોના વખતની હોય. સહુથી પ્રાચીન મૂર્તિઓ, કે જે ડોકટર કુહરરને મથુરામાં મળી છે, તે પણ ફક્ત ૧૮૦૦ વર્ષની જુની છે.

(૧૪) મૂર્તિપૂજક ભાઈઓનું એમ કહેવું છે કે, પાલી-તાણા, ગિરનાર, આબુ, તારંગા અને બીજા પર્વતો પર જે મંદિરો અને મૂર્તિઓ છે, તે બહુજ પ્રાચીન છે, અને તેથી દેરાવાસી ભાઇઓ કહે છે કે, મૂર્તિપૂજાનો પ્રચાર તીર્થંકરોએ કર્યો છે; પરંતુ તેઓનું આ કહેવું સાફ ખોટું છે. કારણ કે

પુરાતત્ત્વજ્ઞો (જુની શોધખોળ કરવાવાળાઓ)એ આ મંદિરો અને મૂર્તિઓના બધા લેખોને ખૂબજ બારીકાઈથી તપાસ્યા અને તેઓએ નક્કી કર્યું કે, આ બધા મંદિરો અને મૂર્તિઓ અર્વાચીન ( હમણુાના ) છે. આ મંદિરો અને મૂર્તિઓની સ્થાપના મહાવીર પછી કેટલીએ સદીઓ ગયા પછી થઈ છે, અને મથુરાથી મળેલી મૂર્તિઓ જેટલી પણ પ્રાચીન આ પર્વતો પરની મૂર્તિઓ નથી. હું ઉપર કહી ગયો છું કે, ડૉક્ટર ફુહરરના મત પ્રમાણે મથુરાની મૂર્તિઓ પણ ૧૮૦૦ વર્ષની જુની છે.

(૧૫) આ મૂર્તિઓ સિવાયની બીજી જે મૂર્તિઓ જમીનમાંથી નિકળી છે તે, તેમજ હિંદમાં હજારો મંદિરો અને લાખો મૂર્તિઓ છે, તે બધી મૂર્તિઓમાં એવી એક પણ મૂર્તિ નથી કે જેના લેખ અને સંવત પરથી આપણે એમ માની શકીએ કે આ મૂર્તિ તો મહાવીર, પાર્શ્વનાથ કે તેમની પહેલાંના તીર્થંકરના વખતની છે.

આ વાત બહુજ વિચિત્ર છતાં જરૂરી છે. આથી સિદ્ધ થાય છે કે, મૂર્તિપૂજાની પ્રાચીનતા સંબંધીની દેરાવાસી ભાઈઓની દલીલો બહુજ કમજોર છે–માલ વગરની છે. જેટલા જુના વખતની દેરાવાસી ભાઇઓ મૂર્તિપૂજાની પ્રથાને માને છે, તેટલા જુના વખતની મૂર્તિપૂજાની પ્રથા જો ખરેખર હોત, તો થોડીક એવી મૂર્તિઓ જરૂર હોત કે જે મૂર્તિ-ઓના લેખ અને સંવત દેરાવાસી ભાઈઓના મતને ટેકો આપતા હોય.

હવે આ બાબત પર બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો

પણ માલુમ થાય છે કે, તીર્થંકરોના સિદ્ધાંત અને જીવન એવાં સ્વાભાવિક (સીધે રસ્તે જવાવાળાં) હોય છે અને જૈન-ધર્મનો ઉપદેશ એવો ઉદાર છે કે તીર્થંકરો ખુદ પત્થર અને ધાતુઓની મૂર્તિઓ પૂજવાની આજ્ઞા કરે, કે બીજી કોઈ પણ રીતે મૂર્તિપૂજાનો ઉપદેશ કરે, તે વાત કોઈ પણ રીતે સંભવિત નથી.

તીર્થંકરોએ મોક્ષનો રસ્તો બતાવતી વખતે દરેકને—શ્રીમંત કે ગરીબને, મોટાઓને કે નાનાઓને, પોતાના શિષ્યોને કે વિદ્યાર્થીઓને એટલે કે જાત—ભાતનો ભેદ રાખ્યા સિવાય દરેકને એક જ સરખો ઉપદેશ દીધો કે, પોતાના કર્મોનો નાશ થવાથી (નિર્જરા થવાથી)જ દરેક જીવ મોક્ષ મેળવી શકે છે. અને ઈંદ્રિય દમન, સ્વાર્થત્યાગ, દયા, આત્મ-નિરોધ, ઘોર તપ અને અપરિગ્રહથીજ કર્મોનો નાશ થઈ શકે છે. તીર્થંકરોએ સ્પષ્ટ રીતે આ પ્રકારનો સત્ય ઉપદેશ દીધો કે, દરેક મનુષ્ય પોતાનું ભાગ્ય (નશીબ) પોતેજ નિર્માણ કરી શકે છે, દરેકનું ભવિષ્ય પોતાના કર્મો ઉપરજ છે, અને અનંત શાંતિ (મોક્ષ) તથા સુખ પ્રાપ્ત કરવા માટે દેવતાઓ કે દેવીઓના પૂજનની કોઈ પણ રીતે જરૂર નથી.

તીર્થંકરોએ આ સિદ્ધાંતોનો ફક્ત ઉપદેશ કરીનેજ શાંત બેસી ન રહેતાં પોતાના જીવન પણ આ સિદ્ધાંતો મુજબજ કરી લીધાં. અને બીજાઓને આ ઉપદેશથી તેઓ પોતાના અનુયાયી બનાવતા, તેમજ આ આદર્શ ઉપદેશોના જીવતા—જાગતા નમુના તરીકે પોતાનું જીવન આ સિદ્ધાંતમય બનેલું દેખાડતા. બધા શ્રેષ્ઠ અને દૈવી ગુણો તીર્થંકરોના

જીવનમાં હોય છે જ, અને આવા સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય તો પ્રત્યેક જૈને પોતાનું અહોભાગ્ય માનવું જોઈએ. એટલા માટે જૈન ધર્મના અસલ–સાચા ભાવ સમજવાને માટે, અને આંતરિક હેતુથી એકતાર બનવા માટે એ જરૂરી છે કે, આ પવિત્ર તીર્થંકરોના જીવનની ઘટનાઓની સહાય લઈને જૈન શાસ્ત્રોના અર્થ કરતા જાય; અને જ્યારે આવી રીતના અર્થ થશે ત્યારે દરેકને દીવા જેવું માલુમ પડી જશે કે, તીર્થંકરોના જીવનચરિત્રમાં મૂર્તિપૂજાનો એક અંશ પણ નથી.

તેઓએ પોતે મોક્ષ મેળવવા માટે કષ્ટ વગરનો એવો મૂર્તિપૂજાનો માર્ગ ગ્રહણ કર્યો નથી. તેઓએ નિર્વાણ પદ મેળવવા માટે પત્થરની મૂર્તિઓની ભુલાવામાં નાખે તેવી અનેક બાબતની જુદી જુદી જાતની પૂજન વિધિઓનો આશરો લીધો નથી. તેઓએ કર્મથી છુટકારો મેળવવા માટે મૂર્તિની પૂજા કરવાની કે તેના પર દ્રવ્ય ચડાવવાની બાળચેષ્ટા કદી કરી નથી. તેઓ જાણુતા હતા કે, મૂર્તિપૂજા કરવી એ એક પ્રકારની લાંચ દેવા બરાબર છે. ઘોર તપસ્યા, અપરિગ્રહ, સ્વાર્થ ત્યાગ અને કષ્ટ સાધનાથી જ તીર્થંકરોએ પોતાના કર્મોનાં બંધનોને તોડયાં અને મોક્ષ ગયા, કેમકે તેઓ સારી રીતે જાણુતા હતા કે, તીર્થંકરો બીજા કોઇને કર્મથી મુક્ત કરી શકતા નથી કે પ્રકૃતિના કાર્યકારણ નામના છ નિયમોથી વિરૂદ્ધ ચાલી શકતા નથી.

પોતાના વિશ્વવ્યાપી પ્રેમને કારણુ, પોતાના અદ્‌ભુત સ્વાર્થત્યાગને કારણુ, પોતાની અખૂટ દયાને કારણુ, અને ખાસ કરીને મનુષ્યજાતિ ઉપર કરેલ અમૂલ્ય સેવાઓને કારણુ,

તીર્થંકરો ભવિષ્યની પ્રજા માટે અખૂટ આદર અને માન-પાનને પાત્ર છે. પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવાની જરૂર છે કે, તેઓનું આ મહાન્ પદ તેઓના આત્મનિરોધને, તેઓની દીનતાને અને પોતાને પણ ભૂલી જવાના ગુણોને જ આભારી હતું. જો તેમનામાં આવા દૈવી ગુણો ન હોત, તો કરોડો મનુષ્યો-ના હૃદય પર અધિકાર જમાવવા તેઓ કોઈ કાળે પણ સમર્થ કે યોગ્ય થઈ શકત નહિ. તેઓ બીજાને (જ્ઞાન, અભયદાન) દેતા હતા, પરંતુ તેઓની પાસેથી (પૈસા વગેરે) કાંઈ પણ લેવાનો ખ્યાલ તેઓને કદી હતો જ નહિ. તેઓએ કોઈ પણ દિવસ પોતાની પ્રતિષ્ઠા કે પૂજાનો ખ્યાલ પણ કર્યો નથી. ઉલટું પ્રાણીમાત્રથી પ્રેમ કરવાના ભાવમાં રહીને તેઓ પોતાને જ ભૂલી ગયા, અને પોતાનું મહત્વાકાંક્ષા વગરનું જીવન, દુ:ખી જીવોના ઉદ્ધારમાં વિતાવ્યું.

એક બાજુથી તો આ વાતોને કબુલ કરવી અને તેની પ્રશંસા કરવી, જ્યારે બીજી બાજુથી એમ કહેવું કે, તીર્થંકરોએ મૂર્તિના રૂપમાં પોતાની પૂજા કરાવી અને આ પૂજાને મોક્ષપ્રાપ્તિનું સાધન બતાવ્યું, તે વાતથી તો તેમના અસાધારણ અને નિસ્વાર્થ જીવન, તેમજ તેમના પવિત્ર અને સ્વાર્થ રહિત સિદ્ધાંતોનું ખૂન કરવા બરોબર છે-કલંકિત કરવા જેવું છે. આ બન્ને વાતો એટલી અસંગત (વદતો વ્યાઘાત) છે કે, મનુષ્યની બુદ્ધિ તો આ વાતને કોઈ રીતે પણ માની શકે તેમ નથી.

હવે જો કોઈ પોતાના વિચારોમાંથી પક્ષપાત કાઢીને, પોતાના હૃદયમાંથી સાંપ્રદાયિક ઈર્ષ્યા દૂર કરીને, અને એક

ફક્ત સત્યનીજ તપાસ કરવા માટે આ મહાત્મા તીર્થંકરોના પવિત્ર જીવન ઉપર એક ક્ષણવાર પણ શાંત ચિત્તથી વિચાર કરે, તો હું ખાત્રીથી કહું છું કે, મૂર્તિપૂજા બાબતનો તેનો ભ્રમ જરૂર દૂર થઇ જશે, અને સત્યનો સંપૂર્ણ પ્રકાશ થઇ જશે, એટલુંજ નહિ પણ ઘણા વખત થયાં ભ્રમમાં પડેલા આ મૂર્તિપૂજક ભાઇઓનો મૂર્તિપૂજા મંડનનો સિદ્ધાંત એક ક્ષણ પણ ટકી શકશે નહિ.

મૂર્તિપૂજાની વિરૂદ્ધમાં જૈન સૂત્રોથી બીજાં પણ અનેક પ્રમાણો આપી શકાય તેમ છે, પરંતુ હવે વધારે પ્રમાણો આપવાની જરૂર રહેતી નથી, કેમકે અત્યાર સુધી મેં જે જે પ્રમાણો આપ્યાં છે તે એટલાં બધાં મજબૂત છે કે, નિષ્પક્ષ-પાત મનુષ્યને તો હવે જરૂર ખાત્રી થઈ ગઈ હશેજ કે, જૈન સૂત્રોમાં મૂર્તિપૂજાનો ઉપદેશ છેજ નહિ.

## મહાવીર નિર્વાણથી ૭૦૦ વર્ષ પછી મૂર્તિપૂજાનો પ્રચાર થયો.

હવે અહિં એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે, જો મહાવીરે મૂર્તિપૂજાનો પ્રચાર નથી કર્યો, તો પછી તે પ્રચાર કઈ રીતે અને કયારે થયો? તે બાબતમાં એટલુંજ કહેવું બસ થશે કે, જુનામાં જુની મૂર્તિઓના લેખ તથા સંવત પરથી જણાય છે કે, મૂર્તિપૂજાની શરૂઆત આજથી ૧૮૦૦ વર્ષ પહેલાં એટલે કે વીર નિર્વાણ પછી ૬૦૦–૭૦૦ વર્ષ બાદ થઈ છે.

## મૂર્તિપૂજકોને શ્વેતાંબર કહેવા અયોગ્ય છે.

હવે આપણે એ જોઇએ કે, શ્વેતાંબરોનો મૂર્તિપૂજક

સંપ્રદાય ( દેરાવાસી ) સાધુઓના કપડાંના રંગની બાબતમાં મહાવીરની આજ્ઞા મુજબ ચાલે છે કે નહિ. કેમકે આ વસ્ત્રોથી જ જૈન સાધુઓને બીજા સાધુઓથી જુદા ઓળખી શકાય છે.

શ્રી 'ઉત્તરાધ્યયન' સૂત્રના ૨૩ મા અધ્યયનમાં આગળ આપણે જોઇ ગયા કે, કેસી અને ગૌતમે પાર્શ્વનાથ અને મહાવીરના શાસનોનું એક બંધારણ કેવી રીતે કર્યું, અને પાર્શ્વનાથના સાધુઓએ કેવી રીતે રંગીન વસ્ત્રો છોડીને મહાવીરના નિયમો અનુસાર સફેદ વસ્ત્રો ધારણ કર્યાં.

જો કે આ મૂર્તિપૂજક સંપ્રદાય પોતાને ' શ્વેતાંબર ' ( સફેદ વસ્ત્ર પહેરવાવાળા ) કહેવરાવે છે, તો પણ ( તેમના યતિઓ સિવાય) આ દેરાવાસી સંપ્રદાયના ઘણા સાધુઓ સફેદ લુગડાં પહેરતા નથી, કે જે તેઓએ મહાવીરની આજ્ઞાનુસાર પહેરવાં જ જોઇએ. ( તેથી તેઓ પોતાને 'શ્વેતાંબર' કહેવરાવતા હોવા છતાં ખરી રીતે તો તેઓને 'પીતાંબર' મૂર્તિપૂજક જ કહેવા જોઈએ ) આ ઉપરથી એ વાત સ્પષ્ટ છે કે જૈન સાધુઓના વસ્ત્રોના વિષયમાં આ દેરાવાસી ભાઈઓએ મહાવીરની આજ્ઞાનું ખુલ્લી રીતે ખંડન કર્યું છે.

## સાચા જૈન સાધુના જીવનની ટુંક વ્યાખ્યા.

મહાવીરના અસલી ઉપદેશો અને સિદ્ધાંતોથી આ દેરાવાસી સાધુઓ કેટલા બધા પતિત (પરાંગમુખ) થઈ ગયા છે, તે બતાવવાને માટે હવે હું અહિં ટુંકામાં મહાવીરના સાચા સાધુનું જીવન કેવું હોવું જોઈએ તેની ટુંકી હકીકત

આપોશ. અને પછી તુલના કરીને એ પણ બતાવીશ કે, દેરાવાસી જૈન સાધુઓના જીવન સાચા જૈન આદર્શથી કઈ કઈ વાતોમાં કેટલી હદ સુધી પડી ગયા છે.

જૈન સાધુએ ઘેર ઘેર ફરીને ગોચરી–ભિક્ષા કરીને પોતાનો આહાર મેળવવો જોઇએ. તેઓએ પોતે ભોજન બનાવવું ન જોઇએ તેમજ બીજાને ભોજન બનાવવાનું કહેવું પણ ન જોઈએ. તેઓએ ગોચરીને માટે કોઈનું પણ આમંત્રણ સ્વીકારવું ન જોઈએ, એટલું જ નહિ પણ પહેલેથી કોઈ પણ પ્રકારની સૂચના દીધા વગર જ ગોચરીને માટે જવું જોઈએ. જૈન સાધુએ કોઈ પણ પ્રકારના વાહનમાં જવું ન જોઈએ, તેમજ પોતે પણ કોઈ વાહન ચલાવવું ન જોઈએ. પરંતુ હમેશાં પગે ચાલવું જોઈએ, અને તે પણ જોઈ જોઈને જ ચાલવું જોઈએ, કે જેથી પોતાના પગ નીચે કોઈ જીવ આવીને મરી ન જાય. તેઓએ ચોમાસાના ચાર મહિના એકજ જગાએ રહેવું જોઇએ અને બાકીના આઠ માસ વિહાર કરતા રહેવું જોઈએ. અને આ આઠ માસમાં એક જગાએ એક માસથી વધારે રહેવું ન જોઈએ. તેઓએ કેશ–લુંચન (લોચ) કરવો જોઈએ, પરંતુ વાણંદને હાથે હજામત કરાવવી ન જોઇએ. તેઓએ જૈન શાસ્ત્રોમાં બતાવેલ ૨૨ પરિષહો શાંતિ અને સંતોષપૂર્વક સહન કરવા જોઈએ અને અખંડ બ્રહ્મચારી રહેવું જોઈએ. તેઓએ પોતાની પાસે પૈસા, રૂપીઆ વગેરે ન રાખવું જોઇએ, તેમજ મકાન, જમીન વગેરે પણ કાંઇ ન રાખવું જોઇએ અને પોતાનું આખું જીવન ધાર્મિક કામોમાંજ કાઢવું જોઇએ. ટુંકમાં જૈન સાધુએ દરેક પ્રકારના

પરિગ્રહથી દૂર રહેવું જોઈએ, અને શાસ્ત્રોમાં કહ્યા મુજબ સાધુઓના પાંચ મહાવ્રતોનું પાલન કરવામાં પોતાનું જીવન વિતાવવું જોઈએ. જૈન સાધુઓએ પાળવાના આ મુખ્ય મુખ્ય નિયમો છે. હવે હું આ નિયમોથી દેરાવાસી સાધુઓના જીવનની તુલના કરીશ.

## દેરાવાસી સાધુઓના જીવનની હકીકત.

દેરાવાસી સાધુઓના મુખ્ય ત્રણ ભાગ છે. યતિ, શ્રી પૂજ્યજી અને સંવેગી. આ ત્રણ વિભાગો જૈન સૂત્રોમાં ક્યાંય કહેવામાં આવ્યાં નથી અને સંવેગી અને શ્રીપૂજ્યઃ એ શબ્દો જૈન કે બૌદ્ધ કોઈ પણ સૂત્રમાં બતાવ્યા નથી, એટલા ઉપરથી તેઓ હમણાનાજ (અર્વાચીન) છે, એમ નક્કી થાય છે. હવે જ્યારે આ દેરાવાસી સાધુઓમાં ત્રણ વિભાગ છે, ત્યારે આ ત્રણે વિભાગોને માટે આચારના જુદા જુદા નિયમો હોય તે સ્વાભાવિક જ છે.

દેરાવાસી ભાઇઓ પોતાના સાધુઓ (સંવેગીઓ) ની પ્રતિષ્ઠા (માનપાન) વધારે રાખે છે. આ સંવેગીઓ (સાધુઓ) ના આચાર (રીત–ભાત) ની પરીક્ષા કરવાથી માલુમ પડે છે કે, મહાવીરના બતાવેલ કાયદાઓથી તેઓ બહુજ પતિત થઈ ગયા છે. તેઓએ પોતાના વસ્ત્રોના રંગમાં મોટો ફેરફાર કરી નાખ્યો છે. જૈનધર્મના કાયદા વિરૂદ્ધ તેઓ પીળાં લુગડાં પહેરે છે અને આવી રીતના બીજા ફેરફારો પણ કરી નાખ્યા છે. તેઓમાંથી કેટલાક પૈસાની લેણ–દેણ પણ કરે છે. આ વાત યતિ અને શ્રી પૂજ્યોને પણ લાગુ પડે છે. યતિઓ

અને શ્રીપૂજ્યો પાસે મોટી મોટી મિલકતો છે અને તેઓ દરેક જાતના ધંધા કરે છે. આ વાત મહાવીરની આજ્ઞાથી તદ્દન વિરૂદ્ધ છે; કેમકે મહાવીરનો ઉપદેશ તો એવો છે કે જૈન સાધુએ એક રાતી પાઇનો પણ પરિગ્રહ ન રાખવો જોઈએ. કદાચ આ દેરાવાસી સાધુઓમાં કોઈ એવા સાધુ પણ હશે કે જેનું જીવન એવું પવિત્ર હોય કે, જે દરેક જૈનોની પ્રતિષ્ઠા મેળવી શકે. પરંતુ તેથી પણ અમારી આ વાતનું ખંડન નથી થઇ શકતું કે, આ દેરાવાસી સાધુઓનો મોટો ભાગ મહાવીરની આજ્ઞા મુજબ ચાલતો નથી—મહાવીરના સિદ્ધાન્તથી વિપરીત ચાલે છે.

## સ્થાનકવાસી જૈન સાધુઓના જીવનની પરીક્ષા.

હવે આપણે સ્થાનકવાસી સાધુઓના આચાર-વિચારની પરીક્ષા કરીએ. આ સ્થા. સાધુઓ પોતાની પાસે દ્રવ્ય રાખતા નથી, વાહનમાં બેસતા નથી, મિલકત, જમીન વગેરે પણ રાખતા નથી, ગોચરીનું આમંત્રણ સ્વીકારતા નથી, કાયદા વિરૂદ્ધ એકજ જગાએ વધારે દિવસો રહેતા નથી, યાત્રાઓ કરતા નથી, મૂર્તિપૂજા કરતા નથી, રંગીન લુગડાં પહેરતા નથી, અને પોતાનો વખત સંસારની ઝંઝટોમાં ગાળતા નથી. સાર એ છે કે, સ્થા. સાધુઓ શાસ્ત્ર વિરૂદ્ધની બધી વાતોથી અલગ રહે છે, અને પોતાની શક્તિ મુજબ મહાવીરે બતાવેલ આજ્ઞા મુજબનું આદર્શ જીવન વિતાવે છે.

ઉપર કહેલી વાતોથી દરેક સમજદાર મનુષ્યને ખાત્રી થઈ ગઈ હશે કે, દેરાવાસી સાધુઓનું જીવન શાસ્ત્રના નિયમો

અનુસાર નથી. અને જ્યારે સાધુઓ ખુદ શાસ્ત્રાનુસાર ન ચાલે, ત્યારે તેમના અનુયાયી શ્રાવકો શાસ્ત્રાનુસાર ચાલતા હશે એમ શી રીતે માની શકાય ?

જે સાધુઓ પરિગ્રહ રાખે છે, જે સાધુઓ સૂત્રની આજ્ઞા મુજબ નથી ચાલતા અને સંસારના સુખોની શોધમાં પડયા રહે છે, તે સાધુઓ પાસે એવી આશા ન રાખી શકાય કે તેઓ પોતાના ભક્તોને સત્ય ધર્મની શિખામણ આપે. અને તેટલા માટે તેઓ પોતાના ભક્તોનું ચારિત્ર્ય વધારે ઉત્તમ બનાવવા માટે અયોગ્ય છે. તેઓ જૈન ધર્મના સાચા સિદ્ધાંતોનો પ્રચાર કરતાં ડરે છે, કારણ કે તેઓ સારી રીતે જાણતા હોય છે કે, પોતાના આચરણ અને ઉપદેશમાં (હાથી–ઘોડા જેટલો) મહાન્ તફાવત છે. અને તેથી જો સાચો ઉપદેશ આપશું તો તેમના ભક્તોની શ્રદ્ધા તેમના તરફ ઓછી થઈ જશે, અને તેમનો બહિષ્કાર કરશે. આનું પરિણામ એ આવ્યું કે, દેરાવાસી સાધુઓ અને શ્રાવકો બન્ને જૈન ધર્મના સાચા સિદ્ધાંતોથી દૂર રહ્યા-પરાંગમુખ થઈ ગયા.

## ઉપસંહાર.

આવા સંજોગોમાં, મહાવીરના અસલી અને સાચા અનુયાયી હોવાનો દાવો મૂર્તિપૂજક સંપ્રદાય ન્યાયપૂર્વક કરી શકતો નથી. એટલા ઉપરથી એ માનવુંજ પડશે કે, આ દેરાવાસીઓ મૂળ સંઘથી અલગ થઈ ગયા છે, અને તેઓએ પોતાનો એક જુદો સંપ્રદાય બનાવી લીધો છે.

મેં ઉપર જે તુલના કરી છે, તેમાં દેરાવાસી સાધુઓના જીવન ચરિત્રમાં જે વિરૂદ્ધતા દેખાય છે, તે તો ફક્ત નમુના તરીકેજ છે. જો હું જૈન સૂત્રોની આજ્ઞા મુજબ બરાબર પરીક્ષા કરૂં તો મારા આ મતનું વધારે સમર્થન થાય, કે તેઓ કોઈ પણ રીતે મહાવીરના અસલી અને સાચા અનુયાયી કહી ન શકાય.

દિગંબર તથા દેરાવાસીઓ મહાવીરના અસલી અનુયાયીઓ નથી એ વાત સિદ્ધ કરીને હવે હું અસલી અને સાચા અનુયાયી એવા સ્થાનકવાસીઓનું થોડુંક વર્ણન કરીશ. આ સ્થાનકવાસીજ મહાવીરનો અસલી અને સાચો સંપ્રદાય છે.

## પ્રકરણ ૪ થું.

# શ્વેતાંબર સ્થાનકવાસી.

( મૂર્તિપૂજાનાં માઠાં ફળ )

ગયા પ્રકરણમાં કહેલી બાબત માટે ભૂતકાળમાં થએલી વાતો પર નજર નાખવી જરૂરી છે. હું આગળ એ સિદ્ધ કરી ગયો છું કે, મહાવીર પછી ઘણે વરસે મૂર્તિપૂજાની શરૂઆત અને તેનો પ્રચાર થયો છે. મૂર્તિપૂજાનો પ્રચાર થતાં જ તેનાથી થનારી ખરાબીઓનો પણ સાથેજ પ્રચાર થયો. સાચા ધાર્મિક સિદ્ધાંતો પાળવામાં અશક્ત થએલા સાધુઓએ પોતાનો સ્વાર્થ સાધવાને માટે મૂર્તિપૂજાનો પ્રચાર કર્યો. સ્વાર્થ સાધવામાં તેઓને દ્રવ્યની જરૂર પડી, પરંતુ એમ તો બીજાની પાસે દ્રવ્ય માગવાની કે પ્રકટ રૂપમાં દ્રવ્ય પોતાની પાસે રાખવાની તેઓ હિમ્મત ન કરી શકયા; એટલે પછી તેઓએ મૂર્તિપૂજાની નવી યુક્તિ શોધી કાઢી. અને આ મૂર્તિઓનાં પૂજન અને બીજાં ખર્ચ માટે દાન દેવાનો ઉપ-

દેશ પોતાના ભક્તોને આપવો શરૂ કર્યો. તેઓની ધારણા પ્રમાણેજ મૂર્તિપૂજા તેમને લાભદાયક થઈ પડી અને આ સાધુઓ ધીરજ અને ચતુરાઈથી આ ખજાનાનો દુરૂપયોગ કરવા લાગ્યા. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તેઓ ઇંદ્રિયોના ક્ષણિક સુખમાં ગુલતાન બની ગયા, અને વિષય–લાલસાઓના દાસ બની ગયા. આવી રીતે જ્યારે તેઓનો ધાર્મિક ભાવ ચાલ્યો ગયો ત્યારે તેઓ દંભી (કપટી) પણ બન્યા. સાચા સાધુઓનો માર્ગ તરવારની ધાર પર ચાલવા જેવો કઠણ હોય છે. જ્યારે તેઓ આ કઠણ માર્ગ પર ન ચાલી શકયા, ત્યારે પોતાનો સ્વાર્થ સાધવા માટે તેમજ પોતાના પતિત આચરણો માટે કોઈ કહી ન શકે, તે માટે શાસ્ત્રોના અર્થ પણ વિપરીત કરવા લાગ્યા–પોતાને અનુકુળ પડે તેવા કરવા લાગ્યા. અને આમ થતાં લાંબે વખતે તેઓ ધાર્મિક તત્ત્વોના સાચા અભિપ્રાયને સમજવાની શક્તિ જ ખોઈ બેઠા, ત્યારે તેઓએ લૌકિક વાતોને આધ્યાત્મિક વાતોમાં, ક્ષણિક પદાર્થોને સ્થાયી પદાર્થોમાં અને અસત્યને સત્યમાં ખતવી દીધું.

અહંકાર થઈ જવાથી સત્યનો લોપ થઈ ગયો અને જ્યારે સાધુઓ ધાર્મિક સિદ્ધાંતોને ઉલટી નજરથી જોવા લાગ્યા, ત્યારે તેઓ અર્થનો અનર્થ કરીને પોતાની મતલબ સાધવા લાગ્યા. આવા સ્વાર્થ–સાધનને લઈને કેટલીએ બુરાઈઓ ઉત્પન્ન થઈ. આવી રીતે જ્યારે આ સાધુઓ સંસારના ઝગડામાં ખૂબ ફસાઈ પડયા, ત્યારે તેઓ પોતાના ભકતોની સામાજિક અને ધાર્મિક ઉન્નતિ કરવા માટે અયોગ્ય થઈ ગયા, અને પોતાનો સ્વાર્થ સાધવા માટે કલ્પિત સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવા લાગ્યા.

સ્વાભાવિક રીતે મનુષ્યપ્રાણી મોજશોખ અને એશઆરામને વધુ પસંદ કરે છે. આ પ્રાકૃતિક વૃત્તિઓનો લાભ લઈને, આ સ્વાર્થી અને પતિત સાધુઓએ મૂર્તિપૂજાની અનેક મનમાની રીતિઓ દાખલ કરી, અને શાસ્ત્રોની આજ્ઞાઓની જરા પણ પરવા કરવી છોડી દીધી. તેઓએ મોક્ષના ભાવ સસ્તા કરી નાખ્યા.* આવી રીતે અસલી વાતોની જગાએ બનાવટી વાતોનો પ્રચાર કરીને તેઓએ ધર્મનું રૂપજ બદલી નાખ્યું, અને સાચા ધર્મને એક બિલકુલ નવુંજ અને વિચિત્ર રૂપ આપી દીધું.

ઉપર કહેલ વાતની સત્યતા બાબત વધારે મહેનત કરવાની જરૂર નથી. દેરાવાસી ભાઇઓના મંદિરોમાં જે ધાર્મિક ક્રિયાઓ થાય છે, તેથીજ મારી કહેલ વાતની સત્યતા સાબિત થાય છે. આ નકામી ક્રિયાઓનો જૈનશાસ્ત્રોમાં ક્યાંય પણ ઉલ્લેખ નથી, અને તેનું કારણ એ છે કે, મોક્ષ મેળવવા માટે જે સ્વાર્થ–ત્યાગ અને મનની પવિત્રતાની જરૂર હોય છે, તે આ ક્રિયાઓમાં કયાંય પણ દેખાતી નથી.

## મૂર્તિપૂજાની વિચિત્રતા.

મૂર્તિપૂજા જૈન ધર્મના સિદ્ધાંતોથી વિરૂદ્ધ હોવા ઉપરાંત, આ દેરાવાસી ભાઈઓ જે રીતે મૂર્તિનું પૂજન કરે છે,

---

* 'શત્રુંજય માહાત્મ્ય' નામે પુસ્તકમાં લખ્યું છે કે–રૈવતગિરિ ઉપર જે જે જીવો છે તે ત્રીજે ભવે મોક્ષ જાય. એટલુંજ નહિ પણ ત્યાં સુધી લખી માર્યું છે કે, શત્રુંજય ઉપર રહેનાર વાઘ, સિંહ વગેરે હિંસક પ્રાણીઓ પણ ત્રણ ભવે મોક્ષ જશે. આવી આવી અનેક અસંભવિત વાતો આ ગ્રંથમાં લખેલી છે.

તે રીત બિલકુલ અશુદ્ધ અને અસંગત છે. તેઓ તીર્થંકરો પર રાગ–દ્વેષ આદિ માનસિક વૃત્તિઓ અને દોષોનું આરોપણ કરે છે, પરંતુ એટલું સમજતા નથી કે, તીર્થંકરો સંસારની દરેક ઝંઝટોથી દૂર હતા. તીર્થંકરોને ઉત્તમોત્તમ પુરૂષ માની તેઓનું અનુકરણ કરવાને બદલે, તેમને પોતાના કર્મના ન્યાયાધીશ સમજે છે. અન્ય ધર્મના દેવતાઓ કે જેઓ તેમના ભક્તોની પૂજા કે ખુશામતથી પ્રસન્ન થઈ વરદાન આપે છે અને ગુસ્સે થતાં શ્રાપ આપે છે, તેવા દેવતાઓ અને તીર્થંકરોમાં આ દેરાવાસી ભાઇઓ કાંઈ પણ ભેદ સમજતા નથી.

એક દેરાવાસી ભાઈ પુત્ર મેળવવા માટે મૂર્તિને પ્રણામ કરે છે, તો બીજો ધન માટે, તો ત્રીજો પોતાના શત્રુઓ પર વિજય મેળવવા માટે. ( મૂર્તિને પ્રણામ કરે છે. ) આ રીતે દરેક પોતાના આલોકના સ્વાર્થ માટે મૂર્તિની પૂજા કરે છે. મારા જોવામાં કેટલીએ વાર આવ્યું છે કે, કેટલાએ દેરાવાસી ભાઈઓ પોતાની (સાંસારિક) ઇચ્છાઓ પૂરી થવા માટે તીર્થંકરોની મૂર્તિઓની માનતા કરે છે, અને જ્યાં સુધી તે ઇચ્છા પૂરી ન થાય ત્યાં સુધી તીર્થંકરના નામ પર અમૂક ચીજ ખાવાની બંધી કરે છે. તેવીજ રીતે પોતાના સારા કે ખરાબ કામોમાં સફળતા મળે તે માટે, અનેક મૂર્તિપૂજક ભાઈઓ મૂર્તિઓને છત્ર, ચામર, આંગી, કેસર અથવા બીજી ચીજો ચડાવવાનાં વચન આપે છે. (સોગન ખાય છે) જે લોકો તીર્થંકરોને આવી જાતના પદાર્થો કે બીજી કીમતી વસ્તુઓ ભેટ કરવાના ખોટા અને ગલત ખ્યાલથી વચન આપે છે, તે લોકો એમ સમજે છે કે, તીર્થંકર (કે જે સંસારની બીજી કોઈ તુચ્છ

વાતો કે ઇચ્છા વગરના છે) સાચા ન્યાયના પ્રવાહને બદલી તેઓના કરેલ કર્મોનો ખ્યાલ કર્યા વગર, પોતાની (મૂર્તિપુજકોની) ઇચ્છા અનુસાર ન્યાય આપશે.

ભ્રમમાં પડેલા આ બિચારા મૂર્તિપૂજક અનુયાયીઓ પર ખરેખર દયા આવે છે. મહાવીરે કહેલ ઉંચા અને શ્રેષ્ઠ સિદ્ધાંતો તેઓ ન સમજી શકયા અને તેથીજ મૂર્તિ સમક્ષ તેઓ એવી એવી સ્વાર્થી ઇચ્છાઓ કર્યા કરે છે, અને તેથી તેઓ ઉત્તમ તત્ત્વોની પ્રાપ્તિથી દૂર રહે છે.

હું ઉપર જે કાંઈ કહી ગયો છું તેની સત્યતા બાબત સંદેહ રાખવાની જરૂર નથી. શું કોઈ એમ બતાવી શકશે ખરા કે, હજારો મૂર્તિપૂજક ભાઇઓમાં કેટલા એવા છે, કે જેઓ ફક્ત મોક્ષ મેળવવાના એકજ હેતુથી યાત્રાઓ કરતા હોય, કે મૂર્તિઓને ધન, ધાન્ય આદિ ચડાવતા હોય કે લાંબી ચોડી પૂજા કરતા હોય? જો દરેક દેરાવાસી ભાઈ કે યાત્રાળુ આ પ્રશ્નનો ઉત્તર પ્રમાણિકતાથી અને પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપે, તો મારા ઉપર કહેલ કથનની સત્યતા આપોઆપ માલુમ પડી આવે.

મૂર્તિપૂજા સંબંધમાં એક વાત તો બહુજ વિચિત્ર છે. જો આપણે આ તીર્થંકરોની મૂર્તિઓનું બારીકાઈથી નિરીક્ષણ કરીએ તો આપણને દેખાશે કે, આ મૂર્તિઓ હમેશ ધ્યાન-અવસ્થાવાળીજ હોય છે. તે ઉપરથી માલુમ પડે છે કે, આ મૂર્તિઓનું ચિત્ત તદ્દન અડોલ છે અને તેની દૃષ્ટિ નાકના અગ્ર ભાગ પર લાગેલી હોય છે. આ વાત એમ સૂચિત કરે

છે કે, આ મૂર્તિઓ પાપ કે પુન્યથી તો ઉદાસ છેજ; પણ તેની સાથે આખાય સંસાર તરફ ઉદાસીન છે. સારાંશ એ છે કે, આ મૂર્તિઓમાં બહારની તેમજ અંદરની શાંતિ ઝળકે છે.

મૂર્તિપૂજા કરવા યોગ્ય છે કે નહિ તે વાતને ઘડીભર છોડી દઇને, મારે બહુ દિલગીરીની સાથે કહેવું પડે છે કે, મૂર્તિપૂજક ભાઈઓ પૂજા કરતી વખતે મૂર્તિઓને બહુજ અન્યાય કરે છે. ઉંડા ધ્યાનમાં લીન થએલી મૂર્તિઓને, આ દેરાવાસી ભાઇઓ ઘંટાઓના ઘનઘનાહટથી, નગારાના બેઢબ અવાજોથી અને મંત્રોના ઉટપટાંગ ઉચ્ચારોથી જગાડે છે, તેમજ આ મૂર્તિઓને સોના-રૂપાના ઘરેણાંઓના ભારથી શણુ-ગારે છે, અને મૂર્તિઓ દેખી શકશે એવી આશાથી આ મૂર્તિઓને કાચ કે સ્ફાટિકની આંખો લગાવે છે. આવી રીતે આ મૂર્તિના ભક્તો મૂર્તિઓ પર અનેક ઉપાધિઓ નાખીને, તેના ઉચ્ચ સ્થાન પરથી નીચે પછાડે છે-અધઃપતન કરે છે, સંસારી પામર મનુષ્યોમાં તેની ગણત્રી કરે છે અને પોતાની મનમાની કલ્પના મુજબ તેને પોતાને આધીન રાખે છે.

જો કે આ દેરાવાસી ભાઈઓ તીર્થંકરોને મોક્ષ ગયેલા અને અરૂપી માને છે, છતાં પણ આ ભાઈઓ તેમને એક નાની મૂર્તિના રૂપમાં વસ્તુ રૂપ બનાવી લે છે. તીર્થંકરો મોક્ષ ગયા બાદ નિરાકાર (આકાર વગરના) હોય છે એમ આ લોકો માનતા હોવા છતાં પણ તેઓનું પત્થર કે ધાતુની મૂર્તિમાં રૂપાન્તર કરી નાખે છે, અને તેમને ત્યાગી માનતા હોવા છતાં પણ તેમની ઉપર બધી જાતના ભોગ (પદાર્થો)

ચડાવે છે. આ દેરાવાસી ભાઇઓ જાણે છે કે, તીર્થંકરો નગ્ન રહેતા હતા, છતાં પણ તેમને જુદી જુદી જાતનાં વસ્ત્રો પહેરાવે છે. તીર્થંકરો અહિંસા ધર્મના જબરજસ્ત પ્રચારક હતા એટલું જાણતા હોવા છતાં પણ, આ દેરાવાસી ભાઇઓ ફુલ વગેરે અનેક વસ્તુઓ ચડાવીને તીર્થંકર નિમિત્તે અસંખ્ય (અને અનંત) જીવોની હિંસા કરે છે. તીર્થંકરોને હવે ફરી વખત જન્મ લેવાનો નથી, છતાં પણ પત્થર કે ધાતુની જડ મૂર્તિમાં તેમની પ્રાણ-પ્રતિષ્ઠા કરે છે. તીર્થંકર મૃત્યુથી છૂટી ગયા છે, એવું જાણતા હોવા છતાં પણ, નાશ પામી જવાવાળા પત્થર કે ધાતુનું રૂપ તીર્થંકરોને આ ભાઇઓ આપે છે. એટલું જ નહિ, પણ તીર્થંકરોને સર્વ શક્તિમાન માનતા હોવા છતાં, તીર્થંકરોને અને તેનાં ઘરેણાંને ચોરની બીકથી તાળામાં પૂરી રાખે છે. સારાંશ એટલો જ છે કે ભ્રમમાં પડેલા અને મિથ્યાત્વમાં ફસેલા આ મૂર્તિપૂજક ભાઇઓના કામોમાં અગણિત વિરોધ દેખાય છે.

## મૂર્તિપૂજકોના પક્ષની પરીક્ષા અને ખંડન

મૂર્તિપૂજક ભાઈઓનું કહેવું એમ છે કે, તીર્થંકરની પત્થરની મૂર્તિઓ તેમને તીર્થંકરોના ગુણો યાદ દેવરાવે છે, અને તેમના હૃદયમાં તે સદ્ગુણોનું અનુકરણ કરવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન કરે છે. પરંતુ આ વાત સાફ ખોટી છે, કારણ કે તેઓના આચાર વ્યવહાર પર આ વાતની બહુજ ઓછી અસર થતી દેખાય છે. મૂર્તિઓના કિમતી અને ચમકદાર ઘરેણાં, મંદિરોમાં થતી આંખને આંજી નાખે તેવી રોશની, બીજા અનેક ચિત્તાકર્ષક પદાર્થો, મધુર અને સુંદર

ગાયનો, (જે મૂર્તિ પાસે હારમોનીયમની સાથે ગવાય છે) રંગબેરંગી વસ્ત્રો પહેરેલાં નાના નાના બાળકોના નાચ અને ભજન, તથા તેમના પગમાં બાંધેલા ઘુઘરાઓના ઘમકાર, પ્રતિમાઓની સામે બાળવામાં આવતા ધૂપની ગંધ, આ બધી બાબતો (ધાંધલો) ભ્રમજાળમાં ફસાયેલા ભક્તોને મોક્ષમાર્ગ પર ન લઈ જતાં બીજે જ રસ્તે લઈ જાય છે, તેમજ તેઓના માનવા મુજબ તીર્થંકરોના સદ્‌ગુણોનું અનુકરણ કરવાની ઈચ્છા પણ ઉત્પન્ન કરતી નથી, પરંતુ તેમને સંસારના ક્ષણિક સુખોની ભુલભુલામણીમાં બરાબર ફસાવી દે છે.

જો સાચું પૂછો તો આ મૂર્તિઓ અને તેની પાછળનાં ક્રિયાકાંડોની ઉત્પત્તિ સ્વાર્થને લઇને જ થઈ છે, અને આ સ્વાર્થને ધ્યાનમાં રાખીને જ આ લોકો પોતાના અંધશ્રદ્ધાળુ ભકતોને મૂર્તિપૂજા તરફ ઝુકાવે છે. જ્યારે કોઈ ભક્ત મંદિરમાં જાય છે, ત્યારે ત્યાંનો (ઠાઠમાઠવાળો) દેખાવ જોઇને જ તે ચકિત થઈ જાય છે, અને બત્તીના ઝગઝગાટથી તેની દૃષ્ટિ રોશની પર લીન થઈ જાય છે, તે વખતે તેના મનના વિચારો ચક્કરમાં પડી જાય છે અને જાણે કે તે સ્વપ્નમાં હોય તેમ તેને દેખાય છે. બીજા પૂજા કરનારાઓની પહેલાં પોતે પૂજા કરી લ્યે એવી ધૂનમાં, તેમજ પૂજનના દ્રવ્યો ચડાવવાના આવેગમાં, આ ભક્તની તે વખતે જે દશા હોય છે, તે દશામાં એ કદાપિ પણ બનવા જોગ નથી કે, તે ભકત તે વખતે પોતાની બુદ્ધિથી જરા પણ વિચાર કરતો હોય, કે હું જે કામ કરી રહ્યો છું તે બુદ્ધિમાનનું છે કે અણસમજુનું! તેને આ વાતનું પણ ભાન

નથી રહેતું કે, આ મૂર્તિપૂજાથી તો ફક્ત મારી વાસનાઓની જ તૃપ્તિ થાય છે, અને સત્યથી તો હું દૂર જતો જાઉં છું! પૂજ્ય તીર્થંકરોના ઉચ્ચ સિદ્ધાંતો ન જાણતો હોવાથી, તે આવા વ્યર્થ આડંબરોમાં પોતાના ધનનો નાશ કરે છે, અને પોતાના જીવનનો બહુ મૂલ્ય વખત આવા બિન જરૂરી પૂજનની વિધિઓમાં નકામો ગુમાવે છે. સાધુઓના દબાણ અને ડરથી શ્રાવકો જરા પણ ચું કે ચાં ન કરી શકયા,* અને સ્વાર્થી સાધુઓએ બતાવેલી નવી નવી પૂજન વિધિઓને શાંતિપૂર્વક તેઓએ સ્વીકારી લીધી. આ શોચનીય સ્થિતિ અત્યારે પણ મોજુદ છે અને જૈનોના મૂ૦ પૂ૦ સંપ્રદાયમાં સેંકડો વર્ષોથી તે ચાલી આવે છે.

આ નકામી પૂજન વિધિઓ અને ક્રિયા આડંબર, આત્મ કલ્યાણના સાધન થવાં તો દૂર રહ્યાં, પણ એક નકામો બોજો છે. જ્યારે પૂજન વિધિઓ દિવસે દિવસે વધતી ગઇ, અને તેનાથી નુકશાન થવા લાગ્યું, ત્યારે કુદરતી રીતે જ લોકોના હૃદયમાં આત્માને સંતોષ આપવા માટે કોઇ સારા સાધનની તપાસ કરવાની ઇચ્છા પેદા થઈ, અને આ જુલ્મી સાધુઓના સકંજામાંથી છુટવા માટે તેઓ તૈયાર થઇ બેઠા.

---

* અને કરે પણ કેવી રીતે? આ સાધુઓએ શ્રાવકોને સૂત્રો વાંચવા માટે પહેલેથી જ નાલાયક ઠરાવી દીધા. પછી કેવી રીતે ચું ચાં કરી શકે. જો મૂળ સૂત્રો વાંચે તો તો આ બધી વાતોની પોલની ખબર પડે. પણ તેમ તો મૂ.પૂ. જૈન બંધુઓ કરી શકે નહિ. એટલે પછી જેમ આ સાધુઓ કહે તેમજ કરવાનું રહ્યું.

## લોંકાશાહ દ્વારા મૂર્તિપૂજાનો નિષેધ.

આવી હાલતમાં પરિવર્તન થવું તદ્દન સ્વાભાવિક હતું. નીચે લખેલ ઘટના મુજબ અમદાવાદના લોંકાશાહ નામના એક મોટા વેપારીના સંબંધમાં એવો એક બનાવ બન્યો, જેથી તેમના દિલમાં મૂર્તિપૂજાની નિરર્થકતા બતાવવાની પ્રશંસનીય ઈચ્છા ઉત્પન્ન થઈ આવી, અને તેઓ મુંઝાયલા મનુષ્યોની રક્ષા કરવા તત્પર થયા. આ ઘટના નીચે મુજબ છેઃ—

જ્યારે લોંકાશાહ એકવાર મંદિરમાં ગયા, ત્યારે તેઓએ એક સાધુને પુસ્તક ભંડારની વ્યવસ્થા કરતાં જોયા, અને પુસ્તકોની જીર્ણ–શીર્ણ ( ફાટેલ તુટેલ ) અવસ્થા પર નિઃશ્વાસ નાખતા જોયા. આ સાધુએ જીર્ણ થએલાં પુસ્તકોની રક્ષા કરવાના કામમાં લોંકાશાહની મદદ માગી. લોંકાશાહના અક્ષર ઘણાજ સુંદર હતા તેમજ તેઓ ધર્માત્મા પણ હતા, એટલે તેઓએ પુસ્તકોની નકલો કરી દેવાનું કબુલ કર્યું અને તરત જ કામ શરૂ કરી દીધું. જ્યારે તેઓએ લખતાં લખતાં એ જોયું કે, સૂત્રોમાં લખેલા સિદ્ધાંતો ઘણી જ ઉંચી કોટિના છે, તેમજ સૂત્રોમાં મૂર્તિપૂજા કરવાનું કયાંય પણ વિધાન (આજ્ઞા) નથી, તથા જૈન સાધુઓને પરિગ્રહ રાખવાનું કે લૌકિક સુખ ભોગવવાનું કયાંય લખ્યું જ નથી, ત્યારે તેમને આશ્ચર્ય થયું. તેમને ખબર પડી કે, આજ કાલના સાધુઓ જે વાતોની સ્થાપના કરે છે, તે વાતો તો શાસ્ત્રોમાં બિલકુલ છેજ નહિ.

આ બનાવથી તેમના દિલમાં અચાનક એક ક્રાંતિ પેદા થઈ ગઈ અને તેમના વિચારો તદ્દન બદલાઈ ગયા. તેમણે

દરેક સૂત્રની બે બે નકલો ઉતારી, તેમાંની એક નકલ સાધુને આપી અને બીજી નકલ પોતાની પાસે રાખી. ત્યાર બાદ તેઓએ સૂત્રોનો ઉંડો અભ્યાસ કર્યો, અને મહાવીરના સિદ્ધાંતોને હૃદયમાં બરાબર ઉતાર્યા. જો કે તેમનો જન્મ મૂર્તિપૂજક સંપ્રદાયમાં થયો હતો, તો પણ તેઓએ મૂર્તિપૂજાને તરત જ છોડી દીધી અને મેદાનમાં આવી જૈનસમાજને પડકાર કરી કહ્યું કે, જે સાધુઓ મૂર્તિપૂજાની આજ્ઞા કરે છે, તેઓ ઠગ (ધૂર્ત) છે, કેમકે શાસ્ત્રોમાં મૂર્તિપૂજા કરવાનું વિધાન ક્યાંય પણ છે જ નહિ. લોંકાશાહમાં મહાન્ આત્મિક બળ હતું તેથી પોતાના વિચારો પ્રગટ કરવામાં તેઓ ન ગભરાતાં હિમ્મતપૂર્વક બહાર પડ્યા. તેઓએ તે વખતના સાધુઓની સ્વાર્થ પરાયણતાની પોલ ઉઘાડી પાડી અને શાસ્ત્રોમાં લખેલા અસલી જૈન સિદ્ધાંતોનો પ્રચાર કરવો શરૂ કર્યો. તુરત જ થોડા સમજુ ભાઈઓ તેમના સત્ય ઝંડા નીચે આવી મળ્યા અને તેમની મદદથી તેમણે પવિત્ર અને અસલી સિદ્ધાંતોનો પ્રચાર કરવો શરૂ કર્યો. આથી ઘણાએ ઉન્માર્ગ પર ચડેલા ભાઇઓને તેઓ સન્માર્ગ પર લાવ્યા. જ્યારે આ સ્વાર્થી સાધુઓએ જોયું કે પોતાની સ્થિતિ ડામાડોળ તેમજ શોચનીય થઈ ગઈ છે, તેમજ પોતાની માન-પૂજા નષ્ટ થઇ જવાની તૈયારી છે, ત્યારે તેઓએ લોંકાશાહને હેરાન કરવાનું શરૂ કર્યું. તેઓએ લોંકાશાહ પર આફતના વરસાદ વરસાવ્યા અને તેમના અનુયાયીઓના ચારિત્રને કલંકિત કરવા માંડ્યું. પરંતુ આ બાજુ લોંકાશાહ પણ હિમ્મત હારે એમ નહોતા. અનેક મુશ્કેલીઓ વચ્ચે તેમજ એક મોટી સંખ્યાના વિરોધી સમાજની વચ્ચે રહીને લોંકાશાહ અને

તેમના ભક્તોએ ખૂબ જોરશોરપૂર્વક પોતાનું પવિત્ર કામ ચાલુ રાખ્યું. સ્વાર્થી સાધુઓની માન–પૂજા ધીમે ધીમે ઘટવા લાગી, અને લોકોના ટોળે–ટોળાં લોંકાશાહના શરણુ નીચે આવવા લાગ્યાં. લોંકાશાહે સત્યજ્ઞાન રૂપી દીવાનો પ્રકાશ કર્યો અને આ પ્રકાશ હિંદના ચારે ખૂણામાં તુરત જ ફેલાઈ ગયો. જ્યાં જ્યાં આ પ્રકાશ ફેલાયો ત્યાં ત્યાં શાંતિનું રાજ્ય પથરાઈ ગયું. સત્યની જળહળતી જ્યોતિમાં અસત્ય અને ધૂર્તતાનો નાશ થવા લાગ્યો અને ફક્ત ૪૦૦ વર્ષની અંદર જ ભૂલા પડેલા પાંચ લાખ મનુષ્યો સાચા રસ્તા પર આવી ગયા, એટલે કે જૈન ધર્મના પવિત્ર અને અસલી સિદ્ધાંતોના અનુયાયી બની ગયા.

## સ્થાનકવાસી નામ કેમ ધારણુ કર્યું ?

જૈનધર્મના આ સાચા અનુયાયીઓનું ઉપનામ મૂર્તિ-પૂજકોએ વૈરભાવને લઈને ‘ઢુંઢીઆ’ રાખી દીધું. પોતાને મૂર્તિપૂજકોથી અલગ ઓળખાવવા માટે લોંકાશાહના ભક્તો, બલ્કે એમ કહેવું જોઈએ કે, મહાવીરના અસલી ઉપદેશોના સાચા ભક્તો પોતાને ‘સ્થાનકવાસી’ કહેવા લાગ્યા. દ્વેષને લઈને જ, દેરાવાસીઓ કહે છે કે, સ્થાનકવાસીઓ અમારા મૂળ સંઘની શાખા છે અને સ્થાનકવાસીઓની ઉત્પત્તિ ફક્ત ૪૦૦ વર્ષથી જ થઈ છે, પરંતુ તેઓની આ વાત સાફ ખોટી છે.

## લોંકાશાહ જૈન ધર્મના અસલી સિદ્ધાંતોના પ્રચારક હતા.

ઉપરના પૃષ્ઠોમાં આ વાત સારી રીતે સિદ્ધ કરી દેવામાં આવી છે કે, સ્થાનકવાસી સંપ્રદાય એ જ સાચો જૈન ધર્મ છે.

પરિગ્રહ એકઠો કરનાર સ્વાર્થી સાધુઓને લીધે જ સમાજ ભળતી દિશાએ અને કુમાર્ગ પર ચાલ્યો ગયો હતો. કેવલ એક આકસ્મિક ઘટનાને લઇને જ લોંકાશાહને અસલી સૂત્રો જોવા મળ્યાં, અને તેથી જ તેમને સત્યનો પત્તો મલ્યો, અને તરતજ તે વખતમાં ચાલતા અસત્ય વિચારો અને સિદ્ધાંતોનો વિરોધ કરવા સમર્થ થયા. લોંકાશાહે જૈન ધર્મના અસલી સિદ્ધાંતો બહાર પાડયા અને લોકોમાં તેનો પ્રચાર કર્યો. તેનું ફલ એ આવ્યું કે, જૈન ધર્મના શ્રેષ્ઠ અને ઉદાર સિદ્ધાંતો જોઈ લોકો ચકિત થઈ ગયા. ચકિત થઈ જવાનું કારણ એ પણ હતું કે, આ ઉદાર સિદ્ધાંતો આ ધૂર્ત સાધુઓએ કેટલીએ સદીઓ થયાં દબાવી છુપાવી રાખ્યા હતા.

જેના નિર્મળ હૃદયમાં સ્વાર્થનો એક અંશ પણ નહોતો, તેમજ જેના સદ્‌વિચાર, ઉપદેશ અને આચાર ફક્ત સત્યના પ્રેમથી જ પ્રેરાયેલ હતાં, એવા ધર્મપ્રાણ લોંકાશાહના સરળ, સ્પષ્ટ અને સુંદર ઉપદેશ તરફ, સાધુઓના અત્યાચારથી ગભરાએલા* અને સત્યની શોધમાં લાગેલા જનસમુદાયનું

---

* લોંકાશાહના વખતમાં સ્થિતિ કેવી હતી તેનું આબેહુબ વર્ણન ભાઇ નેનમલજીએ નીચેની કવિતામાં કર્યું છે—

યતિયોંકે ઉપદેશોંને જબ ભકતોંકો ભરમાયાથા,
અંધ શ્રદ્ધાને એ અવનિ પર, રાજ્યધ્વજ ફહરાયા થા (૨)
અંધકાર છાયા થા જગમેં, જ્યોતિ નહિ જબ મિલતી થી,
પાપોંકે બોઝેકે કારણ, માતૃ-ભૂમિ સબ હિલતીથી (૨)
ધર્મ તત્વકો ભૂલ ગયે થે, અંધ ભકિત જબ છાઈ થી,
ઝૂઠ ઔર કુભાવના જગમેં, જબ સર્વત્ર સમાઇ થી. (૨)

લક્ષ જલ્દીથી ખેંચાયું, અને સત્યનો પ્રકાશ તેમના હ્રુદય પર પથરાઈ ગયો. સાચું પૂછો તો લોંકાશાહે, નથી તો કોઈ પોતાનો નવો સિદ્ધાંત સ્થાપ્યો, કે નથી તો કોઈ નવીન દર્શન પદ્ધતિ સ્થાપવાનો દાવો કર્યો. તેઓએ લોકોને અસલી જૈનશાસ્ત્રોમાં શું લખ્યું છે તે બતાવવામાં, અને તે વખતમાં ચાલતાં લૌકિક અને સ્વાર્થથી ભરપૂર સિદ્ધાંતોથી

---

ઉપરની છ લાઇનોમાં લોંકાશાહના જન્મ પહેલાં કેવી સ્થિતિ હતી, તેનો ખ્યાલ આપ્યો છે.

તબ ઐસે વિકરાળ કાળમેં, લોંકાશાહ કા જન્મ હુવા,
ગહન તિમિરસેં પૂર્ણ દેશમેં, અદ્‌ભૂત એક પ્રકાશ હુવા. (૨)

આવા વિકરાળ કાળમાં લોંકાશાહનો જન્મ થયો. પછી શું થયું તે આગળ વાંચો.

ધર્મ પ્રાણ લોંકાશાહને, દયા ધર્મ કો ફેલાયા. (૨)
અંધ શ્રદ્ધાળુ ભકત જનોંકો, સત્ય ધર્મ તબ સિખલાયા. (૨)
ભારતકે કોને કોને મેં, ઉસને ડંકા બજવાયા,
ગહન નીંદમેં પડે હુએ કો, ફિરસેં ઉસને જગવાયા. (૨)
સરળ આપકે ઉપદેશોને, બિજલી જૈસા કામ કીયા,
ચુંબક બન ઉસ ધર્મવીરને, ભકત હૃદયકો ખીંચ લીયા. (૨)

આ મુજબ લોંકાશાહે ખૂબ મહેનત લઇ, યતિઓના પંજામાંથી લાખો લોકોને છોડાવી, હિંદના ચારે ખૂણામાં સત્ય એવા સ્થા. ધર્મને ફેલાવ્યો. વળી તેમણે બીજું શું કર્યું ?

આગમ ઉદ્ધારક લોંકાશાહે, માર્ટીન લ્યુથર કા કામ કીયા,
હિંસક પૂજા બંધ કરા કે, અહિંસક ઝંડા ફરકાયા.

જે કામ યુરોપમાં માર્ટીન લ્યુથરે કર્યું, તે કામ હિંદમાં લોંકાશાહે કર્યું.

બચવાનો માર્ગ બતાવવામાંજ પોતાનું કર્તવ્ય પૂરૂં કર્યું. સદ્‌ગુરૂ લોંકાશાહે બતાવેલ સરળ અને આત્મોન્નતિ કરવાવાળા સાચા સિદ્ધાંતોએ જન સમુદાય પર બહુ ભારે અસર કરી. તેઓએ પોતાના અંતઃકરણમાં આ સિદ્ધાંતો ઉપર શાંતિપૂર્વક વિચાર કર્યો, અને તેમને દૃઢ વિશ્વાસ થઇ ગયો કે, આ સિદ્ધાંતો સાચા, પવિત્ર અને દરેક રીતે પૂર્ણ છે, અને તે વખતના નામધારી મહાત્માઓના સિદ્ધાંતો મનમાન્યા અને ગોટાળાથી ભરપુર છે. આ પ્રકારનો વિશ્વાસ થઈ જવાથી પાપથી ડરવાવાળા અને બુદ્ધિમાન્ લોકોએ તરતજ આ અસલી અને પ્રાચીન ધર્મ અંગીકાર કરી લીધો. પરંતુ જે લોકો પક્ષપાતી અને કટ્ટર હતા તેઓએ પૂજાના પાખંડને અને તેવીજ બીજી ક્રિયાઓ ( કે જેની આજ્ઞા જૈન ધર્મના તીર્થંકરોએ દીધી જ નથી ) ને છોડી નહિ.

ઉપરની વાતોથી બરાબર સિદ્ધ થાય છે કે, સ્થાનકવાસી સંપ્રદાય એ મૂર્તિપૂજક સંપ્રદાયની શાખા નહોતી—નથી; પરંતુ એમ જરૂર કહી શકાય કે, મૂર્તિપૂજક સંપ્રદાય મૂળ ( સ્થાનકવાસી )થી અલગ થઈ ગએલ છે, અને તેમણે મહાવીરના સિદ્ધાંતોથી વિરૂદ્ધ અને નવોજ સંપ્રદાય ઉભો કર્યો છે.

એક મતને બીજા ધર્મની શાખા ત્યારેજ કહી શકાય કે જ્યારે તે મત, તે ધર્મના અસલી પ્રચારકોના સિદ્ધાંતનું ખંડન કરતો હોય. મેં ઉપરના પૃષ્ઠોમાં એ વાત નિર્વિવાદ સિદ્ધ કરી બતાવી છે કે, શ્વેતાંબરોનો મૂર્તિપૂજક સંપ્રદાયજ એક એવો સંપ્રદાય છે કે, જે છડેચોક સિદ્ધાંતોમાં અને વ્યવહારમાં મહાવીર અને બીજા તીર્થંકરોના સિદ્ધાં-

તોથી વિરૂદ્ધ ચાલે છે. એટલા માટે એ કહેવું યુક્તિયુક્ત છે , આ દેરાવાસી સંપ્રદાય એ પ્રાચીન ધર્મની (સ્થાનક-વાસીની) એક શાખા છે, અને અસલી તત્ત્વોથી વિમુખ થઈ ગએલ છે. ફક્ત સ્થાનકવાસી સંપ્રદાયજ તીર્થંકરોના અસલી ઉપદેશોને માન આપે છે અને તેથી કોઈ પણ એમ કહી ન શકે કે, સ્થા. સંપ્રદાય બીજા કોઈ પણ ધર્મની શાખા છે.

આવા સંજોગોમાં કોઈ પણ નિષ્પક્ષપાત પાઠક મારી આ વાતની સાથે જરૂર મળતા થશે કે, જૈનોમાં જો કોઈ પણ સંપ્રદાય મહાવીરના અસલી અને સાચા અનુયાયી હોવાનો દાવો કરી શકતો હોય તો તે એક ફક્ત સ્થાનક-વાસી સંપ્રદાયજ છે.

સ્થાનકવાસીજ જૈન ધર્મના અસલી અને સાચા અનુ-યાયી છે, અને શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય મૂળ સંઘની એક શાખા માત્ર છે, તે વાતને વધારે મજબુત કરવા માટે એ વાત જરૂરની છે કે, આપણે તે લક્ષણો (સિદ્ધાંતો) ની તપાસ કરીએ કે જે લક્ષણો મહાવીરના સાચા અનુયાયી બનાવી શકે, અને પછી આ સિદ્ધાંતોની કસોટી પર કસી પરીક્ષા કરીએ કે, આ બન્ને સંપ્રદાયોમાંથી એવો કયો સંપ્રદાય છે કે જે ખરી રીતે અસલી જૈન કહી શકાય.

## મૂર્તિપૂજકો અને સ્થાનકવાસીઓની તુલના.

*દેરાવાસીઓ ૪૫ સૂત્રોને માને છે, ત્યારે સ્થાનકવાસી-ઓ ફક્ત ૩૨ નેજ માને છે. સ્થાનકવાસીઓની આ માન્યતા

* જયાં જયાં દેરાવાસી શબ્દ મૂકયો છે ત્યાં ત્યાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમજવું.

માટે તેઓની પાસે પૂરતાં મજબુત કારણો પણ છે, પરંતુ વિષયાંતરની બીકે આ વિષય પર હું અહિં વિવેચન કરતો નથી.*

દેરાવાસીઓ મૂર્તિની પૂજા કરે છે, અને કર્મબંધનથી છૂટવા માટે યાત્રાઓ કરે છે; ત્યારે સ્થાનકવાસીઓ તેમ કરતા નથી, કારણ કે તેમને ખાત્રી છે કે, આ યાત્રાઓ જૈન ધર્મના સિદ્ધાંતોથી વિરૂદ્ધ છે, એટલુંજ નહિ પણ આ યાત્રાઓથી પોતાનો ઉદ્દેશ પૂરો થઈ શકતો નથી. તેમજ સ્થાનકવાસીઓની એવી પણ દૃઢ માન્યતા છે કે, આત્મ-સંયમ, સચ્ચરિત્રતા અને આત્મ-ત્યાગથી જ ઇચ્છિત ઉદ્દેશ (મોક્ષ-પ્રાપ્તિ) સાધી શકાય છે.

આ સિવાય બીજી વાત એ છે કે, દેરાવાસીના સાધુઓ ત્રણ ભાગમાં વહેંચાએલા છે, અને જ્યારે તેઓ પરિગ્રહમાં ફસાયલા હોય છે ત્યારે તેમનો આચાર જૈન ધર્મના સિદ્ધાંતોથી અવશ્ય વિરૂદ્ધ થઇ જાય છે. ત્યારે સ્થાનકવાસીમાં એવા કોઇ પણ વિભાગ છેજ નહિ, અને સ્થા. સાધુઓ હમેશાં ધર્મશાસ્ત્રો વાંચવામાં જ લાગ્યા રહે છે, અગર તો આત્માની ઉન્નતિ કરવા યોગ્ય ક્રિયાઓમાં મશગુલ રહે છે. આવી રીતે હમેશાં ધર્મધ્યાનમાંજ લાગ્યા રહેતા હોવાથી, તેઓને બીજી આડી અવળી બાબતો માટે નથી તો વખત મળતો કે નથી તો તેઓની ઈચ્છા થતી કે સાંસારિક વાતોમાં માથું મારે.

---

* આ વિષયમાં જેને વધારે જાણવું હોય તેણે "લોંકાશાહ મત સમર્થન" નામનું પુસ્તક વાંચવું.

આથી ઉલટું દેરાવાસી સાધુઓમાં ઘણાએ એવા છે, કે જેઓ પોતાની પાસે એક યા બીજી રીતે પૈસો ટકો રાખે છે, તેમજ બીજી પણ એવી એવી ચીજો રાખે છે કે જે ચીજો રાખવાની આજ્ઞા શાસ્ત્રોમાં નથી. સ્થાનકવાસી સાધુઓ પોતાની પાસે ફક્ત તેજ ચીજો રાખે છે, કે જે ચીજો રાખવાની જૈન શાસ્ત્રોમાં આજ્ઞા અપાયેલી છે.

આ પ્રકારે આ બન્ને સંપ્રદાયના સાધુઓમાં એટલી બધી ભિન્નતા છે કે, જો તે બધાનું વર્ણન કરવામાં આવે તો સેંકડો પાના ભરાઈ જાય. તે હિસાબે અહિં વધારે વર્ણન ન કરતાં, તેમજ મારા સુજ્ઞ પાઠકનો વધારે સમય ન લેતાં, ટુંકમાં એટલુંજ કહેવું બસ છે કે, જો કે આ બન્ને સંપ્રદાયો એકજ શાસ્ત્રને માને છે અને એકજ તીર્થંકરોના ભક્તો હોવાનો દાવો કરે છે, તો પણ આ બન્ને સંપ્રદાયોના આચાર–વિચારમાં એટલો બધો તફાવત દેખાય છે કે, જો કોઈ પરદેશી તેમનું અવલોકન કરે તો તે જરૂર એમજ કહેશે કે, આ બન્ને સંપ્રદાય તદ્દન અલગ અલગ ધર્મના અનુયાયીઓ છે, અને તેમના સિદ્ધાંતોમાં કોઈ પણ પ્રકારની સમાનતા છેજ નહિ.

દેરાવાસી સાધુઓ કરતાં સ્થાનકવાસી સાધુઓ, આત્મ-ત્યાગ અને આત્મ–સંયમના કડક નિયમો વધારે સારી રીતે પાળે છે. સ્થાનકવાસી સાધુઓ સંસાર સાથે એવો કોઈ પ્રકારનો સંબંધ રાખતાજ નથી કે જેથી તેઓ સ્વાર્થી બની જાય. સ્થા. સાધુઓમાં એવો કોઇ દોષ નથી કે જેથી કરીને

તેઓ સત્ય વસ્તુનો ઉપદેશ દેતાં આંચકો ખાય. સંસાર ત્યાગવામાં અને લૌકિક સુખોને લાત મારી દીક્ષા લેવાનો સ્થા. સાધુઓનો એક માત્ર એજ ઉદ્દેશ છે કે, તેઓ, તીર્થંકરોએ જે મહાન્ સદ્‌ગુણોનું પાલન કર્યું હતું, તે સદ્‌ગુણોનું પાલન કરી અમર થઈ જાય. ( ફરી જન્મ લેવો ન પડે ) સારાંશ એ છે કે, સ્થા. સાધુઓ મહાવીરના સાચા ભક્ત થવાની યોગ્યતા રાખે છે, અને તેથીજ, જૈનધર્મના પવિત્ર અને અસલી સિદ્ધાંતોનો સાચો ઉપદેશ દેવાની કોઇનામાં પણ યોગ્યતા હોય, તો તે સ્થા સાધુઓમાંજ છે. આ સત્ય સિદ્ધાંતોનો બહોળો ફેલાવો કરવાનોજ સ્થા. સાધુઓનો ખાસ ઉદ્દેશ હોવાથી, તેઓજ મહાવીરના સાચા ભક્તો કહેવરાવવાને લાયક છે.

તે લોકોને હું મહાવીરના સાચા ભક્તો નથી કહી શકતો, કે જેઓ પોતાને ધર્માત્મા કહેવરાવે છે, અને ફક્ત પોતાનીજ ચિંતામાં લાગ્યા રહે છે, તેમજ સંસારને છોડયા છતાં પણ સંસારના કામોમાં ફસાયલા રહે છે, અને પોતાની મતલબ સાધવામાં તેમજ લોકોને છેતરવામાંજ રચ્યા પચ્યા રહે છે.

## સાચા શિષ્ય બનવામાં કઈ વાતોની જરૂર છે ?

સાચા શિષ્ય બનવા માટે એ જરૂરી નથી કે, તીર્થંકરોની બાહ્ય ઉપચારોથી (દ્રવ્યથી) આપણે પૂજા કરીએ, કે જેમ દેરાવાસી ભાઇઓ કર્યા કરે છે. જરૂરિયાત તો ફક્ત આ વાતનીજ છે કે, આપણે તીર્થંકરોએ ફરમાવેલ આજ્ઞા મુજબ હમેશાં આચરણ

કરીએ, સ્વાર્થ તરફ લઈ જનારી ઈચ્છાઓ, તેમજ પાપી વિચારોનો ત્યાગ કરીએ, અને પરિગ્રહથી મુક્ત થઈ જઇએ. આ પ્રમાણે કરવાથીજ આપણે મહાવીરના સાચા શિષ્યો કહેવરાવી શકીએ. જૈન ધર્મની માન્યતા છે કે, સદાચાર એજ પરમ ધર્મ છે અને આ સદાચાર મેળવવા માટે પ્રેમ, પવિત્રતા, દયા, આત્મત્યાગ વગેરે લોકોત્તર (દૈવી)ગુણોનો વિરોધ કરવાવાળી માનસિક અને શારીરિક વાતોનો ત્યાગ કરી દેવો જોઈએ. જ્યાં સુધી મનુષ્ય વિષય વાસનાઓમાં લુબ્ધ રહે છે, અને સંસારથી દૂર થતો નથી, ત્યાં સુધી આપણે તેને સાચો શિષ્ય કહી શકીએ નહિ.

તીર્થંકરોના ઉપદેશોનો એજ ઉદ્દેશ છે કે, મનુષ્ય સદ્ગુણ અને પવિત્રતા શીખે, અને મન, વચન, કાયાથી પ્રેમ અને દયામય થઈ જાય, જેથી તેનો આત્મા સંસારથી મુક્ત થઇ જાય. તીર્થંકરો હમેશાં દયા, પવિત્રતા અને સદાચાર-વાળા હતા, એટલું મનમાં સમજીને બેસી રહેવાથી કાંઇ કામ થઈ શકે નહિ, પરંતુ તેમના જેવા સદ્ગુણી થવાની મહેનત કરવી જોઈએ. તેમજ એટલું જાણી લેવું પણ બસ નથી કે, તીર્થંકર ક્ષમાના સાગર અને સંપૂર્ણતાની મૂર્તિ હતા, પણ તેની સાથે એ જાણવું જરૂરી છે કે, હું પણ તીર્થં-કરે બતાવેલી દરેક વાતોને મારાથી બની શકે તેટલી પાળ-વાની મહેનત કરૂં. સાથે સાથે એ પણ જરૂરનું છે કે, હું પણ તીર્થંકર જેવોજ દયાળુ અને સર્વગુણસંપન્ન બનું અને તેઓએ પોતાના જીવનમાં જે જે દૈવી ગુણોનું અનુકરણ કર્યું હતું તે ગુણો હું મેળવું.

## ફક્ત સ્થાનકવાસી સાધુજ મહાવીરના સાચા શિષ્ય છે.

આ રીતે સ્થાનકવાસી સાધુઓનું જીવન પૂર્વે મોક્ષ ગએલ મહાત્માઓના ઉપદેશ અને આદેશોનો એક નાનો પણ જીવતો જાગતો નમુનો છે.

સ્થાનકવાસી સાધુઓ, તીર્થંકરે બતાવેલ ઉંચામાં ઉંચા જૈન સિદ્ધાંતો પ્રમાણે ચાલવાની બની શકતી બધી મહેનત કરે છે, અને પોતાનું આચરણ પણ તે મુજબજ બનાવે છે. જૈન ધર્મ શરીરની સુંદરતાને કે સુખને કાંઈ પણ મહત્વ આપવામાં માનતો નથી, પણ આત્માને સુંદર અને ઉન્નત બનાવવાનું જૈન ધર્મ શીખવે છે; એટલા માટે સ્થા. સાધુઓ પોતાના શરીરની સુંદરતા કે સુખની કાંઈપણ દરકાર નથી કરતા; પરંતુ તેઓ પોતાનું આચરણ પવિત્ર અને નિષ્કલંક રાખવાની પૂરી મહેનત કરે છે, અને લૌકિક પદાર્થો અને મોહથી દૂર રહે છે. હવે કદાચ મહાવીરના સિદ્ધાંતો મુજબ ચાલવામાં, અને તીર્થંકરોની પવિત્રતા તેમજ સદ્ગુણોનું અનુકરણ કરવામાં તેઓ આગળ વધી જાય (દુનિયાની નજરે બહુ આગળ વધી ગયા દેખાય) તો, તેમનું આ કામ યોગ્ય જ છે, કારણકે સદાચારની કોઈ દિવસ અતિશયોક્તિ હોઈ શકતી નથી. જે લોકો સ્થાનકવાસી સાધુઓની આ અતિશયોક્તિને દોષ ઠરાવે છે, તે લોકો એક સાચા ધર્મના ઉદાર આદેશોથી સંપૂર્ણ અજ્ઞાન છે, એમજ કહેવું જોઈએ. પોતાના ચારિત્રને તદ્દન નિષ્કલંક બનાવવું, પોતાના હૃદયને બિલકુલ પવિત્ર રાખવું, બધા જીવો ઉપર દયા અને ક્ષમા

રાખવી, આ પ્રત્યેક મોટા ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે. જે લોકો આ આજ્ઞા મુજબ બરાબર ચાલે છે, તેમને દોષિત ઠરાવવા કે તેમની મશ્કરી કરવી, એ ન્યાયની સર્વથા વિરૂદ્ધ છે. અને જે લોકો તે પ્રમાણે મશ્કરી વગેરે કરે છે, તે ફક્ત પોતાના ઈર્ષાળુ અને શુન્ય-હૃદયનો પરિચય આપે છે.

આ એક બહુજ ખેદની વાત છે કે, દેરાવાસી ભાઇઓ, સ્થા. સાધુઓની પવિત્રતા જોઈને ઈર્ષા કરે છે. જો કે તેનું કારણ એ છે કે, સ્થા. સાધુઓના આચાર-વિચારની બરોબરી દેરાવાસી સાધુઓ કરી શકતા નથી.* અને એટલા માટેજ આ બન્ને સંપ્રદાયમાં કોઈ દિવસ પણ મૈત્રી ભાવ રહ્યો નથી. દેરાવાસીઓએ હમેશાં સ્થાનકવાસીઓ સાથે દુશ્મનાવટ રાખી છે, અને સ્થાનકવાસીઓ શાંત હોવા છતાં પણ તેમને હેરાન કર્યા છે. દેરાવાસીઓએ સ્થાનકવાસીઓને માથે અનેક ખોટાં કલંક ચડાવ્યાં છે, તથા અનેક જાતના જુદા જુદા નામથી સંબોધી તેમને ચિડાવ્યા છે. તેઓએ સ્થાનકવાસીઓની બાબતમાં પોતાની મનમાની વાતો કરી છે, અને તેમને 'ઢુંઢીયા' કહી બદનામ કર્યા છે. તેઓએ સ્થાનકવાસીઓને બદનામ કરવામાં પાછું વાળીને જોયું નથી.

* દેરાવાસી સાધુઓના જીવન ચરિત્રનો નમુનો વાંચવો હોય તો વાંચો "આનંદસાગર મુખ ચપેટિકા" ભાગ ૧-૨-૩, કે જે તેમનાજ સગાભાઈ ખરતર ગચ્છવાળા કમળસૂરિજીએ બહાર પાડેલ છે.

જૈન ધર્મનો સારભૂત સિદ્ધાંત જે અહિંસા છે, તેનું પાલન સ્થા. સાધુઓ બહુજ સાવધાનીથી કરે છે, તે વાતની પણ આ દેરાવાસી ભાઈઓ મશ્કરી કરે છે. પરંતુ તેઓને એટલું ભાન નથી કે, અહિંસા એજ જૈનધર્મનું મુખ્ય અને મૂળતત્ત્વ છે, અને જૈન શાસ્ત્રનું દરેક પૃષ્ઠ તે અહિંસાનોજ ઉપદેશ કરે છે. અહિંસાનો મહાન્ અને કલ્યાણકારી સિદ્ધાંત, આર્યોના દરેક ધર્મોનો પહેલો અને મૂળ સિદ્ધાંત છે. જે લોકો આ અહિંસાના સિદ્ધાંત પર ચાલે છે, તેની મશ્કરી કરવી અને તેમને બદનામ કરવા, એ જૈન-ધર્મના સિદ્ધાંતો પર કુહાડો મારવા જેવું કામ છે. સ્થાનક-વાસીઓનો આ એકજ (ખોટો) દોષ બતાવીને દેરાવાસીઓ અટકયા નથી; પરંતુ પોતાની અને પોતાના સિદ્ધાંતો કે જે જૈનધર્મથી વિરૂદ્ધ છે તેની રક્ષા માટે, તેમણે સ્થા. સાધુઓના પવિત્ર જીવન અને નિષ્કલંક ચારિત્રની એવી એવી ખરાબ અને ખોટી આલોચના કરી છે કે, તેથી ફક્ત સ્થાનકવાસીઓનાજ વિષયમાં નહિ પણ આખા જૈન સમાજને વિષે લોકોમાં ભયંકર ભ્રમ ફેલાય છે. કેટલાંક કારણોને લઇને હું આ વિષયમાં વધારે લખવા ઇચ્છતો નથી. એટલા માટે વધુ ન લખતાં, પાછળ જ્યાં મેં સ્થાનકવાસી અને દેરાવાસીઓની તુલના કરી છે, તે તરફ વાચકોનું ધ્યાન ખેંચું છું. જે પાઠકોએ આ બન્ને સંપ્રદાયના સાધુઓને જોયા હોય, તેમના દરરોજના વ્યવહારને ધ્યાનપૂર્વક જોયેલ હોય, અને તેની પૂરતી તપાસ કરી હોય, તે પાઠક બંધુઓ તો મારા કહેવાની સત્યતાને તરતજ સમજી જશે.

હું માનું છું કે, આ નાના પુસ્તકમાં દેરાવાસીઓએ ઈર્ષા અને ઘૃણાથી જે જે મુશ્કેલીઓ અને સંકટો સ્થાનકવાસીઓ પર વરસાવ્યાં છે, અને સ્થાનકવાસીઓએ શાંતિપૂર્વક સહન કર્યા છે, તેનો હેવાલ ટુંકમાં કહી દીધો છે. સાથે સાથે એ પણ બતાવી ચૂકયો છું કે, સ્થા. સંપ્રદાયની ઉત્પત્તિ કયારે અને કેવી રીતે થઈ. હવે મારા સુજ્ઞ પાઠકોને માટે બે શબ્દ લખીને આ વિષય સમાપ્ત કરીશ.

સ્થા. ધર્મની સત્યતા અને પ્રાચીનતા બાબતનું મેં જે ઉપર વિવેચન કર્યું છે, તે કોઈ પણ જાતના પક્ષપાત વગરજ, અને દરેક બાબતોનો વિચાર કરીનેજ કર્યું છે. આ બાબતમાં મેં જે જે પ્રમાણો આપ્યાં છે, તેમાંથી કદાચ કોઈ પ્રમાણો વાદવિવાદવાળાં હોય, પરંતુ તેથી કરીને મેં જે જે દલીલો, જૈન, બૌદ્ધ અને હિન્દુ શાસ્ત્રોનાં પ્રમાણોથી આપી છે, તે દલીલોને જરા પણ બાધા આવી શકતી નથી. આ વિષયના વિવેચનમાં જે જે વાતોથી મેં પ્રકાશ પાડયો છે, તે બધી વાતોનો અને ઘટનાઓનો મેં પૂરેપૂરો વિચાર કર્યો છે, અને પછીજ મેં મારો મત કાયમ કર્યો છે. સંભવ છે કે, મેં આપેલી દલીલોમાં કોઈ એવી પણ હોય, કે જે બધાને સમાધાનકારક ન લાગે, પરંતુ મને એટલો તો દૃઢ વિશ્વાસ છે કે, આ દલીલો એવી તો જરૂરી છે કે, જેના ઉપર મારા સુજ્ઞ પાઠકોને વિચાર તો કરવોજ પડશે. હવે જો થોડા સમયને માટે આ વિવાદગ્રસ્ત વિષય હું અલગ રાખી દઉં, તો પણ મારા આ મુખ્ય વિષયની સત્યતા સિદ્ધ કરવામાં કોઈ જાતની હરકત આવતી નથી કે, સ્થાનકવાસીજ મહા-

વીરના અસલી અને સાચા અનુયાયી છે, અને દેરાવાસી કે દિગંબર એ બન્ને સંપ્રદાયો નકલીજ છે.

આટલા માટે મારા સુજ્ઞ પાઠકોને મારી નમ્ર વિનતિ છે કે, તેઓ આ પુસ્તકને આદિથી અંત સુધી નિષ્પક્ષપાત પણે વાંચે. મારા વિચારના ટેકામાં મેં જે જે પ્રમાણો આપ્યાં છે, તેની બરાબર તપાસ કરીને તે પ્રમાણોને ન્યાયના ત્રાજવામાં તોળી જુએ, અને પછીજ પોતાની માન્યતા દૃઢ કરે.

સંપૂર્ણ.

સ્થા. જૈન ધર્મની સત્યતા બતાવતું બાબુ સૂર્ય્યભાનુ, જૈન ભાસ્કર, બડી સાદડીવાળાનું નીચેનું કવિત દરેક ભાઇને ઘણુંજ ઉપયોગી થઇ પડશે, એમ ધારી અહિં આપું છું:- —પ્રકાશક.

## ધુન.

હમ શ્રમણ ઉપાસક સાધુ મારગી, સચ્ચે સ્થાનકવાસી હય,
સંપૂર્ણ દયા કે પાલક હય, ઉન ગુરૂ કે અંતેવાસી હય ।।ટેકા।
જો આડંબર કો ધર્મ કહે, ઉનકે હમ પ્રબળ વિરોધી હય,
જિનવર આજ્ઞા પ્રતિપાલક હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો કભી ન હિંસા કરતે હય, હમકો ભી દયા સિખાતે હય,
હમ જહાં મિલેંગે વહાં, 'દયા પાળો' યહ શબ્દ સુનાતે હય;
ઉન ગુરૂ કે અંતેવાસી હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો કભી અસત્ય ન કરતે હય, હમકો ભી સત્ય સિખાતે હય,
હમ જહાં મિલેંગે વહાં, 'સત્ય બોલો' યહ શબ્દ સુનાતે હય;
ઉન ગુરૂ કે અંતે વાસી હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો કભી ન ચોરી કરતે હય, હમકો અચૌર્ય્ય સિખાતે હય;
હમ જહાં મિલેંગે વહાં, 'ન ચોરી કરો' સુશબ્દ સુનાતે હય;
ઉન ગુરૂ કે અંતે વાસી હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો કભી કુશીલ ન રહેતે હય, હમકો ભી શીલ સિખાતે હય,
હમ જહાં મિલેંગે વહાં, 'શીલ પાલો' યહ શબ્દ સુનાતે હય;
ઉન ગુરૂકે અંતેવાસી હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો કભી ન મમતા રખતે હય, હમકો નિર્મોહ સિખાતે હય,
હમ જહાં મિલેંગે વહાં, 'ન મમતા કરો' સુશબ્દ સુનાતે હય;
ઉન ગુરૂ કે અંતે વાસી હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.
જો વીતરાગ કે ધર્મી હય, વે 'સૂર્ય્યભાનુ' કો ભાતે હય,
ઉસકે હી ભક્ત કહાતે હય, હમ સચ્ચે સ્થાનકવાસી હય.

સંપૂર્ણ દયા કે પાલક હય, ઉન ગુરૂ કે અંતેવાસી હય,
હમ શ્રમણ ઉપાસક સાધુ મારગી, સચ્ચે સ્થાનકવાસી હય.

## જૈનશાળાના બાળ-બાળાઓને શિખામણ.

મારા વ્હાલાં બાળ-બાળાઓ ! આ આખુંએ પુસ્તક તમે બરાબર વાંચી ગયાં હશો. એક વખત વાંચ્યું હોય તો ફરી બીજી વખત, ત્રીજી વખત એમ ફરી ફરીને વાંચી જશો. જેમ વધારે વખત વાંચશો તેમ આપણા ધર્મની સત્યતાની તમને વધારે ખાત્રી થશે. આપણો ધર્મ સો ટચનું સોનું છે. જો આપણા ધર્મમાં કહ્યા મુજબ બરાબર વર્તન કરવામાં આવે, તો આપણો ધર્મ એવો શુદ્ધ છે કે, ટુંક વખતમાંજ આપણને મોક્ષ મળી શકે. આપણા ધર્મમાં અહિંસા આદિ તત્વોનું જે વર્ણન છે, અને આપણે અહિંસા જેટલે દરજ્જે પાળીએ છીએ, તેટલે દરજ્જે બીજા કોઇ પણ ધર્મના અનુયાયીઓ પાળતા નથી. માટે આવા શુદ્ધ અને પવિત્ર ધર્મનું દરેક પ્રકારે રક્ષણ કરવું, અને તે ધર્મમાં તન, મન, ધનથી મશગુલ રહી, આ અમુલ્ય મનુષ્યદેહ મળ્યાનું સાર્થક કરવું.

## સૂચના.

## જૈનધર્મની મુખ્ય મુખ્ય આજ્ઞાઓ શી છે, અને તમારે કેવી રીતે વર્તવું જોઇએ, તે ટુંકામાં સમજાવું છું:—

૧. દરેક બાળ-બાળાએ જૈનશાળામાં શિક્ષણ આપતા માસ્તર અગર બેનની સાથે વિનય સહિત વર્તવું. તેઓ જ્યારે મળે ત્યારે વંદન કરવું, અને જૈનશાળામાં કે બહાર બિલકુલ તોફાન ન કરવું.

૨. જૈનશાળામાં બરાબર વખતસર હાજર થઈ, પોતાના પાઠ બરાબર ધ્યાન દઈ વાંચવા, અને જેમ બને તેમ અભ્યાસમાં આગળ વધવું.

૩. દરેક બાળ–બાળાઓએ બની શકે તો દરરોજ જૈન શાળાના વખતમાં સામાયિક કરવી. રોજ ન બની શકે તો જ્યારે બની શકે ત્યારે. તેમ છતાં પણ ન બની શકે તો રવિવારે અને રજાને દિવસે તો જરૂર સામાયિક કરવી.

૪. જૈનશાળાના વખત સિવાય, ૨૪ કલાકમાં ઓછામાં ઓછી એક કલાક બચાવી, દરરોજ એક કલાક સામાયિક દરેકે કરવો જ જોઇએ. સામાયિક દિવસે અગર રાત્રે, ગમે ત્યારે થઈ શકે છે. બરાબર ધ્યાન રાખીને એક શુદ્ધ સામાયિક કરવાથી અનંત ભવના પાપ નાશ પામે છે, એટલુંજ નહિ પણ આપણા હૃદયને–આત્માને પણ અપૂર્વ શાંતિ–સુખનો લાભ મળે છે.

૫. દરેક બાળ–બાળાએ રાત્રે સૂતી વખતે નવકાર મંત્રની એક માળા જરૂર ફેરવવી. શુદ્ધ મનથી નવકાર મંત્ર ગણનાર કોઈ દિવસ દુઃખી રહેતો નથી. નવકાર મંત્ર એ એક એવો અમૂલ્ય પાઠ છે કે, તે પાઠ કરનારના અનેક ભવોના પાપ નાશ પામી જાય છે. માટે દરેકે નવકાર મંત્રની માળા ફેરવી, પોતાના મા–બાપ અને ઘરના દરેક મુરબ્બીઓને વંદન કરી, પછીજ સૂવું.

૬. દરેક બાળ–બાળાએ સવારે વહેલા ઉઠવાની ટેવ રાખવી. બની શકે તો સવારનું પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ ન થઈ શકે તો સામાયિક કરવી. અને જો સામાયિક પણ

ન થઈ શકે તો, નવકારની માળા ફેરવી, મા–બાપ અને મુરબ્બીઓને વંદન કરી, પછીજ બીજા કામોમાં લાગવું.

૭. દરેક બાળ–બાળાએ પોતાના મા–બાપની આજ્ઞામાં બરાબર રહેવું. તેઓ જે પ્રમાણે કહે તે પ્રમાણે વર્તવું, તેમની યોગ્ય આજ્ઞા પાળવી. તેઓ બોલાવે કે તરતજ બીજાં કામ પડતાં મુકી 'જી' શબ્દ કહી તેમની પાસે હાજર થવું. મા–બાપની સેવા કરનાર કોઈ દિવસ દુઃખી થતોજ નથી.

૮. દરેક બાળ–બાળાએ હમેશાં સત્યજ બોલવું. મશ્કરીમાં પણ અસત્ય બોલવું નહિ.

૯. દરેક બાળ–બાળાએ નાની કે મોટી કોઈ પણ જાતની ચોરી કરવી નહિ.

૧૦. દરેક બાળ–બાળાએ બટાટાં, ડુંગળી, લસણ, ગાજર વગેરે કંદમૂળ કોઈ દિવસ પણ ખાવાં નહિ. કંદમૂળ ખાવામાં મહા પાપ છે.

૧૧. દરેક બાળ–બાળાએ રાત્રિ ભોજન કોઈ દિવસ પણ ન કરવું, કારણ કે રાત્રિ ભોજન કરવાથી બહુજ નુકશાન છે. રાત્રે જમતાં ભોજનમાં અનેક પ્રકારની જીવાત પડે છે. તેથી તે જીવોનો નાશ થાય છે, અને આપણી તંદુરસ્તી બગડે છે. વળી આખો દિવસ અને રાત ખા ખા કરવાથી ભોજન પણ પચતું નથી. અને તેથી શરીરમાં અપચો વગેરે અનેક રોગ ઉત્પન્ન થાય છે. માટે રાત્રિ ભોજન સર્વથા ત્યાગી દેવું.

૧૨. દરેક બાળ–બાળાએ સૂર્ય આથમી ગયા બાદ

ચૌવિહારના પચ્ચખાણ અવશ્ય કરવાં. તેથી અનેક લાભ છે.

૧૩. દરેકે પોતાના ઘરની આસપાસ રહેતાં બાળ-બાળાને જૈનશાળામાં આવવા સમજાવવા, અને પોતાની સાથે તેડી લાવવા.

૧૪. એક પાણીના ટીપામાં અસંખ્યાતા જીવો રહેલા છે, એમ જૈન શાસ્ત્રો કહે છે. એટલુંજ નહિ પણ આજનું સાયન્સ પણ તેજ વાત કહે છે. માટે પાણીનો જરા પણ દુરૂપયોગ નહિ કરતાં, ઘીની માફક વાપરવું. ઘી જેમ મોંઘું હોવાથી આપણે તેનો ઉપયોગ જોઈ વિચારીનેજ કરીએ છીએ, તેમજ પાણીનો ઉપયોગ પણ બરાબર જોઇએ તેટલોજ કરવો. ન્હાવા ધોવામાં એક ડોલ પાણી જોઈતું હોય તો એક જ ડોલ વાપરવી.

૧૫. અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવો રહેલા છે. માટે અગ્નિનો પણ જોઈ વિચારીને જ ઉપયોગ કરવો. રાત્રે સૂતી વખતે બને ત્યાં સુધી બત્તી ઠારીને જ સૂવું. જેથી ત્રણ લાભ છે.

૧—અગ્નિકાયના જીવ મરશે નહિ.

૨—આંખોને બત્તીથી જે નુકશાન થાય છે, તે નહિ થતાં આંખો સારી રહેશે.

૩—કરકસરથી ખર્ચમાં પણ ફાયદો થશે, અને આગની બીક પણ નહિ રહે.

૧૬. વનસ્પતિકાયમાં પણ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા જીવો રહેલા છે. માટે જેમ બને તેમ તે જીવોનો

બચાવ કરવો. ખાસ કરીને આઠમ–પાખીને દિવસે તો વનસ્પતિ ખાવી જ નહિ.

૧૭. દરેક બાળ–બાળાએ બને ત્યાં સુધી જંગલ જવાનું છુટામાં કે ખુલ્લા વાડામાં રાખવું. પેશાબ ઉપર પેશાબ ન કરવો. શેડા, બળખા કે લીંટ ઉપર હમેશાં રાખ કે ધૂળ નાખી દેવી, જેથી ચૌદ પ્રકારે જે સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે, તે ન થાય, અને આપણુને પાપ પણ ન લાગે.

## ભણી રહ્યા પછી.

જૈન શાળામાં ભણીને છુટા થયા બાદ નોકરી અગર વેપારમાં જોડાઓ ત્યારે સત્ય અને પ્રમાણિકતાથી જ કામ કરવું. કોઇ પણ જાતની ચોરી, દગોફટકો કે વિશ્વાસઘાત કરવો નહિ, સારો માલ બતાવી બીજો ખરાબ માલ દેવો નહિ, વજનમાં વધારે લેવું કે ઓછું દેવું નહિ. ચોક્કસ ખાત્રી રાખવી કે નીતિ, ન્યાય અને સત્ય ઉપર ચાલનાર કોઈ દિવસ ભૂખ્યો રહેતો જ નથી.

પોતાની શક્તિ અનુસાર દરેકે દાન દેવું, પોતાના ગામની સંસ્થાઓથી જ શરૂ કરવું. પહેલાં પોતાનો સંઘ, જૈનશાળા વગેરે જે જે સ્થાનકવાસી સંસ્થાઓ હોય, તે સંસ્થાઓને પોતાની શક્તિ મુજબ દાન દેવું. જે જૈનશાળામાં ભણી પોતે ધાર્મિક જ્ઞાન લીધું છે, તે જૈન શાળાને દરેક વખતે યાદ રાખી, તેની જરૂરિયાત પૂરી કરવી. પોતાના ગામની સ્થાનકવાસી સંસ્થાઓને દાન આપ્યા પછી, પોતાના પ્રાંતમાં જે જે સ્થાનકવાસી સંસ્થાઓ હોય તેમને દાન દેવું. ત્યાર બાદ હિંદભરની જે જે સંસ્થાઓ હોય, ( બ્યાવર ગુરૂકુળ, પંચકુલા

ગુરૂકુળ ) તેને પણ યથાશક્તિ મદદ કરવી. આ પ્રમાણે પહેલાં પોતાની સ્થાનકવાસી સંસ્થાઓને મદદ કર્યા પછી જ ધર્મશાળા, પાંજરા પોળ, અનાથાશ્રમ વગેરે સંસ્થાઓને જરૂરિયાત મુજબ દાન દેવું.

પોતાના ગામના સંઘ અને જૈનશાળાના કામમાં ખૂબ રસ લેવો, અને આ આપણી સંસ્થાઓની તન, મન અને ધનથી, નિઃસ્વાર્થપણે સેવા કરવી. પોતાના ગામની સંસ્થાઓની સેવા કર્યા પછી, આખા હિંદની કૉન્ફરન્સના કામમાં પણ રસ લઈ, બની શકે તેટલી તેની પણ સેવા કરવી.

આપણા સ્થાનકવાસી સમાજમાં જે જે છાપાંઓ હોય,* તે બધાં મંગાવી ખૂબ રસપૂર્વક વાંચવાં. પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી, સમાજને ઉપયોગી થાય તેવા લેખો લખવા. આપણા ધર્મનું કોઈ અપમાન કરતું હોય, આપણા ધર્મ ઉપર કોઈ આક્ષેપ કરતું હોય, ત્યારે ગુપચુપ બેસી ન રહેતાં શાંતિથી તેનો પ્રતિકાર કરવો, તેવા લખાણનો યોગ્ય જવાબ દેવો.

આપણા સ્થાનકવાસી સમાજનાં જે જે પુસ્તકો, સૂત્રો

---

* આપણા ધર્મમાં અત્યારે નીચે મુજબ છાપાંઓ છે.

૧. " સ્થાનકવાસી જૈન " છાપું અમારા તરફથી દર પંદર દિવસે ગુજરાતીમાં બહાર પડે છે.

૨. આપણી કોન્ફરન્સ તરફથી હિંદી અને ગુજરાતીમાં " જૈન પ્રકાશ " (સાપ્તાહિક)

૩. બ્યાવરથી હિંદીમાં "ઝલક" (પાક્ષિક)

૪. આગ્રાથી હિંદીમાં."જૈન પથ પ્રદર્શક" (સાપ્તાહિક)

૫. બ્યાવરથી હિંદીમાં "જૈન શિક્ષણ સંદેશ" (માસિક)

હોય, તે બરાબર વાંચી જવાં. બની શકે ત્યાં સુધી કોઈની પાસેથી માગી ન લાવતાં, પૈસા ખરચી પોતાની પાસે રાખવાં, જેથી લેખકને ઉત્તેજન મળે, અને પોતાને પણ જ્યારે કાંઈ જોવું હોય ત્યારે જોઇ શકાય.

સ્થાનકવાસી ધર્મનું કોઈ પણ પુસ્તક બહાર પડે ત્યારે પોતાની શક્તિ અનુસાર ૫–૨૫–૫૦ નકલો લેવી. જેથી પુસ્તક બહાર પાડનારને હિમ્મત આવે અને જો પોતાની શક્તિ વધારે હોય, તો સ્થાનકવાસી સમાજના સારા લેખકોને યોગ્ય પગાર આપી સારાં સારાં પુસ્તકો અને સૂત્રો બહાર પાડી, બધા લાભ લઇ શકે તેવી કિંમતથી વેચવાં અને પોતાના સ્વધર્મી ભાઈઓ જે ગરીબ સ્થિતિમાં હોય તેમને મફત આપવાં.

અત્યારનો જમાનો પુસ્તક પ્રચારનો છે. તો પોતાનાથી જેટલો બને તેટલો પુસ્તકોનો પ્રચાર કરવો. બની શકે ત્યાં સુધી ઉપાશ્રયમાં પુસ્તકોની જ પ્રભાવના કરવી. અને જૈન શાળામાં પણ બાળ–બાળાઓને પુસ્તકો જ ઇનામમાં દેવાં. પુસ્તકો મળવાથી તેમના (અને સાથે સાથે તેમના કુટુંબના માણસોના) જ્ઞાનમાં વધારો થશે, અને બાળકોને ધાર્મિક જ્ઞાન આપવાનો જૈનશાળાનો મુખ્ય ઉદ્દેશ પણ પૂરો થશે.

પોતાના સ્વધર્મી–સ્થાનકવાસી ભાઇને પોતાથી બને તેટલી મદદ કર્યા જ કરવી. પોતાની દુકાનમાં બને ત્યાં સુધી પોતાના જ ગણાતા સ્થાનકવાસી ભાઇનેજ નોકરીએ રાખવો. પોતાના સ્થાનકવાસી ભાઈની દુકાનેથી જ દરેક જાતનો માલ લઈ તેમને ઉત્તેજન આપવું, પોતાનો સ્થાનકવાસી ભાઇ કોઈ

દુઃખી દેખાતો હોય, તો તેના તરફ ઉપેક્ષાવૃત્તિ ન રાખતાં તેને યોગ્ય મદદ કરવી. મદદ કરતાં છતાં પણ કોઈ કૃતઘ્ની નીકળે તો તેથી મદદ કરતાં બંધ ન થઈ જવું. કોઇ એવો પણ નીકળે.

પોતાના શુદ્ધ સ્થાનકવાસી ધર્મમાં પોતે દૃઢ રહી, બીજાઓને પણ દૃઢ કરવા, અને બની શકે તો અન્યધર્મીઓને આપણા પવિત્ર સ્થા. જૈન ધર્મની ખૂબીઓ સમજાવી, આપણા ધર્મ તરફ ખેંચવા.

પહેલાં આપણા સ્થા. ધર્મના જે જે ગ્રંથો અને સૂત્રો છે તે બરાબર ધ્યાન પૂર્વક વાંચી જવાં. એક-બે-ચાર-પાંચ વખત એમ ફરી ફરીને વાંચી જવાથી આપણા ધર્મનું આપણને ખૂબ જ્ઞાન પ્રાપ્ત થાય છે, આટલું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ જો જરૂર જણાય તો, આર્ય સમાજ, વૈષ્ણવ વગેરે ધર્મના પુસ્તકો વાંચી અનુભવ જ્ઞાન મેળવવું.

卐

# ઉપયોગી જૈન પુસ્તકો

| | |
|---|---|
| પ્રજ્ઞાપના સૂત્ર ભા. ૧. ૨. ૩. સંપૂર્ણ | ૧૬—૦—૦ |
| ભગવતી સૂત્ર ભા. ૧. ૨. ૩. ૪. | ૩૮—૦—૦ |
| જ્ઞાતા ધર્મ કથા સૂત્ર ભા. ૧. ૨. | ૯—૦—૦ |
| આવશ્યક સૂત્ર (સુરતનું સંસ્કૃત ભા. ૧-૨-૩ ) | ૯—૦—૦ |
| આચારાંગ સૂત્ર ભા. ૧-૨ | ૭—૮—૦ |
| કલ્પસૂત્ર સુખ બોધિકા ( ટીકા ) | ૨—૦—૦ |
| કલ્પસૂત્ર ( ગુજરાતી ) | ૩—૦—૦ |
| સંઘ પટ્ટક | ૩—૦—૦ |
| સૂયગડાંગસૂત્ર ( ભાષાંતર ) ભા. ૧ થી ૫ | ૬—૪—૦ |
| ઉત્તરાધ્યયન સૂત્ર (જામનગર) સટીક ભા. ૧ થી ૬ | ૧૨—૦—૦ |
| ઉપાસક દશાંગ સૂત્ર ( પં. ભગવાનદાસ ) | ૨—૦—૦ |
| „ ( કરાંચી ) | ૨-૧૨—૦ |
| જીવાભિગમ સૂત્ર ( ભાષાંતર ) | ૨—૦—૦ |
| જૈન સિદ્ધાંત પાઠ માળા ( સંસ્કૃત છાયાવાળું ) | ૨—૦—૦ |
| પ્રાચીન ભારત વર્ષ ભા. ૧ થી ૫ | ૨૨—૦—૦ |
| મહાવીર ચરિત્ર મોટું | ૧-૧૨—૦ |
| મહાવીર જીવન વિસ્તાર | ૧—૦—૦ |
| જૈન ફિલોસોફી ( અંગ્રેજી ) | ૦—૧૦—૦ |
| પ્રશ્નોત્તર મોહન માળા ( ઉત્તરાર્ધ ) | ૧—૮—૦ |
| મહાવીર અને શ્રેણિક | ૧—૮—૦ |
| પ્રત્યેક બુદ્ધ ચરિત્ર | ૧—૪—૦ |
| પ્રતિભા સુંદરી | ૧—૪—૦ |
| મલયા સુંદરી | ૧—૪—૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧-૧૨—૦ |
| વિમળનાથ ચરિત્ર | ૧-૧૨—૦ |
| પુંડરિક ચરિત્ર | ૧-૧૨—૦ |

| | |
|---|---|
| રાજકુમારી સુદર્શના | ૨—૦—૦ |
| પુણ્ય પ્રભાવ | ૨—૮—૦ |
| જયાનંદ કેવળી ચરિત્ર | ૩—૦—૦ |
| ચંદ રાજાનું ચરિત્ર | ૧—૮—૦ |
| ચંદ્રકુમાર ચરિત્ર ભા. ૧-૨ | ૨-૧૨—૦ |
| તરંગવતી | ૦—૮—૦ |
| સૂરીશ્વર ને સમ્રાટ | ૩—૮—૦ |
| પ્રભાવક ચરિત્ર | ૨—૮—૦ |
| આદર્શ રામાયણ | ૦—૮—૦ |
| કનકાવતી | ૧—૪—૦ |
| સોળ સતી. | ૧—૪—૦ |
| અર્પણ | ૧—૦—૦ |
| જગત શેઠ | ૧—૦—૦ |
| નરચંદ્ર જૈન જ્યોતિષ | ૨—૪—૦ |
| વિવેક વિલાસ | ૩—૦—૦ |
| રેખાદર્શન | ૧—૪—૦ |
| યોગશાસ્ત્ર ભાષાંતર | ૨—૦—૦ |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | ૨—૮—૦ |
| ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભા. ૧-૨-૩ | ૯—૮—૦ |
| ધર્મબિંદુ | ૧—૪—૦ |
| આધ્યાત્મિક પ્રબંધાવળી | ૦-૧૨—૦ |
| ઉત્તરાધ્યયન સૂત્રની ૮૪ કથાઓ | ૦-૧૨—૦ |
| અધ્યાત્મ ભજન પદ સંગ્રહ | ૧—૮—૦ |
| જવાહર વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧-૨. | ૨—૪—૦ |
| વીસમી સદીનું જૈન પરિવર્તન | ૦-૧૦—૦ |
| તીર્થંકર ચરિત્ર | ૧—૮—૦ |
| જૈન સઝાય માળા ભા. ૧-૨-૩-૪. | ૫—૦—૦ |

**સ્થા. જૈન કાર્યાલય.** પંચભાઈની પોળ : **અમદાવાદ.**

# સ્થાનકવાસી જૈન.

પાક્ષિક પત્રના ત્હમે ગ્રાહક છો? ન હો તો આજેજ બની જજો. કારણ કે અખિલ ભારતના સ્થા. જૈનોનું આ એકજ નિયમિત ગુજરાતી પાક્ષિક પત્ર છે. ચાર ચાર વર્ષ સુધી સમાજમાં નવ ચેતન પ્રસરાવી પાંચમા વર્ષમાં તે પ્રવેશી ચૂક્યું છે. સમાજ અને ધર્મની ઉન્નતિ સાધતાં અનેક વિચારશીલ લેખો, મનનીય સમાચારો, ચર્ચાપત્રો, મુનિ વિહાર, ચાતુર્માસ, પ્રેરણાત્મક વાર્તાઓ, સાહિત્ય સમાલોચના, વિવિધ વર્તમાન આદિ અનેકવિધ સામગ્રીથી ભરપુર નીકળતાં આ પાક્ષિક પત્રનું વાર્ષિક લવાજમ ભેટ પુસ્તકના પોસ્ટેજ સાથે માત્ર રૂા. ૨—૨—૦ છે. આજેજ નીચેના શીરનામે એક પોસ્ટકાર્ડ લખી ગ્રાહક બનો—

## ઉપરાંત

આ કાર્યાલયમાં જૈન ધર્મના પુસ્તકો, જેવાં કે—જૈન આગમો, ચરિત્રો, ગ્રંથો, રાસો, વાર્તાઓના પુસ્તકો, પાઠ્ય પુસ્તકો, છૂટક અને જથ્થાબંધ ફાયદેથી મળી શકે છે. ઑર્ડરના પ્રમાણમાં વ્યાજબી વળતર પણ અપાય છે. આજેજ કામ પાડી ખાત્રી કરો. વધુ માટે સૂચિપત્ર મંગાવો—

**સ્થાનકવાસી જૈન કાર્યાલય**
પંચભાઇની પોળ : **અમદાવાદ.**

# અમારાં છેલ્લાં

| | | |
|---|---|---|
| ૧ | જૈન સિદ્ધાંતની વાર્તાઓ ભા. ૧ લો. | |
| ૨ | ,, ભા. ૨ જો. | ૦- |
| ૩ | જૈન સાહિત્યની કથાઓ ભા. ૧ લો. | ૦—૫—૦ |
| ૪ | ,, ભા. ૨ જો. | ૦—૫—૦ |
| ૫ | જંબુસ્વામી ચરિત્ર. | ૦—૮—૦ |
| ૬ | આદર્શ જૈન રત્નો. | ૦—૮—૦ |
| ૭ | જૈનધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ અને પટ્ટાવલી. | ૨—૦—૦ |
| ૮ | પર્યુષણ પર્વના વ્યાખ્યાનો (વર્ષ ૪ થું) | ૦—૪—૦ |
| ૯ | વીરભાણ ઉદયભાણ ચરિત્ર. | ૦—૧૭—૦ |
| ૧૦ | શ્રીમદ્ રાજચંદ્ર વિચાર નિરીક્ષણ. (આ. ૨ જી) | ૦-૧૦-૦ |
| ૧૧ | લોંકાશાહ મત સમર્થન. | ૦—૮—૦ |
| ૧૨ | દ્રૌપદીની ચર્ચા. | ૦—૪—૦ |
| ૧૩ | જૈનાગમ કથાકોષ. | ૧—૪—૦ |
| ૧૪ | સ્થાનકવાસી જૈન ઇતિહાસ. | ૦—૬—૦ |
| ૧૫ | ભાવના શતક (આ. ત્રીજી) | ૧—૪—૦ |

સ્થા. જૈન કાર્યાલય

પંચભાઇની પોળ—**અમદાવાદ.**

**નોટઃ—** નં. ૧-૨-૩-૪-૭ પુસ્તકો શીલીકમાં નથી.

નવપ્રભાત પ્રિ. પ્રેસ નગરશેઠના વંડા પાસે—અ